# ઉહાપોહ

રાજેન્દ્ર 'સાગર'

**પ્રકાશન**

એમ. એમ. સાહિત્ય પ્રકાશન
મહાવીર માર્ગ, આણંદ.

Uhapoh by Rejendra 'Sagar'
Published by M.M.S. Publication, Anand

પ્રકાશક : એમ. એમ. સાહિત્ય પ્રકાશન
મહાવીર માર્ગ, આણંદ.

(C) લેખકના

બીજી આવૃત્તિ : ૨૦૧૨

કિંમત રૂા. ૧૦૦-૦૦

મુદ્રક :-

એમ. એમ. સાહિત્ય પ્રકાશન
મહાવીર માર્ગ, આણંદ.

# સ્નેહાર્પણ...



મારા દિલની અંદર,
લખેલા શબ્દોને દેહ આપી,
વિહાર કરતી મારી,
કામણગારી કલમ ક્યારેક,
દબાયેલા અવાજે -
વેગ-અતિથિવેગથી-વિદ્રોહ કરી લે છે ત્યારે
ને...અત્યારે પણ **'ઉ-હા-પો-હ-'** જાગે છે.
સમંદરમાં તરતી નૈયાને
કોણ સમતોલ રાખી શકે છે ?
હવે શું ?
આગળ વિચારવાનું મન નથી થાતું -
પણ **'ઉ-હા-પો-હ-'**

પૂજય સ્વ. બાપુજી ડી. એમ. પાટણવાડીયા (નિવૃત્ત મામલતદારશ્રી) તથા પૂજય બા સ્વ. શારદાબેન (નિવૃત્ત - આચાર્યશ્રી) ના પુનિત - પાવન ચરણોમાં નવલકથા અનુભવું છું. ''ઉ - હા - પો - હ'' અર્પણ કરતાં પરત ધન્યતા.

- રાજેન્દ્ર 'સાગર'

# બે બોલ

ત્રણ  વર્ષના ટૂંકા ગાળામાં 'અગ્નિપરીક્ષા' 'ચલ ઉડ જા રે પંછી' 'શૂન્યાવકાશ' પછી - નવલકથાઓની દુનિયામાં ''ઉ-હા-પો-હ' મારું ચોથું કદમ છે વિશાળ વાચક વર્ગ તરફથી મને જે અખૂટ સ્નેહ-સહકાર મળ્યો તે માટે હું ખૂબ ખૂબ આભારી છું.

'ઉ-હા-પો-હ' વિષે મારે ઝાઝું કાંઈ કહેવું નથી. નવલકથા અને તેના પાત્રો આપોઆપ બધુ કહી દશે. 'એમ. એમ. સાહિત્ય પ્રકાશન, આણંદ' ના સહકારથી 'ઉ-હા-પો-હ' ને આપ સર્વ સુધી પહોંચાડી રહ્યો છું તેનો મને આનંદ છે. 'ઉ-હા-પો-હ' નવલના પ્રદર્શન કાર્યમાં સહકાર આપવા બદલ 'એમ. એમ. સાહિત્ય પ્રકાશન, આણંદ' નો હાર્દિક આભાર માની લઉં તો અયોગ્ય નહીં ગણાય.


**રાજેન્દ્ર 'સાગર'**
નાવલી - ૩૮૮ ૩૫૫. તા. જી. આણંદ
ગીતા નિવાસ, રામદેવજી મંદિર પાસે
મો. ૯૪૦૮૪ ૦૬૯૫૬  તા. ૧-૧૧-૧૯૮૬

# (૧)

- તે એક વિચિત્ર આર્ટિસ્ટ હતો.... પોતાની જ ધૂનમાં મસ્ત રહેનાર એક મઝાનો આર્ટિસ્ટ.... એકલો-અટૂલો... આર્ટિસ્ટ... તેનું નામ ઉમંગ જોષી. તેનામાં સદાય તરવરાટ રહેતો... તેની હાલચાલ, વાણી-વર્તન અને વ્યવહારમાં બસ રીસ્તી, મસ્તી અને બેફકરાઈ (બેફિકરાઈ)... ઘડી બે ઘડી પછીની કોઈ ચિંતાની વાત જ નહી. આવતી કાલે શું બનશે ? તે તો રામ જાણે ! ‘આજ કી ઘડી કો જીતની જી શકાય ઉતની મસ્તી સે તૂ જી લે !’ તેના મનનો એક અનોખો જ સિદ્ધાંત હતો.

- ઉમંગે પોતાના ખિસ્સા ફંફોસ્યાં. પેઈન્ટર એક સીધા-સાદા કેન્વાસીયા પેઈન્ટર પાસેથી ૧૦૦ રૂા. કે ૨૦૦ રૂા. ની આશા તો ક્યાંથી રાખી શકાય ? માંડ માંડ ૩૫ થી ૪૦ પૈસા ચાર પાંચિયા અને બે દશિયા નીકળ્યા ! આજના દિ’ની ઉમંગ જોષીની બાકી રહેલી શ્રી જણસે સિલક રૂા. ૦/૪૦ (ચાળીસ પૈસા) હતી... !!

- પોતાની દશા પર ઉમંગ હસ્યો. આવું હાસ્ય તો કુબેર ભગવાનને પણ નહિ આવ્યું હોય ! તે ખડખડાટ જોરથી હસ્યો. આજુબાજુ પસાર થનાર લોકો, લાંબી-લાંબી દાઢીવાળા અને સફેદ લેંઘા ઝભ્ભાવાળો ડ્રેસવાળા આ અર્ધવિચક્ષણ યુવાનને જોઈ રહ્યા. જેને જે કંઈ વિચારવું હોય તે વિચારે.... જે કંઈ કહેવું હોય તે કહે ! મારે શું ? મનોમન વિચારીને ઉમંગ જોષી ‘નવરંગ પાન

હાઉસ' તરફ લથડાતી ચાલો ચાલ્યો.

— નવરંગ પાન હાઉસ...

— ઉમંગનું પ્રિય સ્થળ. પાન કે સંગ પ્રીત ભરી... બંગલા પાનનો તો શોખીન જીવ હતો. સાથેસાથ તમામ મસાલા તો ખરા જ...

— 'એઈ રામુ, એક બંગલા પાન બનાવતે દોસ્ત !' તેણે કહ્યું.

— નવરંગ પાન હાઉસના ગલ્લે બેસનાર છોકરો રામુ થોડોક ખમચાયો. તેણે ઉમંગની સામે જોયું અને બીતાં બીતાં કહ્યું : 'ઉમંગબાબુ ! ગોપાલ શેઠ તમને પાન મસાલા આપવાની ના કહીને ગયો છે.'

'કેમ... એમ?' ઉમંગે પૂછયું.

'તમારા ખાતે રૂા. ૪૦- થી રૂા. ૫૦- બાકી નીકળે છે. તે હિસાબ ચોખ્ખો થયા પછી જ આગળની વાત!'

'ભલે !' કહી તેણે પેન્ટના ખીસ્સામાં હાથ નાખી આગળ ચાલવા માંડ્યું - પોતાની અણદીઠી મંઝીલ તરફ.

'મમ્મી, આ ઉમંગીયો... એક રૂપિયાનો હિસાબ નથી આપતો' કહી મોટીબેન ઉર્વશીએ ઉમંગની વિરૂધ્ધ ફરીયાદ કરી...

મમ્મીએ કહ્યું : કેમ અલ્યા ?.... સવારે એક રૂપિયો આપ્યો હતો તેને કયાં વાપરી આવ્યો ?'

'મમ્મી રૂપિયો નથી વાપર્યો' તેણે સ્વબચાવ કર્યો.

'તો પછી સીધો સીધો હિસાબ આપ ! ગપ્પાં નહી ચાલે આઠથી દશ વર્ષની મોટીબેન ઉર્વશીએ કહ્યું : મોટીબેનથી ત્રણ ચાર વર્ષ



નાના ઉમંગ બોલી ઉઠ્યો : 'હવે બેસને ચિબાવલી તારી જોડે વાત કોણ કરે છે.'

'પછી મમ્મી એક રૂપિયામાંથી ૨૦ પૈસાનો દાળમસાલો પચાસ પૈસાનું દહી, પંદર પૈસાનું પોસ્ટકાર્ડ... અને....અને... બીજું કહેતાં કહેતાં ઉમંગે લોચા વાળવા માંડ્યા ત્યારે.

'મમ્મી.... મમ્મી... જો ઉમંગીયો પંદર પૈસા વાપરી - ખાઈ ગયો ! પપ્પા આવશે એટલે કહી દઈશ !'

'કેમ'લ્યા પંદર પૈસા કયાં મેલી આવ્યો ?' ... મમ્મી ઉવાચ.

'મમ્મી વાત એમ છે કે પંદર પૈસાની 'રાવળગાંવ' બે ચોકલેટ લાવેલો.... પણ રસ્તામાં પડી થઈ.

'હવે જા.... રે ! જુઠ્ઠો છે.... ચોકલેટ રસ્તામાં પડી ગઈ કે પછી પેટમાં ઓગળી ગઈ ! મમ્મી... મમ્મી મનેય ચોકલેટ ... મનેય પંદર પૈસા...' ઉર્વશીએ હઠ લીધી... ત્યારે 'મારા રોયાં જંપતા નથી. અને જંપવા દેતાય નથી.... જાઓ નીકળો અહીંથી બહાર !' મમ્મી ઉકળી ઉઠી.

- ઉમંગનો આ જાતનો હિસાબકિતાબ 'દેશી નામાપદ્ધતિથી પણ ચઢિયાતો હતો - કાયમ માટે ખોટ.. ખોટ ને ખોટ...

- વીતેલી કેટલીક વાતો યાદ કરતો ચિત્રકાર ઉમંગ પોતે કઈ દિશા તરફ, કોના તરફ, શા માટે જઈ રહ્યો છે ? તે હકીકતનું તેને પોતાને ભાન ન હતું.

- ચાલતો ચાલતો તે છેક નદીકિનારે, રેલ્વે પુલની નીચે આવી ઊભો ત્યારે તેને પોતાને ખબર પડી કે પોતે નદિકિનારે

પોતાના પ્રિય સ્થળે... 'નવરંગ પાન હાઉસ'થી લગભગ બે થી ત્રણ કિલોમીટર દૂર પ્રકૃતિની ગોદમાં આવીને ઊભો છે....!'

- નદી, પર્વત, પાણી, પવન, વાદળ, વરસાદ, વીજળી વગેરે પ્રકૃતિએ સર્જન કરેલા અવનવા રૂપો કેટલા સ્વતંત્ર છે ? કેટલી મસ્તીમાં છે તે બધા જીવો રહ્યા છે ? કોઈની પણ કોઈ જાતની રોકટોક વગર....

- વહેતી નદીના કિનારે સમી સાંજના ટાણે ફરવા આવનારાઓ ઘણા બધા હતા. ઉમંગે આ બધાની સંખ્યામાં વધારો કર્યો. પ્રભુએ પેદા કરેલી માયાને-મોહની માયાને તે ટીકી ટીકને જોઈ રહ્યો. આમેય એક પ્રકૃતિપ્રિય પુષ્પ હતો.

- પ્રકૃતિને યાદ કરતાં જ તે પાગલ બની જતો. પ્રકૃતિ તો તેને પ્રાણથીય સવિશેષ પ્યારી હતી; વ્હાલી હતી; દુલારી હતી. પ્રકૃતિ સાથે ન તેનો ગાઢ સંબંધ બાંધ્યો હતો ઘણી વખત ગાઢ કે પ્રગાઢ સંબંધો જેમ કોઈ રાજાના લોખંડી મજબૂત હાથ દ્વારા વીંઝાયેલી પાણીદાર તલવારથાી સામે પક્ષે લડનારા યોદ્ધાનું મસ્તક ઘડથી જુદું પડી જાય તેટલી જ સાહજીકતાથી આવા સંબંધો એકી ઝાટકે તૂટી જતા હોય છે.

- પ્રકૃતિની ગોદ હૂંફાળી છે શાંતિ અને સંતોષ આપનારી છે... ઉમંગ પ્રકૃતિની, કુદરતની ગોદમાં હસતો ખેલતો હતો, પ્રકૃતિની લીલાને મંત્રમુગ્ધ બનીને, કોઈ નાનકડું બાળ પોતાની બાની ગોદમાં લઈને તેની છાતીઓનો સીનો, પયોધરો મધ્યેથી ચસ ચસ કરીને દૂધ પીએ તે જ રીતના ભાવો હેઠળ દબાયેલ ઉમંગ તથા બીજા બધી પ્રકૃતિપ્રેમીઓ પ્રકૃતિની અવનવી લીલાનું પયપાન કરતા



હતા. ઉમંગ અ રીતે એક બાજુ.... પ્રકૃતિની ગોદમાં હસતો હતો, ખેલતો હતો. પ્રકૃતિની હૂંફાળી ગોદમાં લપાયો હતો. છુપાતો હતો....!

પ્રકૃતિ પ્રેમી પુરુષ હકીકતમાં પ્રકૃતિથી દૂર દૂર ફેંકાઈ ગયો હતો ફંગોળાઈ ગયો હતો.

પ્રકૃતિ સોની...!

પ્રકૃતિ સોની...! એ જ ઉમંગ જોષીનું પ્રિયપાત્ર... ઉમંગની હૃદયેશ્વરી પ્રકૃતિ એજ ઉમંગની હયાતિનું પ્રમાણભૂત સાધન હતી. પ્રકૃતિના દરેક જાતના હલનચલન, હાવભાવ અને ઉમંગનો ભાવ પ્રતિભાવ, ઉમંગની હૈયાની વાત અને વાતને આવરણ મળી જતાં પ્રકૃતિએ સ્નેહનું પ્રેમનું વાતાવરણ રૂપી દીધું. ઉમંગ પ્રકૃતિપ્રેમી બન્યો અને ઉમંગના સહચારથી પ્રકૃતિમાં ઉમંગ-ઉલ્લાસ અને પ્રફુલ્લતાનું વાતાવરણ સર્જાયું.

- ઉમંગે પોતાની જીંદગીને અવનવા રૂપમાં નિહાળી હતી.

- ક્યારેક જીંદગી હસતી હોય તેમ લાગતું, તો કોઈક વખત પોતાની જીંદગીને ડૂસકાં ભરતી સાંભળી અને ઘણી વખત ઉદાસ જીંદગી, એકલવાયી જીંદગી અને આ બધા ઘણાં પ્રકારના રૂપોનું પ્રદર્શન કરાવતી જિંદગી.

- પ્રકૃતિની યાદ ઉમંગને સતાવતી રહી અને તે વિહવળ બન્યો.

- યાદો ભૂતકાળના અડધાપડધા પણ માણસને ખૂબ ખૂબ ઘાતકી રીતે પજવતા રહે છે, સતાવતા રહે છે.

- તેને પ્રકૃતિ પજવથી હતી. પ્રકૃતિને તેણે ક્યારેય પજવી ન હતી. પ્રકૃતિને પજવવાનું કે તેની સાથે અડપલા કરવાનું તેના બાળપણથી જ સ્વભાવમાં ન હતું. જયારે પ્રકૃતિ તો નટખટ વૃત્તિ ધરાવતી, અવનવા અડપલાં, તોફાન કરીને બીજાને પજવી, પજવી ત્રાહિમામ્, ત્રાહિમામ્ પોકારી દેવડાવી, બીજાની આંખમાં પાણી છલકાવી દેવામાં પ્રકૃતિને ખૂબ ખૂબ મઝા પડતી હતી; આનંદ થતો હતો.

- બાળ મિશ્રશાળા બ્રાન્ચ નં. ૧ માં સાથે હરતાફરતા તોફાન, ધીંગામસ્તી અને રખડતા નાનકડા બાળસહાધ્યાયીઓમાં પ્રકૃતિ બિલકુલ સાવ જુદી જ તરી આવતી હતી. ધોરણ-૩ માં બબિલિકુલ શાંત રીતે બેસીને અભ્યાસમાં તલ્લીન બની ગયેલા ઉમંગને જયારે પ્રકૃતિએ ઝીણી ચૂંટી ખણી ત્યારે -

- 'ઓ બાપરે ! ' ઉમંગથી જાણેઅજાણે ચીસ પડાઈ ગઈ અને વર્ગશિક્ષણ કાર્યમાં મશગુલ એવા આધેડ વયની ઉંમરવાળા કમળાબેને 'કેમ' લ્યા

- તે ચીસ પાડી ઊઠ્યો.

- ઉમંગે પોતે સાથી, ક્યા કારણસર ચીસ પાડી તે વાતનો કશો જ ખુલાસો કર્યો નહી અને ચૂપચાપ બહેનની આજ્ઞા શિરે ચઢાવી તે દિવસનો ૧/૨ (અડધો) ભાગ ઉભા રહી રહીને થાક્યો. આ વાતથી પ્રકૃતિને ખૂબ ખૂબ મઝા પડી - પ્રકૃતિ ઉમંગની સહનશક્તિની મર્યાદા માપવા માગતી ન હોય ! તેની પરીક્ષા કરવા માગતી ન હોય ? જયારે ઉમંગ પોતાનામાં રહેલ અખૂટ-અમાપ એવી સહનશક્તિની મર્યાદાનો થોડો વિસ્તાર વધાર્યે જ જતો હતો.



- દિવસના અર્ધ ઉપરાંતના ભાગના સમય કરતાં પણ વધારે સમયથી ઊભા રહીને કંટાળેલા ઉમંગે જયારે શાળાએથી છૂટીને ઘરે જવા નીકળ્યો ત્યારે પ્રકૃતિએ 'એય ઉમંગીયા, આજે મઝા પડી ને ? ધ્રુવકુમારની જેમ તપ કરતાં આવડયું ખરૂં !' કહી પ્રકૃતિએ તેને ચીડાવ્યો ત્યરે કોઈપણ પ્રકારનો જવાબ આપ્યા વગર ઉમંગ પોતાના ઘર તરફ જવા રવાના થયો.

❖

- નદીકિનારે ઉભેલો ઉમંગ...

- પશ્ચિમ દિશામાં ઢળતો જતો રવિ... રવિમહારાજના રકત કિરણોથી રંગાયેલી સરિતા અને ઠંદ, માદક લહેરખી વહેરતો સમીર તથા નદીકિનારે ફરવા આવનારાઓની આછીપાતળી અવરજવરમાં ઉમંગ ઓગળી જતો હતો. તે ખોવાઈ જવા માગતો હતો.

- કયાં સુધી આ બધું ? ક્યારે પૂરી થશે આ ઘટમાળ ? શું આનો કોઈ જ અંત નથી ? છેડો નથી, કિનારો નથી ?

- ભૂતકાળની કેટલીક વાતોને વાગોળતો. યાદ કરતો, મમળાવતો પોતાના ચહેરા પરનો વિસાદ છૂપાવવા મથામણ કરતો તે પોતાના ઘર તરફ વળ્યો ત્યારે.... સંધ્યા રાણીના સાત સ્વરૂપમાં શણગાર સજીને પ્રકૃતિ ખિલખિલાટ હસતી હતી. તે ઢીલો બનાવતી હતી. દુનિયાને દુનિયાના તમામ જીવોને આજની 'ગુડબાય' કહેતી હતી.

- ધીરગંભીર ખિન્ન બનેલો ઉમંગ સમય થતાં ઘર તરફ વળ્યો.

- એક નાનકડી ૧૦' X ૧૦' ની ઓરડી અને ઓરડીમાં એક પલંગ, પ્રાયમસ, ગાદલું, તકિયો, બે તપેલી, થાળી, વાડકી, સાણસી, ચીપિયો અને ડોલ, કપડાં (બેચાર) જોડ તથા પેઈન્ટીંગનો સરસામાન આ ઉમંગની દુનિયા હતી. તેનું ઘર હતું એક ૧૦' X ૧૦' ફૂટિયા રૂમમાં રાત પડે ત્યારે આશરો લેવા આવવું અને દિ' ઉગતાની સાથે દૈનિક ક્રિયાક્રમ તપાવીને ફરી પાછું પ્રકૃતિની ગોદમાં ફરવા નીકળી પડવું ! પ્રકૃતિ સાથે મન ભરી-ભરીને મસ્તી-મોજ-મઝા કરી લેવી અને પ્રકૃતિના તમામે તમામ રૂપો ઘૂટડે ઘૂટડા કરીને ઉતારી દઈ સાંજે તપેલી ઉમાએ તૈયાર કરી રાખેલ ટીકીનનું ખાવાનું ખાઈ લઈ ફરી પાછું ૧૦' X ૧૦' વાળી રૂમમાં ટયુબલાઈટનું અજવાળું દૂધિયું અજવાળું પાથરી લઈ મોડી રાત સુધી હાથમાં રંગવાળી પીછી લઈ પેઈન્ટીંગ કર્યા કરવું ! એ જ તેનો નિત્યક્રમ હતો, દૈનિક કાર્યક્રમ હતો આ બધી પ્રકૃતિઓથી જ્યારે થાક લાગતો ત્યારે તે પોતે ક્યારે નિદ્રાંધીન થઈ જતો તેનો એને પોતાને ખ્યાલ રહેતો નહીં.

- બેદરકારી, બેપરવાવાળી જિંદગી તેને હવે કોઠે પડી ગઈ હતી.

- પ્રકૃતિ તો નચિંત બનીને પોતાનો સમય થતાં આકાશમાં ગાઢ અંધકામર રેલાવીને અને લબૂકઝબૂક ઝબકારા લેતા સિતારાઓની ચાદર બિછાવી તેનું રખવાળું 'ચાંદલિયા' ને સોંપીને પોતાના ઘર ભેગી થઈ જતી ત્યારે તે વખતે પ્રકૃતિના કામના હવાલો (ચાર્જ) ઉમા સંભાળી લેતી.

- ઉમા એટલે પાર્વતી; પાર્વતીનું બીજું સ્વરૂપ એટલે ઉમા.



ઉમા એટલે નવસ્વીત્તી જોગ, ઉમા એટલે શક્તિનો સ્ત્રોત અને સહનશક્તિની મૂર્તિ.

- જ્યારથી એટલે કે લગભગ પાંચ વર્ષ કરતાં પણ વધારે સમયથી ઉમંગ આ ફળીયામાં 'સુથારવાડા' માં રહેવા આવ્યો છે ત્યારથી જ ઉમા જાણેઅજાણે ઉમંગનો ખ્યાલ રાખતી થાઈ ગઈ હતી.

- એક બાજુ પ્રકૃતિની ગોદમાં રખડતો, હરતોફરતો બેપરવા પોતાની જિંદગી પ્રત્યે પણ ગમો-અણગમો રાખીને જીવતો ઉમંગ એક બેદરકાર પુરુષની પ્રત્યે હૈયામાં આટલી બધી લાગણી રાખીને તેની દરકાર રાખવાનું તેમજ તેની હરએક પ્રકારની ચિંતાઓ કર્યા કરવાનું ઉમએ પોતે કયા કારણોસર, ક્યા ભાવથી કબુલ મંજુર રાખ્યું હતું ? તેની પોતાને ખબર ન હતી. માનવી માત્રનો સ્વભાવ જ એવો વિચિત્ર છે કે જાણે અજાણે પોતાની વાતનો ઠીક પણ પારકાની પરેશાની, ચિંતા, દુઃખ, દર્દ પારકાની પીડ વહોરી લઈ પછી રોદડા રોવામાંથી ઊંચો નથી આવતો....

- પોતાની જિંદગી પ્રત્યે બેદરકાર બની ગયેલ પુરૂષની પોતાને કોઈ સંબંધ ન હોવા છતાં, પોતાના હૈયાના ખૂણામાં સાચવી જતનપૂર્વક લાગણીઓને પાર્વતીએ (ઉમાએ) આજ દિન સુધી શાબ્દિક સ્વરૂપ અપ્યું નહોતું.

- વિષ્ણુભાઈ મિસ્ત્રી ! મિસ્ત્રી એટલે પૃથ્વી પરનો વિશ્વકર્મા. વિષ્ણુ એટલે પ્રભુ અને પ્રભુ એટલે ઈશ્વર. ઈશ્વર એ જ પૃથ્વીનો કર્તાહર્તા છે. 'ત્વમેય માતા જ પિતા ત્વમેય, ત્વમેવ બન્ધુ સખા ત્વમેવ । ત્વમેવ વિદ્યા દ્રવિણમ્ ત્વમેવ ત્વમેવ સર્વમ્ મર્મ દેવોદેવાં

વીષ્ણુ ભગવાન જગતના વિશ્વમાં છે જ્યારે વિષ્ણુભાઈ મિસ્ત્રી એટલે ઉમાના પિતા પોતે સુથારી કામમાં ખૂબ જ પાવરધા, લાકડાને અવનવા રૂપો આપીને તેને કંડારવાનું કામ વિષ્ણુભાઈ કરતા. 'સુથારવાડ' નું મોખરાનું ઘર તેમનું ઘર હતું. તેમના ઘરમાં પોતે, પત્ની લક્ષ્મી, પુત્રી ઉમા, મોટો પુત્ર મન અને પોતે ઘરસંસાર સુખી સંતોષી અને 'જાત મહેનત જિંદાબાદ'ના સૂત્રથી ચાલતો હતો. વિષ્ણુભાઈએ પોતાનો મોટો દીકરો ઝાઝું ભણ્યો નહિ; એટલે વારસામાં પોતાનો ધંધો સોંપી દીધો. મોટા દીકરાને પરણાવ્યો અને રૂપાળી વહુ લાવી દીધી એટલે મનુની મા-લક્ષ્મી ખુશખુશ મનુની વહુનું નામ મંજુલા. મંજુલાના માબાપ સાધનસમ્પન્ન હતા, જેથી મંજુલાના મગજનો પારો ખૂબ ખૂબ ઊંચો રહેતો હતો છતાં પણ દરિયાવ દિલ રખીને સાસુ-સસરા (મનુભાઈ અને લક્ષ્મીબેન) હસતું મોઢું રાખીને ધોલ ખાધા છતાંય ગાલ ગુલાબી રાખતા હતા. મનુભાઈ મિસ્ત્રીએ પોતાની દીકરી ઉમાને પારકે ઘેર પરણાવીને તેને ઘેર વિદાય કરીને મોટું ગામોતરું કરી લીધું. પણ તેમને કયાં ખબર હતી કે ઉમાનો વર ચીમન હાળમુખી જમાઈ વિવાહ કર્યાના સાથે જ મહિને ઉમાને, પોતાની ગાય જેવી દીકરીને 'રાંડ કામાળજા, છાપરવાળી!' કહીને લાત મારીને તેના બાપના ઘેર મોકલી દેશે.

- વિષ્ણુભાઈ સુથાર ભગવાનને ઘેર પહોંચી ગયો એટલે લક્ષ્મી બાકી રહી. ઉમાની વિધવા બા તેમજ બાકી રહ્યા ભાઈ-ભાભી. ભાઈ બચ્ચરવાળ હતા નહી એટલે એ પુરતી શાંતિ હતી. ભાઈ ભાભી અને માની જોડે રહી. સુખદુઃખે રહીને પિયરમાં દા'ડા કાઢવાનું ઉમાના લલાટે લખાયું હશે તે ક્યાંથી મટે ? - મોટાભાઈ મનુભાઈનો



સ્વભાવ મનુ ભગવાન જેવો હતો, જ્યારે મંજુલાનો સ્વભાવ સાવ વિચિત્ર. એ સ્ત્રીનું કોઈ ફળીયામાં પણ ભાગ્યે જ નામ લેતું.

- ફળીયામાં તેમ જે જે મને ખાવાં અંગેની તકલીફ હોય તેવા આજુબાજુના ફળીયાવાળા નોકરીયાતોને ઘેર ટીફીન મોકલી આપવાનું કામ એટલે કે ઘેર લોજ ચલાવવાનું કામ હવેથી ઉમાની બા લક્ષ્મીએ ઉપાડી લીધું હતું. મા-દીકરી 'ઘરની લોજ' ચલાવવામાં પોતાનો બધો સમય કાઢતા. કયારેક નણંદ-ભોજાઈ પણ આ કામ કરતાં. સમાન્ય રીતે ઘરનું કામ, બીજો વહીવટ તો ઉમાની ભાભી મંજુલા કરતી અને ધંધાનું તેમ જ બહારનું કામકાજ મનુભાઈ સંભાળતા... ! આ રીતે તેમની જીંદગી ગુજરતી હતી.

- ઉમા પણ 'ટીફીનીયા લોજ' નો કાયમી મેમ્બર હતો. એટલે કાયમ માટે ઉમંગનું ટીફીન લાવવા લઈ જવાનું કામકાજ તેમના ઘરની સામે રહેતા મનુભાઈ મિસ્ત્રીની બે'ન ઉમા કરતી.

- આજે નદીકિનારાની રખડપટ્ટીમાં ખૂબ ખૂબ મોડું થઈ ગયું હતું. ઉમંગ ઘેર આવીને જોયું તો ટીફીન આવી ગયું હતું. ખૂબ ભૂખ લાગી હતી એટલે ભાખરી, શામ, અથાણું અને દૂધનું જમવાનું તપાવીને ટીફીનનો સરસામાન થાળી-વાડકો સાફ કરી. ઘસીમાંજીને જયારે ઉમંગ ૧૦' x ૧૦' રૂમ બહાર આવ્યો ત્યારે રાત્રીના ૧૦ વાગ્યા હતા તે વખતે સામેની બારીએથી 'હવે ઉમંગભાઈએ જમી લીધું.' એવો નિશ્ચિંત ભાવ સાથેની ખાત્રી કરીને ઉમાએ બારી બંધ કરી. ઉમંગ જમી રહે અને બહાર આવી વાસણ ઘસી-માંજીને ઘરમાં જાય તે બાબતની પૂરેપૂરી ખાત્રી કર્યા પછી જ પાર્વતીને ઉંઘ આવતી. આવું શાથી ? આ વિચિત્ર રોગ કયા કારણથી પોતાને ક્યારે કઈ

રીતે લાગુ પડયો ? તેની સાચી હકીકતની ખબર ખૂદ પાર્વતીને પડતી ન હતી એ તો બધું એમ જ ચાલ્યા કરે !..... !

એક બાજુ, બેદરકાર, બિન્દાશ, બેપરવા પુરુષ ઉમંગ !

- બીજી બાજુ, પડદા પાછળ રહી રહીને ઉમંગની દેખભાળ કર્યા કરનાર ઉમા ! (પાર્વતી મા) અન્નપૂર્ણા જ્યારે બીજી બાજુ પ્રકૃતિઓની મંગળા પ્રકૃતિ અને ધીરગંભીર અભાવમા સમજુ એવી પાર્વતી વચ્ચે જાણેઅજાણે પણ સરખામણી કર્યા વગર ઉમંગ રહી શકતો નહિં ! પારકા ગામમાં - પારકા પ્રદેશમાં ઝાઝી લપ્પન - છપ્પન કરવી સરી નહિ. એવું મનમાં વિચારી ઉમંગ વળી પાછો પોતાનામાં ખોવાઈ જતો. પોતાની દૈનિક પ્રવૃત્તિઓમાં ગળાડૂબ રીતે પરોવાઈ જતો; તલ્લીન બની જતો.

- પ્રકૃતિ અને પાર્વતી.... પાર્વતી અને પ્રકૃતિ ! એ બેમાં કેટલો બધો આસમાન જમીનનો ફરક છે એકના રૂપ, રંગ, ગુણ, ધર્મ જૂદુ તો બીજીનું રૂપ, રંગ અને ગુણો કોઈ ઓર જ છે. પ્રકૃતિ બિલકુલ ચિંતા વગરની છે પ્રકૃતિ પારકી પીડા જાણતી નથી; સમજતી જથી તેવી એક લાગણીશૂન્ય છે- લાગણીશૂન્ય તો ન કહી શકાય, પણ મર્યાદિત લાગણી ધરાવતી સ્ત્રી એટલે પ્રકૃતિ જ્યારે પારકાની પીડામાં, પારકાની લાગણીમાં તન, મન, ધન સદાય ન્યોછાવર કરવા ઈચ્છતી પાર્વતી એ પણ સ્ત્રીનો આર્યનારીનો એક અવતાર જ છે ને !

- પ્રકૃતિ અને પાર્વતીની સરખામણી કરતાં કરતાં થાક્યો એટલે લાઈટ ઓફ કરી પેઈન્ટર ઉમંગ ક્યારે નિદ્રાધીન થયો, તેની તેને ખબર પડી નહીં.



# (૨)

પ્રકૃતિ સોની !

પ્રમોદરાય હરજીવનદાસ મહાજનની એકની એક દીકરી... પ્રકૃતિનું પિયર એટલે કે બાપનું ઘર જાણે મોટી મોટી રજવાડાની હવેલી ! રાજપીપળા શહેરના ઠાકોરના ખજાનચી અને ઉત્તોત્તમ કારીગર તરીકે પ્રમોદરાયના બાપદાદાઓની ગણના થતી. રણમલસિંહ... ઠાકોર... એટલે કે રાજનગરના ઠાકોર. રાજનગરના રાજા રાજપીપળા પશાણી બાપુ એટલે દરિયાદિલ માણસ ભગવનનો અંશ તેનામાં હતો. પ્રમોદરાયના ચોથી પેઢીના વડવાઓ પૈકી એક ટેકચંદ મહાજન પણ અજબ ટેકીલા મહાજન હતા. રણમલસિંહ ઠાકોરના માનીતા હોશિયાર, કાબેલ અને વફાદાર કારીગર હતા. દરબારીઓ તેમની ખૂબ ખૂબ ઈર્ષા કરતા ! આ ટેકચંદે પોતાની બધી જ કુશળતા. કારીગરી અને તન-મન-ધનથી અથાગ મહેનત કરીને રણમલસિંહ ઠાકોરને નવલખો અમુલ્ય હાર દીવાળીના તહેવારોમાં ભેટ આપ્યો ત્યારે ટેકચંદની હોંશિયારી, વફાદારી અને કારીગરીને ઠાકોર ખૂબ ખૂબ વખાણી અને કહ્યું :

'વાહ, ટેકચંદ ! તમે ખરેખર કમાલ કરી નાંખી હોં ! તમે ઈન્દ્ર દરબારના કુબેરના ખજાનામાંથી આ નવલખો હાર ચોરી નથી લાવ્યા કે ? '

'ના...બાપુ...હો...આ નવલખા હાર પાછળ મેં આખું વરહ

દા'ડો-દિ' ખૂબ ખૂબ મહેનત કરી છે. બાપુ, આ તો તમારે માટે ખૂબ ખૂબ મહેનત કરીને બનાવ્યો છે, હોં !

- ટેકચંદે કહ્યું : 'અમે તમારી અથાગ મહેનતની જીગરજાનથી કદર કરીએ છીએ. બોલો, આજે અમો ખૂબ ખુશ છીએ ! માગો, જે માગવું હોય તે ! ' ઠાકોરે કહ્યું.

- 'બાપુ, તમોએ આટલું કહ્યું એટલે બસ ! તમે છો એટલે બધું છે... હોં.. મારે બીજું કઈ ન ખપે.'

'ના મહારાજ, આવા વેણ કાઢીને તમો અમોને માઠું લગાડી રહ્યા છો અમારી ભાવનાને ઠેસ પહોંચાડી રહ્યા છો તમે આ ટાણે કાંય નહિ માગો તો અમારા મનખાને ભારે ઠેસ પહોંચાડશે !' મહાજન અમોને તમ હાથે વિષ (ઝેર) કાં આપો ?

'ના, ખમ્મા મારા બાપુને ! મારા ઠાકોરની ઉંમર રાત દિ' વધ્યા કરે !

'તો પછી કાંક માગો ! અમારી ઈચ્છા પૂરો કરી !'

'ઠાકોર રણમલસિંહ પોતાની જીદે ચડ્યા એટલે ગરીબ ગાય જેવા રાંક મહાજન (સોની)નું શુ ચાલે ?

'બાપુ, તમારે જે કાંઈ આપવું હોય તે મને આપો ! હું મરા મોઢેથી કાંઈ નહીં માંગું. બાપુ, મને એવી ચીજ આપજો કે જેનો ભાર (બોજો) મારાથી વેઢારી શકાય, ઉઠાવી શકાય.. નહીં તો બાપુ આ ગરીબ મહાજન (સોની) તમ વરદાનથી મળેલા અનન્ય બોજાનો ભાર નહીં ઉઠાવી શકે એટલે મફતનો મરી જશે, હોં !' ટેકચંદ મહાજન કરગરી પડ્યો.

- ત્યારે બાપુ-રણમલસિંહ ઠાકોર ખડખડાટ હસી પડ્યા અને



બોલ્યા : 'મહાજન, પેલી બીજા નંબરની આખરી રાજહવેલી અને તેની સાથેસાથ લાલ ઘોડી 'હેતલ' આજથી તમને સોંપી દીધી ! તમ તમારે બન્નેને સચાવી રાખો. બંન્નેનું ભારે જતન કરજો હોં. એ બન્નેય ચીજ-વસ્તુઓ મારા હૈયાના ટૂકડા છે; મારું સર્વસ્વ છે, હોં...' કહી

- તે દિ'થી રાજનગરની હવેલી 'મહાજનની હવેલી' અને તે પોળ 'હવેલીપોળ' તરીકે ઓળખાવા લાગી. નાનામાં નાનું છોકરું 'મહાજનની હવેલી' અને 'હવેલીવાળી પોળ' જાણે, ઓળખે, પહેચાને....!

- પછીનું સ્વરાજ આવ્યું. પૂજ્ય ગાંધીબાપુએ અંગ્રેજોને 'ભારત છોડો !' ચોખ્ખે ચોખ્ખું સંભળાવી દીધું અને ભલભલા રાજાઓના રજવાડા, ઠાકોરની ઠકરાનો અને બાદશાહ નવાબોના 'તખ્તે તાજ' ધૂળમાં મળી ગયા, રાજ્યોનું વિલીનીકરણ થયું. ભારતભૂમિએ પોતાનું એક અનોખું અગવુ અસ્તિત્વ ધારણ કર્યું. ભારત 'મૈયા' બધાની માતા બની અને 'વંદેમાતરમ્' ની સાથે એક નવા યુગનો, સ્વાતંત્ર્ય યુગનો આરંભ થયો, ઉદય થયો પણ 'સાપ ગયા ને લીસોટા રહ્યા!' જેવી વાત પ્રમાણે ઠાકોરો પોતાના વતનમાં ભોગવેલ સુખ-સાહ્યબી અને એશઆરામી ભૂલી શક્યા નહીં. સરકારે સાલિયાણું બાંધી આપ્યું એટલે રાજપીપળાના ઠાકોર રણમલસિંહના વારસાએ પોતાના બાપ-દાદાની ભૂમિને આખરી સલામ કરીને અલવિદા કરીને બીજા દેશમાં - 'આફ્રીકા'માં રહેવા જતાં રહ્યા. ત્યાં જઈ વેપાર-ઉદ્યોગ અને મોટા મોટાજાણીતા શહેરોમાં ભપકાદાર હોટલો, આરામગૃહો બાંધીને પોતાનો આગવો ધંધો શરૂ કર્યો.

- આજે પણ રાજપીપળા શહેરની રાજપીપળાની ભવ્યતાના ગુણગાન ગાતું ઉભું છે. રાજપીપળાની જૂની રજવાડીની હવેલીઓ,

મહોલાતો, બે વખતે બંધાયેલ અવનવી ઈમારતો પણ 'દોલત બજાર' પણ આજે શેષ-અવશેષ જોવા મળે છે. રાજપીપળાનું ભવ્ય બજાર રાજપીપળાની અનોખી આગવી કથા કહે છે. 'રાજકુમાર કોલેજ' અને તેને લગતી શૈક્ષણિક સંસ્થાઓ તથા રાજપીપળા શહેરનું સંગ્રહસ્થાન કે જે ઠાકોરના રજવાડી મહેલમાં છે તે પણ આ શહેરની પુરાતન ભવ્યતાનું દર્શન કરાવે છે.

- આજે આ શહેરનું સંપૂર્ણ પરિવર્તન થઈ ગયું છે. પણ તેમ છતાં આ શહેરના વિશાળ રોડ-રસ્તાઓ ભવ્ય મહોલ્લાઓ અને ભવ્ય બજાર આ શહેરની શોભામાં અનેકઘણો વધારો કરે છે.

- આજે પણ રાજપીપળા શહેરના ઠાકોરોએ બંધાવેલ હવેલીઓ પણ હયાત છે. 'હવેલીપોળ' અને 'મહાજનની હવેલી' આજે એ શહેરમાં જાણીતી છે.

- કનકપ્રસાદ જોશી અર્થાત્ ઉમંગના પપ્પાની બદલી જ્યારે વડોદરાથી - વડોદરાની બેન્ક ઓફ બરોડાની મુખ્ય કચેરી હેડ ઓફિસ - માંડવીથી રાજપીપળા બ્રાન્ચ બેન્ક ઓફ બરોડાના એજન્ટ (બ્રાન્ચ મેનેજર) તરીકે થઈ ત્યારે ઉર્વશી (ઉમંગની મોટી બહેન) ખૂબ ખૂબ ખુશ થઈ ગઈ. જ્યારે ઉમંગની મા (ઉર્મીલા) આ વળી કયાં 'ઉલમાંથી ચૂલમાં પડ્યા !' ના ભાવ સાથે દુઃખી થયા. જ્યારે કનકપ્રસાદ જોશી 'સંતોષી નર સદા સુખી!' ના ભાવનાવાળા હોઈ તેમના હૈયે કોઈ જાતનો બોજો હતો નહીં, વિષાદ હતો નહી તેમના હૈયે તો ગમે ત્યારે, ગમે તે જગ્યાએ સેટલ થઈ જઈશું !' વિચારી કનકપ્રસાદ પોતાની થયેલી બદલી રોકવા અંગે કોઈ જાતની તજવીજ - પેરવી કરી નહીં અને નવી જગ્યાએ હાજર થઈ ચાર્જ સંભાળી લીધો.

'બેન્કના બ્રાન્ચ મેનેજરને શોભે તેવું, અનુકુળ હોય તેવુ મકાન



ક્યાં મળે ?' એ બાબતે જ્યારે એજન્ટ (મેનેજર) સાહેબે જ્યારે પોતાના સ્ટાફને પૂછપરછ કરી ત્યારે સાહેબ 'હવેલીવાળી પોળ' માં તપાસ કરો. તે પોળમાં રહેતી એક મોટી પાર્ટીનું ભવ્ય આલીસાન પૂરેપૂરી સગવડતાવાળું મકાન ખાલી છે અને તેમનો કુટુંબકબિલો મુંબઈ સેટલ થવા જતો રહ્યો છે.

- પોતે સારા હોદ્દા પર હોઈ તેની લાગવગના કારણે કનકપ્રસાદને હવેલીપોળમાં અજીતભાઈ એસ. પટેલ શ્રોફ કું.વાળાનું ભવ્ય આલીશાન મકાન રૂા. ૪૦૦ ના માસિક ભાડે મળી ગયું. અઠવાડીયામાં મુંબઈથી ચાવીઓ પણ આવી ગઈ છે. એટલે મકાન મળી ગયું. તેથી 'હાશ' કરીને હૈયે ટાઢક અનુભવીને કનકે પોતાનું કુટુંબ (ફેમીલી) વડોદરાથી રાજપીપળા ખાતે (શીફટ કરી દીધું. પોતાનો સરસામાન લાવી દીધો. ઉમંગ અને ઉર્મિલાના સ્કૂલલિવીંગ સર્ટિ. લાવી દઈ તેમને ધોરણ - ૩ અને ધોરણ - ૫ માં 'રાજકુમાર હાઈસ્કૂલ'માં એડમીશન અપાવી દીધું.

- આમ વડોદરાથી રાજપીપળા શહેરમાં જીંદગીની શરૂઆત થઈ ગઈ.

- 'હવેલીપોળ ! મહારાજની હવેલી !'

- પ્રકૃતિ સોની... પ્રમોદરાય સોની.... ! પ્રકૃતિના પપ્પા અને અનસુયા પ્રકૃતિની મમ્મી તથા પ્રકૃતિના દાદા અને દાદી (હરજીવનભાઈ અને લક્ષ્મી) એટલે પ્રકૃતિનું કુટુંબ.

- દોલત બજારમાં 'મહારાજની-હવેલીવાળા મહાજનની' સોના-ચાંદીના દાગીના બનાવનાર, વેચનારની ખૂબ જ જાણીતી દુકાન હતી. પ્રકૃતિને ઘેર તેના બાપદાદાઓએ કમાએલા લખલૂંટ દોલત હતી.

તેનું પ્રકૃતિને તેમજ તેના પપ્પા, મમ્મીને પાર વગરનું અભિમાન હતું જ્યારે પ્રકૃતિના દાદા -દાદી 'ગાગરમાં સાગર' પ્રમાણે ખૂબ ખૂબ ઉદાર હતા અને દરિયા દિલ હતા.

- ઉમંગ !

- ઉર્મિલા જોશી... ઉર્વશી જોશી અને કનકપ્રસાદ. ઉમંગનું આ કુટુંબ. હવેલી પોળમાં રહેવા આવી ગયું ત્યારે હવેલી પોળવાળાઓએ હવેલીપોળમાં રહેતા બધાએ જાણ્યું કે બેન્કવાળા મોટા સાહેબ આપણી પોળમાં રહેવા આવી ગયા છે અને વારાફરતી બધા એક પછી એમ તેમને મળવા આવી ગયા. બાકી રહી ગયા પેલા અભિમાની 'મહાજનની હવેલી' માં રહેતી પ્રકૃતિ સોની, પ્રમોદરાય (પ્રકૃતિના પપ્પા) અને પ્રકૃતિની મમ્મી (અનસુયા) જ્યારે પ્રકૃતિના દાદા-દાદી બન્ને જણ પોતાના સ્વભાવ પ્રમાણે 'ધૂળનો પણ ખપ પડે !' એવી દીર્ઘ દૃષ્ટિ રાખીને તેમજ 'જોશી સાહેબ' ગમે ત્યારે ગમે તે કામકાજ હોય તો કહેવડાવજો હોં અને આ ફળીયામાં 'હવેલી' માં રહીએ છીએ હોં... ? કહીને પોતાના ઉદાર સ્વભાવનો પરિચય કરાવ્યો. ત્યારે 'ભલે-ભલે !' કહી પછી ચા-પાણી પીવડાવીને જ વિદાય કરીને કનકપ્રસાદ અને ઉર્વશીએ પોતાની પણ ઉદારતા અને પોતાના કુટુંબની ઉમદા ભાવની ઝાંખી કરાવી હતી. જે ભાવના ઘરડા માનવીઓને ખૂબ ખૂબ ગમી ગઈ હતી. જેમાં 'માનવતાનો સાદ' સંભળાયો હતો.



# ( ૩ )

- પ્રમોદરાય સોનીની દોલતબજારમાં આવેલ સોના-ચાંદીના આભુષણોની દુકાન-દોલતબજારના મધ્યભાગમાં 'પી. કે. બ્રધર્સ એન્ડ કું.' સોનાચાંદીના દાગીના ઓર્ડરથી બનાવી આપનાર તથા વેચનાર... પ્રમોદરાયની રાજપીપળા શહેરની મધ્યે આવેલ આ દુકાને વર્ષો પુરાણનો કોઈ જોગી કોઈ વનમાં ધૂણી ધખાવીને પોતાની તપશ્ચર્યામાં લની બની બેસી જાય તેમ 'દોલત બજારમાં બરાબર રીતે ધંધો જમાવી દીધો હતો. પ્રમોદરાય તેમના પિતાનું એકના એક સંતાન હતા પણ ઉત્તમચંદ મહાજનના કુટુંબના બીજા ભાઈઓ અને તેમના સંતાનો હતો. એટલે પ્રમોદરાયે તેમના કુટુંબના ભાઈ કાન્તીલાલ સોની સાથે તેમનો ચાર આની (પચ્ચીસ ટકા) ભાગ રાખીને 'પી. કે. બ્રધર્સ એન્ડ કું.' નામની દુકાન પાંત્રીસ-છત્રીસ વર્ષ પહેલાં શરૂ કરી હતી જે આજે ધમધોકાર ચાલતી હતી અને પ્રમોદરાય કે કાન્તીલાલ બન્ને ભાઈઓને દુકાનના વહીવટમાંથી ઘડીભરનીય નવરાસ મળતી નહીં પછી ઘરની માથાકૂટ કેમ કરે ? ઘરની માથાકૂટમાં શું પડે ! એ બધી વાતો ઘરવાળા જાણે... '

- ધોરણ-૩ મિશ્રશાળામાં સાથે ભણતા, હરતા, ફરતા, રખડતા જમતા, ભમતા, ઉમંગ અને પ્રકૃતિ વચ્ચે દોસ્તી થઈ ગઈ, ભાઈબંધી થઈ ગઈ, મિત્રાચારી બંધાઈ. ઉમંગ અને પ્રકૃતિ એકબીજાના પૂરક બની ગયા.

પ્રકૃતિ ઉમંગના ઘરે આવતી જથી અને ઉર્મિલાબેનને તે માસી કહીને બોલાવતી. ઉમંગના પપ્પા કનકપ્રસાદને પ્રકૃતિ ખૂબ ખૂબ ગમતી હતી. પ્રકૃતિ અને ઉર્વશી (ઉમંગની નાનીબેન) એક બીજી પોતે સગી બેનો ન હોય તે રીતે અરસ પરસ પ્રેમથી રહેતા અને રમતા ઉમંગ અને ઉર્વશી બંને જણ પ્રકૃતિના ઘરે ઊંચી હવેલીમાં રમવા જતા ત્યારે તે વખતે પ્રકૃતિના પપ્પા ઘરે હોય તો તે વખતે પ્રમોદરાય બન્નેય છોકરાવને અને બેન્કવાળા સાહેબના છોકરાં આવ્યા એમને ચા-નાસ્તો કરાવો કહી ખૂબ ખૂબ વહાલ કરતા, પ્રકૃતિના મમ્મી અનસુયાબેન તેને માટે જે કંઈ ઘરમાં બનાવ્યુ હોય તે બધું આપતા અને પેટભરીને ઉમંગ-ઉર્વશી તથા પ્રકૃતિને જમાડતા કોણ જાણે માસી કહીને ઉમંગ માટે જાણે પોતાનું કોઈ અંગ ન હોય તે પ્રકારની હૈયાલાગણી ક્યા કારણસર અનસૂયાને થયા કરતી તે વાત અનસુયાને આજે દિ' સુધી સમજાતી ન હતી. પ્રકૃતિના દાદા-દાદી હરજીવનદાસ અને લક્ષ્મીબેન જોકે પોતે ૬૫ વર્ષથી ઉપરની વયે પહોંચ્યા હોવા છતાં પણ બન્ને જાણ બધા છોકરાંને રમાડતા હતા; હેત કરતા, પરીઓની કથા, રાજારાણીની વાતો કહેતા અને ખૂબ ખૂબ મજા કરાવતા. આ રીતે ઉમંગ ઉર્વશી પ્રકૃતિના તમામ ઘરવાળા જોડે દૂધમાં સાકર ભળી જાય તે રીતે હળીભળી ગયા હતા. ઉમંગ અને ઉર્વશી ક્યારેય કોઈ કારણસર કોઈ દિ' જતા આવતા બંધ થતા પ્રકૃતિના મમ્મી-પપ્પા, દાદા-દાદી બધા ઉમંગ કે ઉર્વશીની તબિયત તો બગડી નથી ને ? એ વાતની ચિંતા-ફીકર કર્યા કરતા અને પ્રકૃતિને ઉમંગના ઘરે તપાસ કરવા મોકલતા.

- એજ રીતે પ્રકૃતિ ક્યારેક ન આવે ત્યારે તે વખતે પણ પ્રકૃતિ કેમ ન આવી ? એને શું થયું છે ? એ વાતની ચિંતા ઉમંગની મમ્મીને થતી. જ્યારે ઉમંગના પપ્પા કનકપ્રસાદ એય ઉર્મીલા આજે તારી બીજી છોકરી કેમ ન દેખાઈ ? પ્રકૃતિ મારી દીકરી બિમાર તો થઈ ન હોય ને ? એ બાબતની



ચિંતા કરી બેંકમાં જતા અને સાંજે પાછા વળીને પાણીનો ગ્લાસ માગ્યા પહેલા - 'પ્રકૃતિ ઘરે આવી હતી કે નહિ?' પ્રશ્ન પૂછી લેતા અને ઉમંગની મમ્મી 'હા આવી હતી !' કહે તો તેમને શાંતિ થતી. જો 'ના' જવાબ મળે તો પોતે 'હવેલી' પહોંચી જતા; એની ખબર અંતર પૂછતા અને ગામ-ગપાટા મારવા બેસી જતા. પ્રકૃતિના દાદા-દાદી જોડે પછી ચા-નાસ્તો પાણી થતા એટલે ખૂબ ખૂબ વખત વહી જતો જેથી ઉમંગના પપ્પા જમવા માટે ન આવ્યા મોડું શા માટે થયું હશે ? તેની તપાસ કરવા ઉમંગની મમ્મી જાતે આવતા અને ઉમંગના પપ્પાને કહેતાં :

- 'અરે ! તમે અહીયા ગુંદરની માફક ચોંટીને બેસી રહ્યા છો !' અને ઘરે જમવાનું મોડું થાય છે ; તમે તમારે જમીને ભાણા પરથી ઉઠી જાવ પણ અમારે એંઠવાડો કાઢવાનો, એંઠા વાસણની કડાકૂટ કેટલી બધી ? હેંડો હવે ગપાટા માર્યા વગર ! રજાના દિ'એ પેટ ભરીને વાતો કરજો !' ઉમંગની મમ્મી અકળાઈને કહેતાં ત્યારે જવાબમાં વચ્ચે પડીને પ્રકૃતિના દાદા પોતે ઉમંગના પપ્પાનો પક્ષ લેતા કહેતાં કે : 'અરે બે'ન ! સાહેબ તો હજી હમણાં જ આવીને બેઠા ત્યાં તો તેમની તપાસ કરવા તમે આવી પહોંચ્યા અને તમે બધા આંયકને જ (અહીયા જ) જમવાનું રાખો તો આપણુ બધા ભેળા વાળુપાણી કરીશું અને તમારે ઘેર કોઈ જાતની ભાંજગડ રહેશે નહિ કેમ બરાબરને સાહેબ ?'

- 'ના રે ના. આ બધું તૈયાર પડ્યું છે એ પાછું બગડે ને ? ચાલો સાહેબ !' કહીને ઉમંગની મમ્મી કનકપ્રસાદને ઢસડી જતાં. પરંતુ તે વખતે પણ ઉમંગ અને ઉર્વશી તો પ્રકૃતિની હયાતીમાં એના ઘરે જમીને જ આવતા. આવી રીતે ઉમંગના અને પ્રકૃતિના કુટુંબીઓ વચ્ચે સારો એવો મીઠો સંબંધ બંધાઈ ચૂક્યો હતો. દૂધમાં સાકર જેમ હળી ભળી જાય-ઓગળી જાય તે પ્રમાણે કુટુંબો એકબીજામાં ભળી ગયા હતા. આમ ને આમ વખત વહેતો

જતો હતો.

-સમય, નદી, સરિતા, વહેતી નદી જેમ પર્વત પિતાને હૂંફાળી પ્રેમાળ ગોદને છોડીને પોતાની જાતે જ પોતાનો રસ્તો બનાવતી દોડતી-કૂદતી-અથડાતી-અફળાતી આગળ વધ્યે જ જાય છે, તે પ્રમાણે સમય-સરિતા પણ દુનિયાના ઈતિહાસમાં અને ક્રાન્તિકારી ઘટનાઓ દ્વારા સર્જનવિસર્જન કરતી કરતી આગળ વધ્યે જ જાય છે. આમ ઈતિહાસના પાના અવનવી રીતે ભરાતા ભરાતા, ચીતરાતા-ચીતરાતા આગળ વધ્યે જ જાય છે. આમ સમયની અને સરિતાની પ્રકૃતિ એક સરખી જ છે. બન્નેને સદાય આગળ વધવામાં જ માને છે. બન્નેની ગતિનો કદી કોઈ દિ' અવરોધ નડતો નથી. વહેતા સમયને કોઈ કોઈ દિ' રોકી શક્યું છે. ખરું ! કોણ જાણે કયા ટાણે શું થવાનું છે ?ભગવાન જાણે ! બરાબર ૧૨-૪૦ (બાર અને ચાળીસ મીનિટે હલ્લો કોણ બોલે ? એક 'પી. કે. બ્રધર્સ' ની દુકાનનો ટેલિફોન રણકી ઉઠ્યો.

- 'હું પ્રમોદરાય બોલું છું.....' પ્રમોદરાયે જવાબ આપ્યો.

"'હલ્લો, હું સર્વોદય હોસ્પિટલમાંથી ડૉ. મી. પરીખ બોલું છું. વાત એક છે કે દશ મિનિટ પહેલાં તમારી દિકરી અને મિ. કનકપ્રસાદ જોષીના દીકરા ઉમંગન એકસીડન્ટ થતાં અહીંયાં ઈમરજન્સી વોર્ડમાં દખલ કરેલ છે બેન્ક ઓફ બરોડાના એજન્ટ શ્રી જોષીના દીકરાને વધારે વાગ્યું નથી તેની ચિંતા કરશો નહિ... પણ તમે બેન્કમાં ફોન કરીને ઉમંગના પપ્પાને આઘાન ન લાગે તે રીતે આ ખબર પહોચાડજો અને તેના પપ્પા-મમ્મીને લઈ અવો... બરાબર ને ? "કહી સીવીલસર્જન શ્રી પરીખે ફોન મૂકી દોધો.

- ફોન પર સમાચાર જાણ્યા પછી તો પ્રમોદરાય બેબાકળા બની ગયા. ઓટોરીક્ષા લઈ સીધા બેન્ક ઓફ બરોડાએ પહોંચી ગયા. ફોન પર


આઘાતજનક સમાચાર આપીને શ્રી સાહેબને માનસિક વ્યથા, આઘાત પહોંચાડ્યો એ બાબત પ્રમોદરાયના બરાબર ન લાગી.

- બેન્કમાં જઈ શ્રી જોષીની ચેમ્બરમાં જઈને પ્રમોદરાયે કહ્યું : 'શાહ સાહેબ ! મારે આપનું અગત્યનું કામ છે. આપણે પાંચ-દશ મિનિટ બહાર જઈએ...'

- 'પણ શું કામ છે.... ?' જોષી ઉવાચ.

"'સાહેબ ! અહીયાં કહેવાય તેવું નથી. ચાલોને બહાર.'

"'એક મિનિટ...' કહી જોષીએ કોલબેલ દબાવ્યો... બેન્કનો પટાવાળો પાણી લઈ હાજર થયો એટલે જોષી સાહેબ પાણીનો ગ્લાસ પોતે લઈ બીજો ગ્લાસ સામે આપવાનો ઈશારો કરીને કહ્યું : 'રાઠોડભઈને બોલાવને જરા...'

- 'જી સાહેબ !' કહી પટાવાળો બહાર ગયો.

- પાણી પીતા પીતા પ્રમોદરાય પારેવાની જેમ ફફડતા હતા; તરફડતા હતા; બેબાકળા બનતા હતા. રાઠોડભાઈ આ બેન્કના ચીફ એકાઉન્ટન્ટ હતા. તે અંદર આવ્યા એટલે....

- 'રાઠોડભાઈ, અમારા ઘરપાડોશી અહીંયા આવ્યા છે એટલે. હું તેમના કામે પાંચ-દશ મિનિટ તેમની જોડે જાઉં છું.' જોષી સાહેબે કહ્યું :

- 'હા....જી.' રાઠોડે જવાબ આપ્યો. તરત જ જોષી સાહેબ અને પ્રમોદરાય સોની બન્ને જણ પી. જોષીના વાસ્પા પર બેસીને પ્રમોદરાયની સૂચના પ્રમાણે ઘેર જવા રવાના થયા.

- જીવન મરણ વચ્ચે ઝોલાં ખાતો બે નાનકડા નિર્દોષ જીવો ! ... દુનિયાના નિયમ જ એવો હોય છે કે 'પાડાને વાંકે પખાલીને ડામ!'

દુનિયામાં કેટલાય પાર વગરના નિર્દોષ જીવોનો ભોગ લેવાતો હશે.... તમને કદાચ ખબર પણ નહીં હોય.... ! ઘણી વખત ઘણું બધું થઈ જતું હોય છે. અને ઘણુંબધું ન થવાનું થઈ જતું હોય છે. જાણે-અજાણે અને વગર કારણે અને તેમાં નિર્દોષ, કોઈપણ વાંક વગરના આ ચક્કરમાં આવી જાય છે; વળી તેમને બલિનો બકરો બનાવી દેવામાં આવે છે !

- રાજપીપળાની મિશ્ર શાળા નં. ૧ તેમાં ભણતા નાના મોટ બાળકો, ભૂલકાંઓ, ટાબરીયા જાણે કોઈ બગીચામાં ખીલેલા વિવિધ રંગ સુગંધથી ભરપુર પુષ્પો ન હોય !

૧૨-૧૦ ની નાની રિશેષ પડી. એકી-પાણીની રિશેષ.... ! ટન....ટન....ટન....ટનનનનનન... રિશેષનો ઘંટ વાગ્યો એટલે બધાય ભણવા -ગણવાનું છોડી બહાર દોડયાં...

'એય...ઉમંગ, ચાલ મારી જોડે તેને રેવડી અપાયું !'

'ના...રે. તું તારે એકલી એકલી ખાજે; મારે કાંઈ નથી, ખાવી હો....' ઉમંગ ઉવાચ.

'સીધી રીતે ચાલને ઉમંગીયા. નહીં તો પછી તારું બોચું ઝાલીને લઈ જઈશ હોં. ' કહેતી પ્રકૃતિ દાદગીરી ઠોકતી હતી.

'એક વખત કહ્યું ને કેમ મારે જોડે નથી આવવું અને તારી રેવડી નથી આવી. પછી ખોટી મગજમારી કેમ કરે છે ? ચાલ, ભાગ અહીંથી !' ઉમંગ ચીડાયો.

'જોયો મોટો મગજમારી કરવા વાળો ! ....ગધેડો, પાડો ! ઉમંગડીના બચ્ચા જો... તારી જોડે નહીં બોલું.... ઓ...ઓ...ઓ...લે...ખા તને રેવડી આપું !' પ્રકૃતિએ કહ્યું અને માયાનો હાથ પકડ્યો... 'ચાલ માયા, આજે આપણે રેવડી ખાઈએ !' ઉમંગડીન. ડીક્કો... લે...ખા... રેવડી !' કહેતાં તેને ચીડવતા એણે માયાની સાથે ચાલવા માંડ્યું ત્યારે 'એ...જો... મારી મમ્મીએ ચાર આના વાપરવા આલ્યા છે હું એકલો જ રેવડી ખાઈશ ! હું તનેય નહીં આપું. લે ડીક્કો!' કહીં તેણે ડીક્કો (અંગુઠો બતાવ્યો) અને સ્કૂલના દરવાજા ભણી ઉપડ્યો.



- નિશાળના દરવાજે લારીઓ લઈને ઉભા રહેતા લારીવાળાઓ અને ફેરીયાઓ ! એક બાજુ જ્ઞાનની પરબ વિના વળતરે ચાલુ રહી છે; જ્ઞાનગંગાનો પ્રવાહ અવિતરણપણે વહે છે. અને તેનો લાભ મફતમાં મળતો હોય છે. જ્યારે જ્ઞાનગંગાના કિનારે ઉભા રહીને સીંગ-ચણા, બોર-જામફફળ, બરફલારીઓ-ગુલ્ફીવાળા અને બીજી બધી ખાવાની વસ્તુઓ લઈને પોતાનો વેચવાના માલ-સામાન રોડ પર કે લારીમાં પાથરીને લારીમાં લઈને, પોતાનો ધંધો શરૂ કરીને બાળકોને વધુ દામ ઓછો માલ' પ્રમાણે છેતરતા હોય છે.

- વેપાર-ધંધા એ જ દુનિયાની મોટી બિમારી છે. એક વસ્તુ આપીને બીજી વસ્તુ લે એવા બધા પાયા વગરના નિયમ માનવીએ જાતે જ ઉભા કર્યા છે. એના કારણે એવા બધા પ્રબળ નિયમોના મૂડમાં માનવી દિન-પ્રતિદિન એટલો બધો ફસાતો જાય છે કે ભવિષ્યમાં મારી-તમારી અને આપણા સૌની સાથે વાતો કરવાની, શબ્દોની આપ-લે કરવાની ફી પણ ખૂબ ખૂબ મોંઘી થઈ જશે અને તેમાં પણ સમય નથી.... ખૂબ જ કામ છે ઘડીકની પણ નવરાશ નથી. અરે ! મરવાનો પણ ટાઈમ નથી. એવું બધું જ્યારે જાણે-અજણે સંભળાયા કરે છે ત્યારે માનવીની આપણા બધાની લાચારી અને મજબૂરીની દયા આવી જાય છે; દિલમાં દુઃખ (સખેદ) થાય છે.

- ભલા ભગવાને આપણને મફતમાં પ્રકાશ, પાણી અતે તમામે

તમામ કુદરતી ભેટો આકાશમાં સૂર્ય, ચન્દ્ર, તારા, નક્ષત્રો, નિહારીકાઓ નીચે પૃથ્વી પર પહાડ, પર્વતો, વન-જંગલો, દરિયા-નદીઓ, વનસ્પતિ-ફૂલ-ફળો અને બીજી ગણી ગણાય નહી તેવી વસ્તુઓ આપી છે. તે તમામનો વિના સંબોકચે લડ્યા-ઝઘડ્યા વગર ઉપભોગ કરીને ભગવાને આ પૃથ્વી વિશે જન્મ આપી તમને જીવન જીવવા માટે લાયસન્સ (પરવાનો) કાઢી આપ્યું કોણે કેટલી લાયસન્સ ફી ભરવી પડી ? તમે આ દુનિયામાં આવ્યા ત્યારે 'ઓકટ્રોય ડ્યુટી' કે એન્ટ્રી ટેક્ષ કેટલો ભર્યો ? એવું કોઈએ તમને ક્યારેય પૂછ્યું ખરું ? જ્યારે તમારો જન્મ, તમારું મરણ મફતમાં થાય છે તેમાં આયાતવેરો કે નિકાસવેરો નથી તો પછી આ બધો વેપલો શાનો લઈને બેઠા છો ? શાને તમે બધા એક બીજાને લૂંટવાનો, લૂટાવાનો, છેતરવાનો, છેતરાવાનો ધંધો લઈને બેઠા છો ? .... ભગવાનના ઘેરથી જવા-આવવા માટે તમે ભાડું આપવા-લેવાનું કાંઈ નક્કી કર્યું છે ખરું ?

- 'બ્રાન્ચ મિશ્ર શાળા નં.-૧' ના દરવાજે ઉભેલા લારીવાળા પણ આ જ જાતનો ધંધો લઈને બેઠા હતા અને તેઓ પ્રભુના પયગંબરોને છેતરતા હતા.

- 'મને પચ્ચીસ પૈસાની રેવડી આપોને !' ઉમંગે લારીવાળાને પચ્ચીસ પૈસા આપ્યા એટલે તે વખતે બાજુમાં ઉભેલી પેલી પ્રકૃતિ બોલી ઉઠી : 'કાકા મે તમને પહેલા પચાસ પૈસા આપ્યા છે; પહેલાં મને રેવડી જોખી દો!'

- 'હા...બેટા...પહેલા તને, પછી આને !' કહી કાકાએ ઉમંગ તરફ આંગથી ચીંધી, કાકા ત્રાજવા ઉઠાવી જોખવામાં પરોવાયા અને બન્ને જાણાને રેવડી જોખી દીધી....

- કાકાની રેવડીની લારી રોડના સમકા કિનારે હતી. પોતાને ૨૫ પૈસાની રેવડી મળી એટલે પડીકું લઈને ઉમંગ એકલો એકલો સ્કૂલ તરફ વળ્યો ત્યારે '૫૦ પૈસાની રેવડીનું પડીકું ' માયને આપીને પ્રકૃતિ માયાના કાનમાં કંઈક કંઈક કહી ઉમંગને ખબર ન પડે તે રીતે ની પાછળ... પાછળ જવા લાગી... અને... ! લે....ખા... ! રેવડી ! કહી ઉમંગને ધક્કો મારી એણે તેના હાથમાંનું રેવડીનું પડીકું ઝૂંટવી માયા તરફ ભાગી.



- ઉમંગને બિચારાને ક્યાંથી ખબર હોય ? તે તો રોડ પર સીધો પટકાયો અને પાછળથી ધસી આવતી કાળી એમ્બેસેડર કારની અડફેટમાં આવી ગયો અને ફૂટબોલના દડાની જેમ હવામાં ફંગોળાયો અને લોહીલુહાણ થઈ ગયો. એક ઘવાયેલ યોદ્ધાની જેવી તેની હાલત હતી. આ બાજુ 'માયા' તરફ ભાગતી પ્રકૃતિ પણ ઓટો રીક્ષાની અડફેટમાં આવી ગઈ અને તેના હાથમાં રહેલું રેવડીનું પડીકું રોડ પર છુટીને વેરાઈ ગયું - જાણે રોડને થયેલ અકસ્માતની પ્રસાદી મળી ન હોય તેવું લાગતું હતું.

- આમ અકસ્માતનું કાંઈ કાંઈ ઠેકાણું નથી. કોઈ નિર્ધારીત, નક્કી કરેલો સમય નહીં ક્યારેક થા-ન થાય તેની નિશ્ચિતતા કે તેવું 'ટાઈમ ટેબલ' આજ દિ' સુધી ઉપરવાળાએ તૈયાર કરીને આપણને આપ્યું નથી. આપ્યું હોત તો પછી વાત જ શું કરવાની ?

- કાળી એમ્બેસેડર-કાળી નાગણ-સત્યવાદી હરિશ્ચંદ્રના વ્હાલસોય દીકરા રોહિતને (ઉમંગને) ડંસ દઈ ગઈ... પેલી પ્રકૃતિ પણ અકસ્માતના વંટોડીયામાં ફંગોળાઈ ગઈ. રોડ પર ટોળું ભેગું થઈ ગયું, રોડ લોહી-લુહાણ બન્યો... રસ્તાઓ જાણે રક્તતિલક કર્યું ન હોય -લોહીના છાંટણા રોડ પર વેરાયાં ! નિશાળમાંથી માસ્તરો દોડી આવ્યા 'સર્વોદય સર્જીકલ હોસ્પિટલ'માં ફોન કરી તાત્કાલીક ઈમરજન્સી એમ્બ્યુલન્સવાનને તેડાવી બીજી બાજુ, નામ સરનામાની પાકી ખાત્રી કરાવ્યા બાદ બાળકોના

વાલીઓને અકસ્માતની 'પી. કે. બ્રધર્સ' માં ફોન કરી જાણ કરવામાં આવી.

- ન જાણ્યું જાનકીનાથે કાલે શું થવાનું છે ?

- જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતાં બે નિર્દોષ જીવ, બે ભૂલકાં, બે બાળકોની હાલત પૈકી એકની ઉમંગની હાલત ખૂબ જ ગંભીર હતી. તેને માથાના ભાગમાં ખુબ ખુબ વાગ્યું હતું. પ્રકૃતિ અને ઉમંગ બંને જણા બેભાન હતા. બેહોશ હતાં; સાન-ભાન ગુમાવી હવામાં અદ્ધર લટકતાં હતાં.

- પાણીના પરપોટાની જેવી આપણી જિંદગી આ પાણીમાં પરપોટો ક્યારે ફટ દઈને ફુટી જાય તેની ખબર પડે નહીં. આપણી આ જિંદગી ક્ષણભંગુર છે. તેની વળી માયા શું કામની ? તેમ છતાં માયા ભગવાનની રચેલી અણમોલ ચીજ હોઈ માયાજાળના પંજામાં ભગવાન પોતે પણ ફસાઈ ગયેલા એટલે માનવજાતની શી હેસિયત ? માનવી જેમ માયાજાળમાં ફસાતો જાય છે; અટવાતો જય છે તેમ તેમ પોતાના દુઃખ, દર્દ, ચિંતા અને પરેશાની વધારતો જાય છે. વળી જિંદગીનો પરપોટો ધીમે ધીમે વિસ્તૃત થતો જાય છે, ફુલાતો જાય છે અને પોતાની સ્થિતિસ્થાપકતાની મર્યાદા ગુમાવતા પરપોટો છેવટે ફૂટી જાય છે. આ પ્રમાણે માનવ-જીવનનો પરપોટો પણ ફૂટી જાય છે.

- માયા મોટી છે; માયા નાશવંત છે; માયા કાયમી નથી તો પછી આ બધી ખોટી દોડાદોડી કરીએ છીએ. આ વાડી, વજીફા, ઘર, મકાન, દુકાન, જમીન, જાગીર, બૈરી, છોકરાં, કુટુંબ-કબીલા, સગાવહાલા બધાની માયા છોડીને આપણે જયારે ઉપરવાળાનું આમંત્રણ તેડું આવ્યેથી વિના વિલંબે તાત્કાલિક જવાનું એ વાત નક્કી છે જ તો પછી શા માટે આ બધી ઝંઝટ ? દુનિયામાં સુખી જીવો ઘણા બધા ઓછા હશે ! આવું સુખ ઘણા ઓછાઓના ભાગ્યમાં ચીતરાયું છે, લલાટે લખાયું છે.



- જીવનમરણ વચ્ચે ઝોલા ખાતા બે નિર્દોષ જીવો-

- એક ઉમંગ અને એક પ્રકૃતિ.

- બન્નેના ભાગ્યમાં શું લખાયું હશે ? એ તો રામ જાણે ?

- ઉમંગની પરિસ્થતિ ખૂબ જ નાજુક હતી, ગંભીર હતી.

- ક્યારેય પણ જીંદગીનો પરપોટો ફૂટી જાય ! ખબર નહીં.

- જીવનનો પરપોટો વિસ્તૃત બનતો જતો હતો ! ફૂલતો જતો હતો. પોતાની સ્થિતિસ્થાપકતાની મર્યાદા ગુમાવી ક્યારે ફૂટી જાય ? ભગવાન જાણે.

# (૪)

- મારતી રીક્ષામાં ઠેકાણે (હવેલીવાળી પોળે) પહોંચી જઈને પ્રમોદરાયે શાંતિથી કનક જોષીને અને ઉર્મિલાબેનને હકીકતથી વાકેફ કર્યા. વળી કહ્યું કે, ખાસ ગભરાવા જેવું નથી અને હું ઘેર જઈને પ્રકૃતિની મમ્મીને લઈ આવું છું તમે હોસ્પિટલમાં જવા માટે તૈયાર થઈને રહેજો હું ગયો કે તરત જ આવ્યો.

- પોતાનો એકનો એક દીકરો કાર એકસીડન્ટમાં ઘવાયો છે, તે જાણી પારેવડા જેવું પોચું હૃદય ધરાવતા ઉર્મિલબેન ઢીલાઢબ નરમઘેંસ જેવા થઈ ગયં, રોવા બેઠા - ત્યારે ઉમંગના પપ્પાએ કહ્યું : 'જુઓ ઉમંગની મમ્મી રડવાથી શું થવાનું છે ? હિંમત રાખીને હોસ્પિટલમાં જવાનું છે. .. ચાલો ઝટ ઝટ તૈયાર થઈ જાઓ !'

- થોડીવારમાં બેબાકળા હાવશબાવશ બની ગયેલા ચહેરાવાળા અનસુયાબેન આવ્યા. તેમની સાથે કનકપ્રસાદ અને પ્રકૃતિના દાદી હતા. બધા જ ભારે હૈયે હોસ્પિટલ તરફ જવા ઉપડ્યા....

- ઉમંગને માથાના ભાગમાં વધારે પ્રમાણમાં ઈજાઓ થઈ હતી. તેને 'તાત્કાલિક સારવાર' માટેની રૂમમાં દાખલ કરવામાં આવ્યો હતો. અકસ્માતમામાં ઘણુંબધું લોહી વધી ગયું હતું અને હાલ તે ઓક્સિજન પર હતો. જયારે પ્રકૃતિની ઈજાઓ ઉમંગ જેટલી ગંભીર ન હતી. છતાં પણ તે



બેહોશ હતી.

- સર્વોદય સર્જીકલ હોસ્પિટલ.

- શહેરના સુવિખ્યાત અને તમામે તમામ પ્રકારની અદ્યતન સગવડતા ધરાવતી આધુનિક હોસ્પિટલ.... પાંચ-સાત ડોકટરો અને સંખ્યાબંધ તેના આસીસ્ટન્ટ અને નર્સો વગેરેના સ્ટાફથી ઉભરાતી હોસ્પિટલ... બપોરના ટાણે શાંત બની જતી હોસ્પિટલ આજે ઈમરજન્સી કેસ આવેલો હોઈ જીવંત બની ગઈ હતી. ડોકટર્સની દોડાદોડ જાતજાતની ઓપરેશનની થીયેટરમાંથી મળતી જતી સુચનાઓ અને તે સૂચનાઓનું પાલન કરવા હોસ્પિટલના સ્ટાફની દોડાદોડ જાણે બધા કોઈ રેસમાં જોડાયા ન હોય તે વખતનું દૃશ્ય હતું. સર્વોદય હોસ્પિટલ સર્જન સાહેબશ્રી પરીખના હાથમાં આ વખતની ઈમરજન્સીના બેય કેસ હતા.

- મોતને ઝૂલે ઝૂલતા બે નિર્દોષ જીવો !

- પ્રકૃતિ અને ઉમંગ !

- પી....અને યુ...પી...યુ..પી...યુ...!

- હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડની બહાર.... ગંભીર વતાવરણ હતું ! બધાના હૈયા હાથ રહ્યા ન હતા. બધાના ચહેરા ચિંતા, વિષાદ અને ભય, મોતના ભયથી સફેદ પૂણી જેવા થઈ ગયા હતા.

- અનસુયાબેન અને કનકપ્રસાદ જોષી તથા પ્રમોદરાય સોની અને ઉર્મિલાબહેન બધાયને હૈયે ચિંતાની હોળી સળગી હતી બધાય ચિંતાતુર હતા; બધાયની આંખમાં મોતનો ભય હતો મૃત્યુ...ઓ... મૃત્યુ તારા આગમનની ખબર પડતી નથી. તારા હાથમાં કોણ ક્યારે ઝડપાઈ જશે ? કોણ તારો શિકાર બનશે ? તેવું કાંઈ જ નક્કી હોતું નથી. મૃત્યુનું સંગીત ભયકારી હોય છે. ભલભલાના રવાડા ખડા કરી દેનારું હોય છે.

- બે કલાકની મથામણ પછી પ્રકૃતિની તબિયત કંઈક અંશે આશા બંધાતી જતી હતી. તેને જેમ તેમ કરીને મૃત્યુના મુખમાંથી હોશિયાર કાબેલ સર્જન અને ડોકટરોએ બચાવી લીધી હતી. જયારે ઉમંગને કોઈ જ જાતનો હોંશહવાસ આવતો જણાતો ન હતો. ઉમંગ તો હજુ મૃત્યુના પડછાયાએ પીછો છોડ્યો ન હતો.

- પ્રકૃતિની તબિયત સુધરી એટલે તેના બા, બાપુજી, પ્રમોદરાય, અનસુયાબેન બંને જણા ઉમંગને જે ઓપરેશન થિયેટરમાં રાખેલો હતો તે જગ્યાએ ઓપરેશન થીયેટરની બહાર ઉમંગના માતા-પિતા કનકરાય તથા ઉર્મિલાબેન બાંકડા પર બેઠા હતા ત્યાં આગળ આવ્યા ત્યારે -

- 'હવે પ્રકૃતિને કેમ છે ? ઉર્મિલાબેન ઉવાચ.

- 'સારું છે. છોકરી તો મોતના મોઢામાંથી બચી ગઈ પણ ઉમંગને કેમ છે ?' અનસૂયાબેને જવાબ આપ્યો.

- 'ઠીક છે પણ મારો દીકરી હજુ ભાનમાં નથી આવ્યો- કયાંક મારી આંખનું રતન ખોવાઈ ન જાય...' કહેતાં કહેતાં તે રડી પડયાં બાજુમાં બેઠેલી નાની ઉર્વશી પણ ડુસકે ને ડુસકે રડતી હતી ત્યારે તે વખતે તેની બાજુમાં બેઠેલા પ્રકૃતિના પપ્પા પ્રમોદરાય ઉર્વશીના વાહા (વાંસા) બરડા પર પોતાનો સ્નેહાળ હાથ ફેરવતા હતા... અને કહેતા હતા કે, 'બેટા તારા ભાઈનું રખોપુ ભગવાન રામ કરશે તેને કાંઈ નહિ થાય હોં... બેટા તું રડીશ નહિ.'

- આ બાજુ કનકપ્રસાદ ખૂબ ખૂબ ગંભીર બની ગયા હતા. તેમની નજર ઓપરેશન થિયેટરની દિવાલોને આરપાર વીંધીને જાણે પોતાના દીકરા.... મોતના સાનિધ્યમાં પહોંચી ગયેલા ઉમંગના સાનિધ્યમાં પહોંચી ગઈ હતી.



- સેંકડોં ..... મિનિટો... પસાર થતી રહી ....!

- અકળામણ, ગભરામણ , બેચેની અને મૂંઝવણો લાવતી મિનિટો બધાંયનો જીવ પડીકે બંધાયાં હતાં.

- ઉમંગને કદાચ મગજનું નુકશાન થાય અથવા જમણી આંખ કાયમ માટે કામ કરતી અટકી પડે તે જાતની વિચિત્ર સ્થિતિપરિસ્થિતિ-સંજોગો ઉપસ્થિત થયા હતા.

- સિવિલ સર્જન શ્રી પરીખ તથા અડધો ડઝન ડોકટર્સ અને સર્વોદય હોસ્પિટલ સ્ટાફનો બધોજ સ્ટાફ ઉમંગના માટે ખડે પગે તૈયાર હતો. ઉમંગને એક તરફ ઉમંગનું મૃત્યુ ઘણી જ ઝડપથી ઉમંગને પોતાની તરફ ખેંચી રહ્યું હતું જયારે બીજી બાજુ તમામ અદ્યતન સાધનસામગ્રી સાથે જ એવો સ્ટાફ ઉમંગને મોતનો કોળિયો બની જતો અટકાવવામાં પડ્યો હતો.

- બધાય લોકો અને દવાખાનાનો બધો જ સ્ટાફ ભગવાનમા અડગ આસ્થા, અડગ શ્રધ્ધા ધરાવતો હતો અને બધાય તનમનધનથી ભગવાનને વિનંતી કરતા હતા કે ભગવાન આ બળુકડા, ભોળા, નિર્દોષ જીવને ઉમંગને બચાવી લો ! હે પ્રભુ, હવે ખમ્મા કર ! ઉમંગને બચાવી લે !

- ઉમંગનો જીવ સરેટાટ જીવન સંગ્રામ - મૃત્યુ સાથે ઉમંગનો સંગ્રામ ચાલુ હતો જીવન હાંફતું હતું; જીવન મૂંઝાતું હતું. જયારે બીજી બાજુ મોત ખડખડાટ રીતે, ખતરનાક અને જીવનમરણ વચ્ચે ઝોલા ખાતો ઉમંગ !

- સાડા પાંચ-સાડ છ કલાક વહી ગયા-

- કાળમુખો સમય વહેતો હતો. પોણા સાત કલાકની મૃત્યુ

સામેની ખુબાર લડત પછી કાંઈક સારું પરિણામ આવતું હોય તેમ ઓપરેશન થિયેટરમાં કામ કરી રહેલા નિષ્ણાતોને લાગ્યું જો કે બ્લડીંગ ખૂબ ખૂબ થઈ ગયું હતું એટલે પેશન્ટ બચવો મુશ્કેલ હોત. વળી પેશન્ટ ક્યારે ભાનમાં આવે તે કહી શકાય તેમ ન હતું.

- આમ છતાં સિવિલ સર્જન શ્રી પરીખ સાહેબે હિંમત રાખતાં કહ્યું હતું કે હવે પેશન્ટની હાલત ખૂબ ખૂબ સારી છે. પહેલાં કરતાં છોકરાને ખૂબ જ સારું છે છતાં પણ ભાનમાં આવતાં વાર લાગશે. 'સમય લાગશે હજુ ભાનમાં આવતાં' કહીને જયારે જાહેરાત કરી ત્યારે બધાયના પડીકે બંધાયેલા જીવને નિરાંત વળી; બધાયને ત્યારે શાંતિ વળી.

- માયાએ પ્રકૃતિની બેનપણીએ અકસ્માત કેવી રીતે બન્યો તે બનાવ બધાયને વિગતે કહી સંભળાવ્યો અને કહ્યું : 'પ્રકૃતિએ ઉમંગને ધક્કો માર્યો અને ધક્કો મારીને તે દોડવા ગઈ એટલે રીક્ષાવાળા જોડે અથડાઈ. ધક્કો વાગ્યો એટલે ઉમંગ નીચે ગબડી ગયો અને કારે અડફેટમાં લઈ લીધો.'

- ઉર્મિલાબેન મનમાં ને મનમાં બબડ્યા, અકળાયા.

- 'આ પ્રકૃતિ જ મારા એકના એક દીકરા વહાલસોયા દિકરાનો જીવ લેવા બેઠી છે તેનો તે જીવ લેશે ત્યારે જ જંપ વળશે. ત્યારે જ શાંતિ મળશે !'

- ગમે તે હોય પણ બેય છોકરાં-પ્રકૃતિ અને ઉમંગ બેવના જીવનને જગદાતા, પરમકૃપાળુ ભગવાને પોતાના આશીર્વાદ, અંતઃકરણના આશીર્વાદ સાથે જીવન બક્ષ્યું હતું.

જો કે ઉમંગની હાલત હજી જોખમ બહાર તો ન જ ગણી શકાય તેવી હતી.



# (૫)

- ક્યારેક માનવી એવા ચિત્રવિચિત્ર સંજોગોમાં મૂકાઈ જાય છે ત્યારે તેને પોતાને જાણે એમ જ લાગ્યા કહે છે કે આ જીવનનો બસ કાંઈ અર્થ જ રહ્યો નથી. મારા નસીબમાં તો બસ ઉપાધીના પોટલાં જ છે. નિરાશામય જીંદગી કરતાં મોતનો સુંવાળો સાથ સારો.

- આવા નિરાશ માનવીને મોત પણ સાથ આપતું નથી. તે વખતે તે માનવી બસ નસીબનાં રોદણાં રળીને કાંઈ પણ કામકાજ કર્યા વગર શૂન્યમનસ્ક થઈને બેસી રહે છે. બિલકુલ નિસ્પૃહ બનીને તે જગતની તમામે તમામ પ્રકારની ઝંઝટમાંથી છૂટી જવા તરફડીયા મારતો હોય છે. એ વખતે તેની દશા, અવદશા પર હસવું આવે છે.

- જયારે ઉપરવાળા ભગવાને ક્યારે કઈ મિનિટે શું થવાનું છે ? એ બધી મિનિટોનો હિસાબ કરીને આપણને જગતના સ્ટેજ પર આપણું પોતાનું પાત્ર યોગ્ય રીતે ભજવવા માટે આપણને મોકલી આપ્યા છે.ત્યારે પાત્ર ભજવતાં ભજવતાં મારા નસીબમાં આમ થયું હોત તો સારું ! મારે ઘેર બંગલો, ગાડી, વાડી, વજીડો અને રૂપાળી બેરી હોત તો સારું !- એ બધું ન મળતાં બસ કાયરતાની ચાદર ઓઢીને, નામર્દ થઈને બેસી રહેવું, એ કાંઈ જિંદગીનો કોઈ જુસ્સો કે કોઈ જામ નથી. આપણે તો પહાડ, પર્વત કે ખડકોની સામે પણ અથડાઈકૂટાઈને ખડકોને ધૂળ બનાવવાની

છે. હા એ માટે તમન્ના, ધગશ અને ઉત્સાહ, ઉમંગ હોવાં જરૂરી છે; કારણકે માનવીની જીંદગીમાં એ બધું જ પ્રાણવાયુ સમાન છે.

- ઉમંગ-નાનકડો, નિર્દોષ બાળક-મોતની સામે એકલો જ ઝઝૂમતો હતો; ટક્કર લઈ રહ્યો હતો ત્યારે તે વખતે નિરાશ થઈને કાયરતાની ચાદર ઓઢી લઈને-શૂન્યમનસ્ક-બાઘાની જેમ કનકપ્રસાદ બસ બેસી જ રહ્યા હતા.

- બધાએ તેમને ખૂબ ખૂબ સમજાવ્યા : 'જાવ, હવે તમતમારે નોકરી કરો ! ઉમંગની હાલત પહેલાં કરતાં સરસ છે અને તબિયત પણ સુધરતી જાય છે. તમે તમારી તમામ ચિંતા છોડીને નોકરી કરો....' પ્રકૃતિના પપ્પા અને મમ્મી કહેતા ત્યારે તે વખતે કનકપ્રસાદ અને ઉમંગની મમ્મીની આંખોમાં સાવન-ભાદરવો ઉભરાઈ જતો.

- 'જુઓ ઉર્મિલાબેન તમે મનમાં ઓછું શું કામ લાવો છો ? તમારો દીકરો એ મારો દીકરો અને મારા દીકરાને કાંઈ થવાનું નથી. હવે આ બિચારી છોકરી ઉર્વશીનો જરાક વિચાર કરો ! એ બિચારી દશ દિવસમાં રોઈ-રોઈને ખાધાપીધા વગર બિલકુલ અડધી થઈ ગઈ છે.' અનસુયાબેને કહ્યું.

- દશદશ પંદરપંદર દિવસો ખૂબ જ કટોકટીના વીત્યા પણ ત્યાર પછી ભગવાને બધાની સામે જોયું. હોંશિયાર ડોકટરોની સમયસરની સેવાથી તેમજ ભગવનાની મહેરબાનીથી ઉમંગ ભગવાનના દરબારમાં પહોંચી ગયો હતો તે મોતની સાથે જીવન સરેરાટનો ખેલ ખેલીને હસતો રમતો પરત આવ્યો, પાછો આવ્યો ત્યારે કનકપ્રસાદનું કુટુંબ અને પ્રમોદરાયનું આખું કુટુંબ બાધા કરવા પાવાગઢ જઈ આવ્યા અને મહાકાળીમાતાને ચૂંદડી પણ ઓઢાડી આવ્યા.

- માતાજીને પગે લાગતાં લાગતાં પ્રકૃતિ પોતાના પ્રાણથી પણ પ્રિય એવા-યુ-ઉમંગનું પિયુને 'હે માતા તન, મન, ધનથી રક્ષણ કરજો. તેને



ઉની આંચ ન આવવા દેશો અને તમામે તમામ પ્રકારની બધી મુસીબતો અને ઉપાધીના પોટલાંનો ભાર ખમવા ઉમંગના બદલે પોતે હરહંમેશ તૈયાર રહેશે !' એવી પ્રાર્થના પ્રકૃતિ કરી રહી.

- ઉમંગ તો મા પાવાગઢવાળી પાસે, માતાને બે હાથ જોડીને 'આખી ને આખી પ્રકૃતિ મને આપી દો, હે મા ! હું તેનું મારા જીવથી પણ વધારે જતન કરીશ ! તેને ઉની આંચ પણ નહિ આવવા દઉ ! ' પ્રકૃતિની માગણી કરી.

- નાનાનાના, ત્રીજા ચોથા ધોરણમાં ભણતા આ ટાબરીયા પ્રકૃતિ ઉમંગ એકબીજા સાથે આ રીતે એવા તો ઓતપ્રોત બની ગયા હતા કે જાણે પડછાયા....!

- કોઈ વાતનો ઝઘડો થાય ત્યારે ઉમંગ કહેતો : 'જારે જા, તારી જોડે નહીં બોલું.... તારી જોડે કોણ બોલે ? તે તો મને ધક્કો મારીને ગબડાવી પાડી ધરતી નીચે ધકેલી દીધો હતો !'

- આ વખતે પ્રકૃતિ ઉમંગની બહેન ઉર્વશીને કહેતી : 'જોને ઉર્વી, તારા ભાઈને કે' તારો ભાઈલો મને ચીઢવે છે અને એણે મારી કીટ્ટા કરી છે !'

- ઉર્વશી તે વખતે ઉમંગને બાવડેથી પકડીને ઢસડી લાવતી પણ બળજબરીથી છૂટી જઈને 'ઓં...ઓં...ઓં...ઓં... પ્રકૃતિયો પાડો....પાડો... ! કહી ચાળા પાડીને તોફાની ઉમંગ ભાગી જતો. અને આ ઝઘડો ઉમંગની મમ્મી પપ્પા તથા પ્રકૃતીના પપ્પા-મમ્મી પાસે પહોંચી જતો ત્યારે બધાય ભેગા થઈને સમજાવતા અને હળીમળીને રહેવાનું કહેતા.'

- પેટ્રોલપમ્પે પેટ્રોલ ભરવા આવેલા કોઈ વાહનની ટાંકીમાં

કેટલું - પેટ્રોલ નંખાયું તેનું માપ પેટ્રોલપમ્પના માથે લગાડેલો કાંટો કાઢીને તૈયાર રાખે છે તે પ્રમાણે મારી, તમારી અને આપણા બધાની જિંદગીમાંથી કેટલો સમય પસાર થઈ ગયો તેનો કોઈ દર્શક કાંટો આજ દિ' સુધી શોધાયો નથી. હા, બધા પોતાની જન્મતારીખ યાદ રાખીને આજ કઈ તારીખ થઈ ? તે નક્કી કરી આજની તારીખમાંથી પોતાની વર્લ્ડ-એન્ટ્રીની તારીખ બાદ કરીને પોતાના વીતેલા વર્ષો, મહિના, દિવસોના સરવાળા બાદબાકી કરી લેતા હોય છે ખરાં ! પણ આ બધા સમયમાં શું કરવા જેવું કર્યું ? અને શું કરવાનું ન કર્યું અને કરવાનું રહી ગયું ? તેનું સરવૈયું ભાગ્યે જ કાઢતા હોય છે.

- 'બેસવું હોય તો બેસી જાજો ગાડી (સમયની) ઉપડી જાય છે.'

- 'ટિકીટ માસ્તર ટિકીટ તપાસે દોડાદોડી થાય છે.'

- સમયની ગાડી ઉપડી જાય અને આપણી જોડે ટિકીટ ના હોય અને આપણે દોડાદોડી કરવી પડે તેમાં આપણા નસીબનો શો વાંક ? સમય તો વહેતો આવ્યો છે; વહેતો રહેવાનો અને વહેતો રહેશે જ.

- ઉમંગ અને પ્રકૃતિ આજકાલ કરતાં ક્યારે યૌવનના દ્વારે પહોંચી ગયા તેની તેઓ પોતાને ખબર પડી નહિ. યૌવનની ગંભીરતાની સાથે સાથે બન્નેમાં પહેલાંના જેવી જ નિખાલસતા હતી; બન્ને વચ્ચે સ્નેહની સાંકળ ખૂબ ને ખૂબ મજબૂતાઈથી બંધાઈ ચૂકી હતી.

- ઉમંગ બી.કોમ.ના ફાઈનલ ઈયરમાં હતો અને પ્રકૃતિ, આર્ટસના ફાઈનલ ઈયર બી.એ. વીથ ઈંગ્લીશ થઈ. તેની ઈચ્છા બી.એડ કરીને ત્યારબાદ એમ.એ. થઈ જવું અને નોકરી કરવી તેવો મનોમન મનસુબો ઘડ્યો હતો. ત્યાર પછી લગ્નની વાત.

- જ્યારે ઉમંગને નોકરીધંધામાં એક કલાકાર જીવ હોઈ તેને



પ્રકૃતિની ગોદમાં ખોવાઈ જવાનું ખૂબ ખૂબ ગમતું. કુદરતે વેરેલા પારાવાર સૌદર્યનું તે રસપાન કર્યા કરતો પહાડો, પર્વતો, ખીણોની ગહરાઈઓમાં પોતાનો કેમેરો અને પેઈન્ટીંગ કાર્ડસ, પેઈન્ટીંગ સરસામાનનો કોથળો ભરીને એટલું બધું ચડ્યા કરતો કે તેને કાંઈ જ ભાન રહેતું નહિ.

- પ્રકૃતિની ગોદમાં ભટકી રહેલા, ભમી રહેલા આ પુરૂષને ત્યારે જ ખબર પડતી : 'હવે હરાયા ઢોરની જેમ આમતેમ બાઘાની જેમ શું રખડ્યા કરે છે ? ભણવામાં ચિત્ત રાખને ! કોઈક સારો નોકરી બેંકમાં કરી લે એટલે શાંતિ.' જ્યારે કનકપ્રસાદ ઉમંગને ખખડાવતા ત્યારે તેને ખબર પડતી.

- ઉર્વશી પણ હવે બી.એ. સુધી ભણી ચૂકી હતી, તેની કાંઈ આગળ ભણવાની ઈચ્છા ન હતી. બરોડામાં સ્થાયી થયેલા-ખેડા જિલ્લાના-કપડવંજ ગામના- ખડાયતા વાણિયા કુટુંબના -ભક્તિદાસના એકના એક દીકરા કિર્તીની જોડે તેનો સંબંધ નક્કી થઈ ગયો હતો. બરોડાની સુસાગરની નજીકમાં જ કાપડની મોટી ધમધોકાર ચાલતી, દુકાન અને સુસાગરનું વલાતું પાણી અને તેનો સંધ્યા ટાણે રંગીન કિનારો જોઈ શકાય તે પ્રમાણે સગવડતાવાળો આધુનિક એવો ઉંચો, લાંબો, પહોળો એક બંગલો હતો.

- 'વરપક્ષેથી લગ્ન ચાલુ વર્ષે જ લઈ લેવું.' તેવો આગ્રહ હતો; જ્યારે ઉર્વશીના પક્ષે કનકપ્રસાદ તરફથી ઉમંગ ભણીગણીને નોકરી મેળવી લે પછી ભાઈ અને બેનના એકી ટાણે લગ્ન પતાવી નાખીએ !' એવો આગ્રહ હતો.

- આમ બન્ને પક્ષો વચ્ચે વાટાઘાટો ચાલતી હતી.

- એક વખત અનસુયાબેન પ્રકૃતિ અને ઉમંગ વચ્ચે અગાઢ અને ખૂબ ખૂબ માયાની લાગણીને પક્ષમાં લઈને બન્નેનાં લગ્ન થાય તો

સારું - તમારો શું વિચાર છે ? 'અનસૂયાબેને જ્યારે તેના પપ્પાને પૂછયું ત્યારે પ્રમોદરાય તાડુકી ઉઠ્યા : 'અરે ! તારામાં કાંળ બુદ્ધિ છે કે નહિ ? બુદ્ધિ વગરના બળદ જેવી વાત કરે છે.... ક્યાં આપણે સોની-મહાજન અને ક્યાં એ લોકો વાણિય-બ્રાહ્મણ ! ક્યાં રાજા ભોજ અને કયાં ગાંગો તેલી ? ફરીથી આ વાત મારા બા-બાપુજી આગળ ભૂલથી ય કરતી નહિ. એ રજવાડી મહાજન છે. ક્યાંક ઉકળી ન બેસે અને ગુસ્સામાં ને ગુસ્સામાં જેવા તેવા વેણ સાંભળવા પડશે, સમજી ?'

- તેમ છતાં 'મિયાંબીબી રાજી તો ક્યા કરેગ કાજી ?' એ ન્યાયે જયારે અનસુયાએ પોતાના સાસુ, સસરા-લક્ષ્મીબા તથા હરજીવનદાસ સમક્ષ આ વાત મૂકી ત્યારે બન્નેએ ઘસીને ધરાર ના સુણાવી દીધી. તેમણે મન મનાવી દીધું :

- 'અનસુયાબેન શું કરે ? હશે ભગવાનને ગમશે તે થશે.'



# (૬)

- જીંદગી કયા રસ્તે કેવી રીતે સડસડાટ કરતી દોટ લગાવે છે ? તેની કોઈને કાંઈપણ ખબર હોતી નથી. તેની દોડને કોઈપણ માઈનો લાલ આજ દિ' સુધી અંકુશ હેઠળ રાખી શક્યો નથી અને રાખી શકશે પણ નહીં. એની દિશા નક્કી, નિશ્ચિત હોતી નથી. જીંદગી એટલે જીંદગી. તેની કોઈ વ્યાખ્યા નથી કે કોઈપણ સરખામણી નથી. તે અનુપમ છે.

- ઉમંગ એક તરવરીયો યુવાન.

- ઉમંગ એટલે ખંતીલો, મહેનતુ અને સદાય હસમુખો યુવાન. જિંદગીની અવનવી ઢબથી તે એટએટલો ટેવાઈ ગયો હતો, જેથી જાતજાતના અવનવા અનુભવોથી તે એક-પછી-એક કાંચળી ઉતારતા સાપની માફક જિંદગીને એક અનોખું રૂપ આપી દીધું હતું.

પ્રકૃતિનો P અને ઉમંગનો U

પિ....યુ ! પ્રકૃતિએ ઉમંગને પોતાનો 'પીયુ' માની લીધો હતો. તેણે ઉમંગને પોતાનો માની લીધો હતો 'સપનોં કા દેવતા' નું બીજું નામ એટલે ઉમંગ !

- આજે પ્રકૃતિ બસ-સ્ટેન્ડ પર ક્યારનીય રાહ જોઈ જોઈને ડંસતી હતી; મનોમન ઉમંગને કેટકેટલી ગાળો આપી રહી હતી.

- 'અભાગિયા પેટનો, રાંડવો, વાઘરી ! મને અહીંયા બસ-સ્ટેન્ડે ભટકતી રાખીને એની કોણ જાણે કઈ 'મા' જોડે રખડતો હશે ? અહીંયા આવી જાય તો તેને તોડી નાંખું. ખોખરો કરી દઉં ! એ કતો છે જ એવો રખડેલ ! જાણે રખડતા ભૂત જેવો ! ભગવાન જાણે કયાં ચોઘડીયામાં એની માએ એને જણ્યો હશે....'

- આ બાજુ ઉમંગ પોતાના ઘરમાં અકળાતો હતો; આંટાફેરા મારતો હતો. પપ્પા તો બેંકમાંથી ક્યારનાય આવી ગયા હતા... પણ પણ મમ્મી શાકભાજી તથા ઘરગથ્થુ પરચુરણ ચીજ વસ્તુઓ લેવા માટે ક્યારનીય બે કલાકથી બહાર ગઈ હતી ! કોણ જાણે પાછી ક્યારેય આવશે ? ભગવાન જાણે પાછી ક્યારે આવશે ? તોબા તોબા ન આવી મમ્મી અને ન આવા પપ્પા !

- કનકપ્રસાદ જોષી-ઉમંગના પપ્પા-બેન્ક ઓફ બરોડાના બ્રાન્ચ મેનેજરશ્રી ! ઓફિસે બેન્કના મેનેજર પણ ઘરમાં પાંચીયાનું ય ચાલતું નથી. બેંકમાં એમની સહીથી પૈસાની રેલમછેલ ! જ્યારે ઘરે એક પણ પૈસો ખરચવો હોય તો પણ કાઢે ક્યાંથી ? ઘરની બધી જ સિલક ઘરના કેશિયર શ્રીમતી ઉર્મિલાબેન ઉર્ફે મમ્મીના હાથમાં હોય એટલે બિચારા બેન્કના મેનેજર પાસે નાણાં તો હોય જ ક્યાંથી ? ખિસ્સા ખાલી અને ભપકા ભારે ! મમ્મી દરરોજ રૂા. ૨૦/- માત્ર વીસ રૂપિયા જ પપ્પાને આપે, જે સીગારેટ અને પાનમાં વપરાઈ જાય ! પછી પપ્પા બીજા વધારાના પૈસા લાવે ક્યાંથી ?

- પોણા-છ-થવા આવ્યા તોય મમ્મી ના આવી ? 'સપનોંકા દેવતા'ના સ્વપ્નો સળગીને રાખ થઈ ગયા ! બિચારો ઉમંગ ! મનમાં ને જમાં મુંઝાતો હતો... તેની મનોદશા કેવી ?



- દરિયામાં ફસાયેલી કોઈ નાવિક જેવી !

- ઉમંગના પપ્પા કનકપ્રસાદ જોષી બેન્ક ઓફ બરોડાના બ્રાન્ચ મેનેજર સાહેબશ્રી, જેઓના ઘરે કાંઈ જ ક્રેડીટ હતી નહી. રસકસ વગરના શેરડીના સાંઠ જેવા હતા. એ !

- પોતાના પપ્પા જોડે જો રૂપિયો-બે રૂપિયા ન હોય તો પછી પચાસ - સો રૂપિયા તો હોય જ ક્યાંથી ?

- દિવાલ પર લટકાવેલા ઘડિયાળના લોલકની જેમ એક તરફથી બીજી તરફ જતાં-આવતાં લોલકની જેમ ઉમંગ પોતાની રૂમમાં આંટાફેરા મારી રહ્યો હતો.

- 'ખટાક...ખટ...' દરવાજો ખખડ્યો... આતુરતાનો અંત આવ્યો. તેની મમ્મી ખરીદી કરીને આવી ગયા પછી મમ્મી પાસે પૈસા કેવી રીતે માંગવા ! તેની ગડમથલમાં તે પડ્યો હતો.

'મમ્મી, વીસેક રૂપિયા આપને !' ઉમંગ ઉવાચ....

'કેમ ? શું કરવા છે ? ક્યાં રખડવા જવું છે ?' મમ્મીએ કડક સેનાપતિની માફક પૂછયું.

'બસ... વાપરવા છે. જવું છે. તારે આપવા હોય તો આપ ?'

- ઉર્મિલાએ થોડી કચકચ કરી; થોડો કકળાટ કર્યો અને બબડતા બબડતાં તેની માગણી મુજબના રૂા. ૨૦ આપ્યા.

- ઉર્મિલા પોતાના પતિને કન્ટ્રોલમાં રાખી શકતી હતી. કનકને ખખડાવીને, ધમકાવીને તેની આગળ દાદાગીરી ઠોકીને તેને અંકુશ હેઠળ રાખવો એ ઉર્મિલાએ મન રમત જેવી વાત હતી.

જ્યારે ઉમંગ પોતાના દીકરાની આગળ મા કોઈ બરફની શીલા ધીમે ધીમે પીગળી જતી અને છેવટે ઉર્મિલાની હાર થતી. માની મમતાની હાર થતી અને ઉમંગની જીત થતી. પુત્રની હઠનો વિજય થતો ત્યારે અને ઘણી વખત ઉમંગના પપ્પા કનક જોષી ઉમંગની મમ્મીને કહેતા કે : 'જો ઉર્મિ, તારા વધારા પડતાં લાડ, પ્યારે તારાછોકરાને ફટવી માર્યો છે. જો જે તારે ભવિષ્યમાં માથા કૂટીકૂટીને રડવું પડશે.'

- 'રડે તમારા દુશ્મન ! મારે તો એકનો એક 'દેવનો દીધેલ દીકરો છે એટલે હું તો તેને ફૂલની જેમ ઉછેરવાની, તમારાથી થાય તે કરી લેવાનું. હવે તમતમારે બેન્કમાં જવાનો ટાઈમ થઈ ગો ! ઉર્મિલા જવાબમાં પોતાના પતિને બેન્ક તરફ જવાનો રસ્તો બતાવતી અને બિચારો કનક લપનછપન કર્યા વગર પોતાની નોકરી કરવા ઉપડી જતો.

- રૂા. વીસ મળ્યા એટલે જાણે ઈન્દ્રનું ઈન્દ્રાસન મળી ગયું તેમ માની સીધો બસસ્ટેન્ડ તરફ વળ્યો ! પોતાની પ્રિયતમાને મળવાને માટે.

- 'સપનોં કા દેવતા' ની રાહ જોઈને પ્રિયતમા પ્રકૃતિ થાકી ગઈ હતી. મનમાં ને મનમાં લાખો ગાળો ચોપડાવતી પ્રકૃતિએ જ્યારો રઘવાયો રઘવાયો બનીને આવતા ઉમંગને જોયો ત્યારે મનમાં ને મનમાં ખુશ થઈ ગઈ.... પણ બહારથી ખોટા ગુસ્સાનો ભાવ દર્શાવતી 'જહન્નમમાં જાય તમારું પિકચર !' બોલીને જ્યારે ચાલવા માંડી ત્યારે પ્રકૃતિની પાસે જઈ ઉમંગે કહ્યું : 'જો હું ઘણી જ મુસીબતોમાંથી રસ્તો પાર કરીને આવ્યો છું. હવે તું નહી આવે તો મારો બધો જ મુડ માર્યો જશે પ્લીઝ, મને સમજવાની કોશિષ કર!'



પછી એ'...ઈ...રિક્ષા....' કહી તેણે રિક્ષા બતાવીને 'સપનો કા દેવતા' ના સિનેમા તરફ જવું છે તેમ રિક્ષાવાળાને કહી ત્યાં લઈ જવા સૂચના કરી. પ્રકૃતિ-ઉમંગ બન્ને જણા રિક્ષામાં ગોઠવાયા.

'ખરરર....ખર...' રિક્ષાએ ગતિ પકડી.

'પ્રકૃતિ, હજુ શો શરુ થવાને દશ મિનિટ બાકી છે' ઉમંગ ઉવાચ.

બન્ને જણ 'સપનોં કા દેવતા' એકબીજાને માનવાની મનાવવાની કોશિષ કરતા હતા......

❖

- માનવી ઘણી વખત પોતે જે નથી હોતો (તેવું બહારથી) તે છે તેવું બહારથી દેખાય તે પ્રમાણે દંભ કરતો હોય છે. આવા દંભીઓ ભલાની દુનિયાને છેતરી રહ્યા છે. અને આ ચક્કર પુરું થયા સુધી છેતરતા રહેશે. આ દુનિયાને દુનિયાના માણસોને દંભ ખૂબ ખૂબ ગમતો હોય છે. પણ દુનિયામાં ઘણા માણસો એવા પણ હોય છે, કે જે ખુલ્લંખુલ્લાં ખરી હકીકતતો બુલંદીથી ઘટસ્ફોટ કરતા હોય છે. તેઓ એક પ્રકારની ખુમારી ધરાવતા હોય છે, આવા માણસો દુનિયામાં ઘણા ઓછા હોય છે. જ્યારે પોતાની હકીકત, ખરી હકીકતને કાળજીપૂર્વક છૂપાવી રાખીને દુનિયાદારીથી ડરીને આવનારાઓને પણ એક એવો અલાયદો વર્ગ છે. ખરી હકીકત ન કહેવાથી ક્ષમતા ન ધરાવવી એ પણ એક જાતની બિમારી છે. તેમાં જે તે માણસની કાયરતા, ડરપોકપણું જોવા મળે છે. અને તેના જ કારણે તેવા જ માણસો પારાવાર દુ:ખી થતા હોય છે અને ઘણું બધું

સહન કરતા હોય છે.

- 'સપનોં કા સોદાગર' ની ચાલુ ફિલ્કે બાલ્કનીમાં બેઠા બેઠા ઉમંગ પોતાની મહેબુબાને એકબીજાના મમ્મી પપ્પાને એકબીજાની સાચી હકીકત જણાવી દઈને હવે જલ્દીથી લગ્ન કરીને પ્રભુતામાં પગલાં પાડવાં સમજાવી રહ્યો હતો. જ્યારે જવાળામાં પ્રકૃતિ હમણાં શું ઉતાવળ છે ? એક તો તમારે નોકરી-બોકરી-ઘર-કે કશાનું ઠેકાણું નથી અને પાછા ઘર માંડવાની વાત કરો છો ?' અકળાતી હતી, ગુસ્સે થતી હતી. અને ઉમંગને પોતાના સંબંધની વાત એકબીજાના મમ્મી પપ્પાને ન કહેવા સમજાવતી હતી.

- 'પણ હું ક્યાં ઘર-બાર કે મા-બાપ વગરનો છું.' અને નોકરી કરવાનો મને શોખ નથી. મારો શોખ તો તું જાણે છે ને ? એક ફરવું અને બીજું પેઈન્ટીંગનું કામ કરવું ! પ્રકૃતિ, બારસોથી અઢારસો રૂપિયા હું ચપટીમાં કમાઈ લઉં તેમ છું. આપણો એક ફોટો સ્ટુડીયો 'સપના' ખોલી દઈશું ! પછી ખાઈશું, પીશું અને મજા કરીશું !'

- ઉમંગ જ્યારે આવા સ્વપ્નો જોતા ત્યારે-હવે 'સ્વપ્નો' પછી જોજો પહેલાં 'સપનોં કા દેવતા' જુઓ પછી આગળ વાત વિચારશું !' કહી પ્રકૃતિએ ઉમંગનું ધ્યાન બીજી દિશાએથી પિકચર તરફ દોર્યું. ત્યારે તે વખતે ઉમંગે કહ્યું - 'પ્રકૃતિ, અમુક વખતે અમુક અમુક જાતનો નિર્ણય લઈ લેવો જરૂરી હોય છે. તે વખતે નિર્ણય ન લેવામાં આવે તો તે હકીકત ખતરનાક સાબિત થાય છે, જેની જીવનભર ગંભીર અસરો પહોંચતી હોય છે. આથી જ હું તને એક ચેતવણી આપી રહ્યો છું કે આપણે આપણા પપ્પામમ્મીને આપણા પ્રેમસંબંધની વાત કરી દઈએ.'



જ્યારે ઉમંગે લાંબુલચ્ચ ભાષણ તેના કાનમાં ધીરે ધીરે સંભળાવ્યું ત્યારે - 'હવે મારા બાપા, મારા પર મહેરબાની કરો તો તમારો મોટો મોટો ઉપકાર ! હું અહીંયા 'સપનોં કા દેવતા' પિકચર જોવા આવી છું, નહી કે તમારા ભાષણો સાંભળવા. 'તેણે ગુસ્સે થઈને ઉમંગને ખખડાવ્યો ત્યારે ઉમંગ ચૂપ થઈ ગયો. બિચારો પુરૂષ કરે પણ શું ?

# (૭)

- કનક જોષીને પોતાના દીકરા ઉમંગને પોતાની જેમ જ 'બેન્ક ઓફ બરોડા' માં પોતાનો દીકરો નોકરી કરે તે વાત ખૂબ ખૂબ પસંદ હતી. પરન્તુ દીકરાને બેન્કના કારકુન તરીકે લાખોના હિસાબો રાખવા, આવક જાવની નોંધ કરવી, બેન્કના લેજરો ઉથલાવવા અને પારકાંના હિસાબોની પાસબુકો નિભાવવી (મેન્ટેઈન કરવી) એ વાત મુદ્દલેમ પસંદ ન હતી. એ હકીકત એક કડવી ઝેર દવાના ઘૂંટ જેવી લાગતી હતી. તેથી જ ત્યારે તે પોતાના દીકરા માટે ભરતી થવા માટે કારકુનનું અરજીફોર્મ લઈ આવ્યા અને તેમાં જરૂરી હકીકત ભરી દરમાયેજી પૂરવા સાથે 'બેન્કિંગ સર્વિસ રીક્રુમેન્ટ બોર્ડ' ને અરજી કરવાની પૂરીપૂરી વિગત સમજાવી ત્યારે -

- 'પપ્પા, મારે નોકરી કરવા નથી. મારે તો મારો પોતાનો એક સ્ટુડીઓ ખોલવો છે. મારે ધંધો કરવો છે. તમારાથી બની શકે તેમ હોય તો મને બેન્ક મારફતે લોન અપાવો.'

- 'આ સાંભળી પપ્પાએ પોતાનું કપાળ કૂટ્યું; જ્યારે મમ્મીએ પોતાના દીકરાનો પક્ષ લઈ,'

- 'મારો દીકરો નોકરી કરવી ના પાડે છે તો તે નોકરી નહીં કરે તોય શું ખાટુમોળું થઈ જવાનું છે ? તમે નોકરી કરી કરીને જિંદગી



કાઢી એટલે બસ ! તમતમારે બેંકમાંથી ભાળે કે રૂપિયાની લોન અપાવો તો ઘણું.' ઉર્મિલાએ દીકરાનો પક્ષ લીધો.

- છેવટે માદીકરાનો પક્ષ મજબૂત બન્યો એટલે બાપને એ લોકોની વાત કબૂલમંજુર રાખવી પડી. બેન્ક મારફતે ભલામણ કરીને સરકારશ્રીમાં 'ફોટો સ્ટુડીયો' ખોલવા માટે પચીસ હજારની લોન મંજૂર કરાવી આપી. રાજપીપળા શહેરના ભરચક વિસ્તાર જે વિસ્તારને કોઈ માનવીના હૃદયની જેમ અગત્યનો વિસ્તાર કહેવાય. માનવમહેરામણથી ધબકતો રહેતો આ બજારનો ભાગ 'નવરંગ' શરૂ થઈ ગયો... તે દિવસે ઉમંગ, પ્રકૃતિ અને ઉમંગના માતા-પિતા ખૂબ-ખૂબ ખુશ હતા જાણે સોનાનો સૂરજ ઉગ્યો ન હોય !

- એક દિવસ સાંજે ઉમંગ અને પ્રકૃતિ બગીચામાં મળ્યાં.

'પ્રકૃતિ, આપણે હવે લગ્ન કરી લઈએ !'

'કેમ બહુ ઉતાવળ છે, એમ ને ?'

'ના, પ્રકૃતિ પહેલાં તુ અને હું ભણતા હતા; નોકરી કે બીજો કોઈ ધંધો હતો નહીં એટલે પાંચ પૈસા માટે પણ બાપ પર આધાર રાખવો પડતો ! હવે એવી કોઈ વાત રહી નથી. તારે સ્કુલમાં નોકરી છે અને હું પણ 'નવરંગ સ્ટુડીયો' નો માલિક છું; બિઝનેશમેન છું. કામધંધા વગરનો નથી એટલે આપણે કાંઈ પ્રોબલેમ નથી. પ્રકૃતિ ! હવે આપણે 'મેરેજ પ્રોબલેમ' નો નિકાલ કરી નાંખીએ.

'તારે તારો પ્રોબલેમ ઉકેલી નાખવો તો તું તારે ઉકેલી નાંખજે ! મારે કાંઈ ઉતાવળ નથી.'

- 'પણ આ કાંઈ મારા એકલાનો પ્રોબલેમ નથી. આપણા બન્નેની એક સળગતી સમસ્યા છે. કાયમનો કકળાટિયો કોયડો છે.

મને એ વાત સમજાતી નથી. તું આ વાતને ગંભીરતાથી શા માટે વિચારતી નથી ? તારે દરેક વાતને બેફીકરાઈભરી નજરે જોવી ન જોઈએ. ક્યારેક નજીવી વાતો પણ ગંભીર ઘટનાનો આકાર ધારણ કરી લેતી હોય છે. તારામાં, તારા સ્વભાવમાં ગંભીરતા નથી; કાયમ માટે ચંચળતા રહેલી છે. '

- 'ચાલો, મારા સાહેબ હું હવે સાગરની જેમ ધીરગંભીર બની ગઈ ! હવે કહો, બોલો જે કાંઈ કહેવું હોય તે !' કહી તેણે પોતાનો મુખપ્રદેશ ધીર-ગંભીર કરી નાંખ્યો.

- 'જો આપણે આપણા લગ્નની સમસ્યા ઉકેલી નાંખીએ !'

- 'ભલે, હું મારા મા-બાપુજીને અને ઘેર બધાને વાત કરીશ! એ લોકો આપણી વાતને ગંભીરતાથી વિચારશે અને મારા ઘરવાળા બધા નક્કી કરશે એટલે હું જાતે નક્કી કરીશ અને પછી તમને કહીશ ! બરાબર ને ?'

- 'ના, એ વાત બરાબર નથી. આપણા બન્નેની પોતાની વ્યક્તિગત બાબતનો રસ્તો આપણે જાતે જ કરવો જોઈએ ! ઘરના માણસોએ આ બાબતમાં દખલગીરી કરવાનો કોઈ હક્ક પહોંચતો નથી એવી મારી માન્યતા છે.'

- 'તમારી માન્યતાને હું સમર્થન આપું છું.... પણ ઘરના માણસોનો અભિપ્રાય લેવો જોઈએ. ઘરના માણસો એટલે ઘરના માણસો. એ કાંઈ પારકા થોડા છે ? એ લોકો આપણા ભલા માટે ઘણું બધું વિચારતા હોય છે !'

- 'એ લોકો ભલે આપણા બન્નેના ભલા માટે આખી જીંદગી સુધી વિચાર્યા કરે ! મને એમ લાગ્યા કરે છે કે - 'આ મને આમ



આખી જીંદગી જતી રહેશે માટે જ પ્રકૃતિ હું તને ખરું કહું છું કે સહુ પ્રથમ આપણે આપણા ભલાની વાતનો વિચાર કરતાં શીખી લેવું જોઈએ ! એ બાબતનો રસ્તો આપણે કરી લેવો જોઈએ. ! ઉમંગે કહ્યું.'

- 'ભલે, તું તારું ભલું વિચાર્યા કર ! મારે મારું ભલું વિચારવુ નથી. આમેય મને પોતાને ટાઈમ પણ નથી. મને તો અત્યારે ખૂબ ખૂબ ભૂખ લાગી છે ! કેવળ વાતોના વડાથી પેટ ભરવાનું નથી.'

- પ્રકૃતિએ કહ્યું એટલે બન્ને જણ ઉઠીને જીવન-બાગની સામે આવેલ 'આશા રેસ્ટોરન્ટમાં ગયા અને 'સમોસા-ભેળપુરી' પેટભરીને ખાઈ લધા પછી... . છુટા પડતી વખતે....

- 'હવે આપણે ક્યાં અને કયારે મળીશું ?'

- 'અહીંજ અને આ સમયે, સમજી ગયા મિસ્ટર ! યુ...'

- 'ભલે !'

- બન્ને છુટા પડ્યા. ઘરે પાછા વળતી વખતે 'કાંઈક વિચારવું પડશે અને કોઈકે કોઈક રસ્તો કાઢવો પડશે ! આજે ઘરે બા-બાપુજી બધાને વાત કહીશ !' પ્રકૃતિએ મનોમન નક્કી કર્યું.

- આ બાજુ છુટાપડ્યા પછી 'નવરંગ સ્ટુડીયો' માં આવીને ઉમંગ વિચારતો હતો : 'સાલી આ તે કાંઈ જીંદગી છે ! આપણી પોતાની અંગત બાબતનો આપણે પોતે વિચાર કરી શકતા નથી ? આપણે આપણા જીવનની મહત્વની બાબતનો નિર્ણય નક્કી કરી શકતા નથી, તો પછી આપણા, મારા-પોતાના-તારા-તમારા બધાના સ્વતંત્ર અસ્તિત્વનો અર્થ શો ? હું સ્વતંત્ર રીતે શ્વાસોશ્વાસ લઈને જીવતો હોઉં તો તે જ રીતે મારા પોતાના મા-બાપનો એકનો એ

દીકરો એટલે કે લોકો મારા ભલા-બૂરા વિષે વિચારતા રહે અને મારે એ લોકો કહે તે પ્રમાણે કર્યા કરવાનું ? મશીનરીની માફક દુનિયાના બધા લોકો નચાવ્યા કરે તે પ્રમાણે નાચ્યા કરવાનું ? એના કરતાં આ બાર-બાર મણના બોજા જેવી લાગતી જિંદગી ના હોય તો સારું....

- આજે તો બા-બાપુજીને ખુલ્લા દિલે વાત કરીશ અને લોકોને ખુલ્લંખુલ્લાં કહી દઈશ કે હું જે ચાહું છું; હું કે કાંઈ ઈચ્છું છું તે પ્રમાણે મને કરવા દો... નહીં તો એનું પરિણામ બરાબર નહીં આવે !

- આવા આવા વિચારો ઉમંગને કોણ જાણે કયાં સુધી આવતા રહ્યા.... છેવટે કંટાળો આવ્યો એટલે કંટાળીને 'નવરંગ' ને તાળું મારીને તે ઘર ભણી ઉપડયો.

- જિંદગીમાં કેટલીક વખત એવા એવા પ્રસંગો આવે છે કે જેપ્રસગે આપણે આ પાર કે પેલે પાર એમ નક્કી કરી કાંઈક મહત્વપૂર્ણ લેવો પડે છે. આપણા માટે આ વેળા નિર્ણય લેવો ખૂબ જરૂરી બની જતો હોય છે. જો સમયસર નિર્ણય લેવામાં ન આવે તો આપણને ખૂબ જ પારાવાર નુકશાન થવાનો સંભવ રહે છે. વળી જિંદગીમાં ક્યારેય ન પુરાય તેવી ખોટઉણપ રહી જવા પામે છે. જે ખોટ- ઉણપ રહી જવા માટે છે. જે ખોટ-ઉણપ આપણને જિંદગીભર ચાલતી હોય છે.

- 'કેમ દીકરા, આજે કાંઈ બહુ જ ઉદાસ લાગે છે ?' ઉમંગની પચાસ વર્ષની મમ્મીએ પોતાના એકના એક વહાલસોયા દીકરાના માથે હાથ ફેરવતાં બોલી.

- 'નારે...ના.. મમ્મી ! એવું કશું નથી આ તો મને મારા ધંધાની ચિંતા થાય છે. ધંધો બરાબર જામતો નથી..' તેણે પોતાની મા આગળ સાચી વાત છુપાવી.



- 'ચૂલામાં જાય ધંધો ! ખાતી વખતે તો નિરાંતે ખા !' ઉમંગના મમ્મી ઉવાચ....'ઉર્વી ઉર્વી બેટા ! ઉમંગ માટે થોડી ખીર લાવી દે ને !' ઉર્મિલાએ રસોડામાં બેઠેલી ઉર્વશીને બૂમ પાડી.

- 'ના...રે... મમ્મી. મને બહુ ભૂખ નથી.' કહી હાથ ધોઈ હાથમોઢું લૂછી ઉમંગ ઉભો થઈ ગયો.

- 'આ ધંધાની લાયમાં તે લાયમાં મારો દીકરો પૂરેપૂરું ખાતોય નથી.' મમ્મી સવગત બબડી.

- ઉમંગ પોતે પોતાના મનમાં લાગેલી લ્હાય પોતાની મમ્મી તથા પપ્પાને કેવી રીતે દેખાડી શકે ? પોતાની જવાબદારી તેમજ પોતાની બેનનો સારે ઘેર, મોટા ઘરે બંધાયેલા સંબંધની સાંકળો ઉમંગના હાથ બાંધી દીધા હતા તે આ સમયે કાંઈપણ કરી શકે તેમ ન હતું....

જેમ તેમ, જમીને અકળાયેલો, બેચેન, બેબાકળો ઉમંગ બજારમાં લટાર મારવા બહાર નીકળી પડ્યો. સફેદ લેંઘો, સફેદ પહેરણ અને સાદા ચમડાના ચંપલોમાં સજ્જ જેવો તે ખિસ્સામાં હાથ રાખી વહ્યો જતો હતો જાણે બધીય મુસીબતોનો તોડ, બધી ઉપાધીઓનો ઉકેલ તેના બન્નેય પહેરણના ખિસ્સામાં ન રાખી મૂક્યો હોય !

❖

# (૮)

- દીકરીને કાંઈ હાથે કરીને કૂવામાં ઓછી ધકેલી દેવાય ? સાવ જાત-ધર્મ-વર્ણ-કુળ-કુટુંબકબીલા વગેરેની પૂરેપૂરી વિગતો તપાસ કર્યા કરાવ્યા વગર કાંઈ છોકરીને બિલકુલ અજાણ્યા એવા પારકા ઘરે કાંઈ થોડી જ વિદાય કરી દેવાય ?

- પ્રકૃતિએ પેટ ખોલીને પોતાની 'મા' આગળ કરેલ વાતની બધાએ મા-બાપ, દાદા-દાદી તથા સ્વજનોની પૂરેપૂરી ધીરગંભીરતાથી ભેગા થઈને ખુલ્લા દિલે ચર્ચા કરી હતી અને સર્વેને પ્રકૃતિ અને ઉમંગ વચ્ચે સંબંધ બંધાય તેવું કોઈને મંજુર ન હતું બધારે ઉપરોક્ત બાબતનો જોરદાર વિરોધ કર્યો. પ્રકૃતિના દાદા-દાદીએ તેની મમ્મીને અને પપ્પા બન્નેયને ખૂબ ખૂબ કહેવાય ન કહેવાય કે ન સહેવાય તેવા શબ્દો કહ્યા અને હવે પછી પ્રકૃતિની તમામ પ્રકારની હિલચાલ પર ચાંપતી નજર રાખવા સૂચના કરી; કહ્યું : 'જોજો હોં, છોકરી છે. હાથથી જતી ના રહે હોં નહીં તો આપણા સમજમાં મોં દેખાડવાનું નહીં રહે. તમારાથી જ 'નાક નીચું અને પેટ ઉંચું !' એ પરિસ્થિતિનો સામનો થઈ શકશે ?'

- પ્રકૃતિના કાને જાણે-અજાણે ઘરમાં, કુટુંબમાં થતી આ બધી વાતો અથડાતી કુટાતી રહેતી. તે આ બધું સાંભળવા છતાં જાણવા છતાં કશુય ન સાંભળ્યું હોય, કાંઈ પણ જાણતી ન હોય, તે પ્રમાણે વર્તન કરતી; ઢોંગ કર્યા કરતી તેને આ પ્રકારનું વર્તન માફક આવી ગયું હતું.



- પ્રકૃતિ પણ પોતાના વિશે ઘણું બધું વિચાર્યા કરતી. પોતે હકીકત સારી રીતે જાણતી હતી. સમજતી હતી કે ઉમંગ સાથે પોતાનો સંબંધ થાય તે બાબત ઘરના, કુટુંબના તમામને કબુલ મંજુર નથી. એટલે જો પોતે ઘરના તમામની ઉપરવટ જઈને ઉમંગની સાથે સંબંધ બાંધશે અને લગ્ન કરી ઘરસંસાર શરૂ કરશે ત્યારથી અને તે તારીખથી 'હવેલીવાળા મહાજન'ના કુટુંબ સાથેના સંબંધ પર પૂર્ણણવિરમ આવી જશે અને પોત પોતાના મા-બાપ, દાદા-દાદી અને ઘરના કુટુંબના તમામ સાથે હસી-બોલી શકશે નહીં અને બીજું કાંઈ પણ કરી શકશે નહીં.

- તો પછી હશે શું કરવું ?

- આ સળવતી સમસ્યાનો ઉકેલ કેવી રીતે કાઢવો ?

- બિચારી પ્રકૃતિ ! મનોમન મુંઝાતી રહી હતી; ગભરાઈ રહી; અકળાઈ રહી. એક બાજુ ઉમંગ તેને લગ્ન કરવા માટેની ફરજ પાડી રહ્યો હતો, જ્યારે જો પોતે પોતાના કુટુંબમાં એ હકીકતની રજુઆત કરે કે પોતે ઉમંગ સાથે લગ્ન કરવા માગે છે તો ત્યારે તે જ વખતે તેના કુટુંબમાં મોટું તોફાન મોટું વાવાઝોડું ઉતરી પડે તેમ હતું ! વળી તેના ઘરની, કુટુંબની સુખશાંતિ અને આબાદી પર પૂળો મૂકાઈ જાય તેમ હતું, જે તેને પોતાને કબુલમંજુર ન હતું.

- પોતાના અલગ બેડરૂમમાં તેણે આખી રાત સુધી અડખાં-પડખાં ફેરવ્યા કર્યા.... પણ તેનું મન વિચાર વંટોળમાં ફસાઈ

ગયું; તેને ઊંઘ જ ન આવી. છેક વહેલા મળસ્કે આંખ ઓટોમેટીક રીતે ક્યારે મીંચાઈ ગઈ, તેની ખુદ પોતાને ખબર ન રહી....

❖

- ઉમંગ ! અને ઉમંગવિહીન એવું ઉમંગનું હૈયું !

- એક બાજુથી બીજી બાજુ તરફ અથડાતા, કૂટાતા મોજાંઓની જેમ તેનું હૈયું જાતજાતના વિચાર-વંટોળ વચ્ચે અથડાતું કૂટાતું રહ્યું.

- ભલા જીવ તારે આ ઉપાધી શીદને ?

- પ્રકૃતિએ પુરૂષને સ્વતંત્ર રહેવા માટે, સ્વતંત્ર રહીને હરવાફરવા માટે મોજમઝા કરવા માટે સર્જન કર્યું છે. આકાશમાં વિહરતા પંખીની માફક કોઈ પણ જાતની ચિંતા-પરવા કર્યા વગર જગતમાં ફકીર પોતાની તમામ ફીકરને જગતના માથે ઘા કરી દઈ, પછી પોતે બિન્દાસ રહીને ફરે છે. તેવી જ જાતની મઝા લૂંટવા પરમાત્માએ પુરુષને ઘડ્યો છે. પરમાત્માએ 'પ' પ્રકૃતિને અને 'પ' અને પુરુષનો 'પ' એ બધા સ્વતંત્ર રહેવા માટે સર્જાયેલા છે. કોઈ જાતનું બંધન તેઓને ગમતું નથી; લાચારી અને મજબૂરીને તો તેઓ ઠોકરે મારીને ઠેકડી ઉડાડે છે.

- પર્વત, પવન, પાણી, આકાશ, દરિયો તથા બીજા બધા કુદરતના અવનવા રૂપો સ્વતંત્ર રીતે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવાની વૃત્તિ વાળા છે જ અને કાયમ માટે તે એ મુજબની વૃત્તિ ધરાવતા રહેશે.

- પર્વત-અડગ-ખડક એ ખડકની અડકતાનું એક પ્રતિક છે. 'સર કટા શકતે હૈ લેકીન સર ઝુકા શકતે નહિ-' કોઈ દિ' કોઈ પર્વતે કોઈ ખડકે પોતાનું શિરછત્ર બીજાઓની શરણે ઝુકાવેલું સાંભળ્યું ?



હા, પુરાણ કથામાં એક મુનિ એક ખડકને આડો પાડીને ક્યાંક વહ્યા ગયા હતા. અગત્સ્ય મુનીએ પણ અડગતાની જીવંત મૂર્તિ હતા. અગત્સય મુનિએ વિંધ્યાચળ પહાડને આડો પાડીને પછી કહ્યું કે : 'બેટા, હું તને ચોકકસ જમાડવા માટે તારો ઉદ્ધાર કરવા માટે કાલે આવીશ.'

અગત્સ્ય મુનિ ગયા એ ગયા. આજદિન સુધી એ પણ આવ્યા નથી. અગત્સ્ય મુનિ ગયા પણ પોતાના વાયદાને અહીં યાદગીરી રાખવા આ જગતમાં મૂકતા ગયા. 'અગત્સ્યના વાયદા' એ યાદગીરી છે; એક સ્મૃતિ છે.

- પવન, પાણી, દરિયાને કોણ બાંધી શકે ? કોણ પવન, પાણી, દરિયાને નાથી શકવા સક્ષમ છે ? કોઈ નહીં. પવન, પાણીનું રૂપ ચંચળ છે. નટખટ બાળકના પેલા રમતિયાળ સ્વભાવથી પણ વિશેષ ચંચળ છે; લપસણું છે. પવન, પાણી કે દરિયાને રોકવા આપણે બધા મિથ્યા પ્રયાસો... પણ એ બધું મિથ્યા છે; અર્થ વગરનું છે. પાણી અને પવન એ બે પ્રકૃતિના રૂપોને કોઈ રોકી શકતું નથી; તેમની ગતિમાં વિક્ષેપ પડી શકતો નથી. એ પ્રકૃતિની અણમોલ ભેટ છે.

- આકાશને મળવું છે ? તમો આકાશને મળી શકશો ?

- આકાશને બાથમાં કોઈ દિ' લેવા ખરૂં ? આકાશ એટલે આકાશ અને આકાશ એટલે શૂન્યાવકાશ, આકાશમાં દરરોજ દિવસે અને રાત્રે ઉગતા-આથમતા દીવાઓ સૂર્ય, ચંદ્ર, અસંખ્ય તારાઓ ગ્રહો અને ઉપગ્રહો એ બધા જ સ્વતંત્ર છે. આકાશમાં ખામોશપણે ખરી જતી 'આકાશગંગા' ના એ આકાશી કુદરતી પાણી (દુધિયા)

માં નાહી લેવાનું ઘડીક મન થાય છે; મારું-તમારું-સર્વનું મન પલળી જાય છે. આપણે બધા આપણા સૂકા હોઠ પર આપણી ભીની ભીની લાલચુ જીભ ફેરવી લઈએ છીએ તે બધું જ અર્થ વગરનું છે.

- પ્રકૃતિ સ્વતંત્ર મિજાજની છે અને સ્વતંત્ર રહેવા માટે સર્જાયેલી છે. પુરુષ પણ સ્વતંત્ર મિજાજનો હોવો જોઈએ; કારણકે પ્રકૃતિ અને પુરુષ એ એક જ બાપના દીકરો અને દીકરી સમાન છે. ત્યાર પછીની એક દીકરી તે એક ઓરત-પુરૂષની અર્ધાંગના પરમાત્માએ દીકરીનું પઠન કરીને સાચે જ હાથ ધોઈ નાખ્યા છે પણ સાથે તેનામાં કાબરની કલબલ, હરણી જેવી ચંચળતા અને કોમળતા, અમરવેલ જેવી પરોપજીવી જીવન જીવવાની વૃત્તિ વગેરે ખાસ ખાસ પ્રકારના ગુણધર્મો આવ્યા છે.

- પુરૂષ એક સિંહ જેવો અડગ રહીને ગમે તેવા વિકટ પરિસ્થિતિ વાળા સંજોગો સામે ઝઝુમી શકે છે; પોતાની તાકાત સજાવી જાણે છે.

- જ્યારે નારી ઝુકાવી શકતી, પણ સામે પક્ષે ઝુકી જતી હોય તે સ્ત્રીમાં સાહસિકતા છે. સાહસવૃત્તિનો અભાવ છે તે સાહસ કરી શકે જ નહીં આ રીતે,

- પ્રકૃતિ, પુરૂષ, સ્ત્રી અને પરમાત્મા એ દુનિયાની મુખ્ય હકીકત છે. અને તેમાં

- પહેલો પરમાત્મા-ભગવાન-આત્માનો મોક્ષ એટલે આત્માનું પરમાત્મામાં મિલન થયું તે.

- બીજી પ્રકૃતિ-પ્રકૃતિ વિના પુરૂષ અને સ્ત્રીના અસ્તિત્વની કોઈ શક્યતા જ કલ્પી શકાય નહીં.



- ત્રીજા નંબરમાં પુરૂષ અને ચોથો નંબર સ્ત્રીઓનો આવે.

- પરમાત્મા-કુદરત અને પોતાનામાં આગવી શૈલીવાળા ગુણો ધરાવે છે.

- જ્યારે નારી જેનો ચોથો નંબર છે તે પણ પરમેશ્વર પરમાત્માનું અનોખું સર્જન છે પણ હકીકતમાં પરમાત્માએ નારીમાં દયા, પ્રેમ, સહનશીલતા, ઈર્ષા, અદેખાઈ, સંકુચિતતા, કપટ તથા બીનસાહસવૃત્તિ વગેર વગેરે ગુણો ભરી દીધા હોઈ નારી સમાજમાંથી દિન-પ્રતિદિન સ્વતંત્રતાની વૃદ્ધિ ઘટતી ગઈ અને નારી-અબળા બની ગઈ પરાવલંબી ગઈ એક મીણના પુતળાની માફક ઓગળતી ગઈ.

- અગત્સ્યયના વાયદા-અગત્સ્ય મુનિ ગયા તે ગયા !

- પ્રકૃતિને, હવે આપણે ફરીથી ક્યાં અને ક્યારે મળીશું ?

- અહીં અને આ સમજી ગયા મિસ્ટર યુ ?

- 'ભલે!'

- જીવનબાગમાં આંટાફેરા મારતી પ્રકૃતિ બેચેન હતી. તે ઉમંગની રાહ જોતી હતી. તેની નજર 'જીવનબાગ'ના મુખ્ય પ્રવેશદ્વાર પર ખોડકાઈ રહી હતી.

- 'આ ઉમંગ કોઈ દિવસ રાઈટ ટાઈમ આવ્યો નથી અને પોતાની જીંદગીમાં રાઈટ આવશે પણ નહીં.' કંટાળેલી પ્રકૃતિ ઉમંગને મણમણની ગાળો ચોપડાવતી હતી : 'બબુચક, બુધ્ધુ, ગધેડા જેવો, રાંડવો, વાઘરી વગેરે આ વાઘરી હવે મરે તોય સારું !' કહી જેવો પ્રકૃતિએ બબળાટ કર્યો કે ઉમંગે 'જીવનબાગ'ના મુખ્ય પ્રવેશદ્વારમાં પ્રવેશ કર્યો - એન્ટ્રી મારી.

'કોઈ દિવસ તો રાઈટ ટાઈમ કરવાનું રાખ ઉમંગ !' પ્રકૃતિએ તે કોઈ ચોખવટ કરે તે પહેલાં ધડાકો કર્યો.

'આઈ એમ વેરી સોરી-વેરી મચ સોરી!'

'સારું-સારું-ચાલને મને ખૂબ ખૂબ ભૂખ લાગી છે. પહેલાં પેટની લ્હાય ઓલવી નાખીએ; પદી દુનિયાની લ્હાય.'

- બન્ને જણ 'જીવનબાગ' ની સામે આવેલી 'આશા રેસ્ટોરન્ટ' માં ગયા. બન્ને જણા ફેમિલી રૂમમાં જઈને બેઠાં- 'બે મસાલા ઢોંસા' અને બે મીઠી લસ્સી' કહી ઓર્ડર માર્યો અને વેઈટર ટેબલ પર જે ઠંડા પાણીના ગ્લાસ મૂકી ગયો હતો તે પૈકી એક ઉપાડીને અટક-ગટક પાણી પીવા માંડ્યો.

- પાણી પીધા પછી.

- 'બોલ તેં શું નક્કી કર્યું ?-' ઉમંગ ઉવાચ.

- 'પહેલાં તું બોલ કે તે શું નક્કી કર્યું ?-' સામેથી તેણે પૂછયું.

- એમાં નક્કી કરવાનું શું હોય ? લે સાંભળી લે - 'કહી તે ઉમંગની બિલકુલ નજીક આવી, તેના કાનમાં કાંઈક ગણગણી.'

- આ સાંભળતા જ : 'અરે -! એમ તો કાઈ હોય ? એમાં વળી પૂછવાનું શું હોય ? તારાં-મારાં લગ્ન કાંઈ ચોરીછુપીથી કરવાના હોય ? મને મા-બાપની બિલકુલ બીક લાગતી નથી; જરા પણ બીક નથી લાગતી. પછી આપણે શા માટે ચોરીછુપી રીતે મંદિરમાં જઈ લગ્નવિધિ કર્યા પછી લગ્ન રજીસ્ટ્રેશન કરાવી લઈએ ! વળી આ બધી હકીકત દુનિયાથી દૂર દૂર એમ પડદા પાછળ છુપાવી રાખીએ ! '

- ઉમંગ પ્રકૃતિએ કાનમાં કહેલી હકીકત સાંભળીને કાંઈક વધુ ઉત્તેજીત બની ગયો હતો. આવેશમાં ને આવેશમાં તેણે ઉપર પ્રમાણે



કહી નાંખ્યુ ત્યારે -

- 'જો ઉમંગ, મેં જે કાનમાં કહેલી વાત તને જરાપણ પસંદ ન હોય તે અને હું અહીંયાથી જ છુટા-તારા અને મારા વચ્ચે પછી કોઈ સંબંધ રહેશે નહિં. તમે મરી વાતમાં હા હોય તો કહે-એ વાતને આજે ને આજે અમલમાં મૂકી દઈએ નહીં તો પછી ક્યારેય-'

- પ્રકૃતિ ઠંડે કલેજે બોલી :

- 'પણ...'

- 'પણ-બણ-કાંઈ-નહીં-બોલ' તારે પણ તારો આખરી શો નિર્ણય છે. ?'

- છેવટે ઉમંગને નમતું જોખવું પડ્યું. સ્ત્રીહઠની જીત થઈ. પ્રકૃતિ જીતી ગઈ અને ઉમંગ તથા તે એક મહાદેવ 'માંકડેશ્વર' મહાદેવના મંદિરમાં એક વૃદ્ધ એવા પૂજારીની હાજરીમાં તદ્દન સાદાઈથી કોઈપણ જાતની ધમાલ કે શોર-બકોર, દોડાદોડ કે ધાંધલિયા વાતાવરણ વગર હિન્દુવિધિ પ્રમાણે લગ્નગ્રંથીથી જોડાઈ ગયા : મહાદેવ-ભોળા શંભુના દર્શન કરતી વખતે ઉમંગ-પ્રકૃતિનું લલાટે ભવ્ય ઉજ્જવળ ભાલ પ્રદેશને ચૂમ્યો ત્યારે રાત્રીના સાડા આઠ વાગ્યા હતા.

- પ્રકૃતિએ કહ્યું : ઉમંગ હવે જઈશું ?'

- 'ક્યાં ?' તેણે પૂછયું.

- 'તું તારે ઘેર અને હું મારે ઘેર !'

- 'પણ લગ્નની પહેલી રાત્રે-'

'એટલામાં જ મેં તેને કાનમાં કહેલી વાત અને બધી શરતો ભૂલી ગયો કે શું ?'

'ભલે !' કહી ઉમંગે બોચું ખંજવાળ્યું -

- બન્ને જણા પોતપોતાના મા-બાપના ઘેર જવા વિદાય થયા.

- બીજે દિવસે કોર્ટમાં જઈને અગાઉના દિવસે જે હિન્દુ વિધિથી પૂજારીની હાજરીમાં લગ્ન સંસ્કારથી જોડાયા હતા તે પૂજારીની હાજરીમાં જ કોર્ટમાં લગ્ન રજીસ્ટ્રેશન કરાવી દીધું. પછી બન્નેની એકબીજાના મા-બાપના ઘરે જવા ઉપડ્યા -

- વર, વહુ, ગોર-મહારાજ તથા કોર્ટે જ લગ્ન થયા બાબત નોંધ રાખી હતી, એ હકીકત ઉપર જણાવેલા ત્રણે જણા જ જાણતા હતા અને ચોથો જાણકાર ઉપરવાળો ભગવાન હતો !

- પ્રકૃતિના મા-બા, દાદા-દાદી તથા પ્રકૃતિનું ઘર, કુટુંબ સમાજ ઉમંગ અને પ્રકૃતિની લગ્નની હકીકતથી સાવ અજાણ રહ્યા હતા.

- તે જ પ્રમાણે ઉમંગના ઘરવાળા, કુટુંબીજનો અને બધો સમાજ તે ઘોડે ચડ્યો તે પરણી ગયો, તે વાત તે હકીકતથી સાવ અજાણ હતો.

- ભીતરના પડદા પાછળ હકીકત જયાં સુધી પ્રકાશમાં આવી હોતી નથી ત્યાં સુધી વાતાવરણ સાવ સમત હોય છે, સ્નિગ્ધ વાતવરણ હોય છે.

ભીતરની પડદા પાછળથી હકીકતો પર જ્યારે જે વખતે પ્રકાશ પથરાય છે, તે હકીકતનો જ્યારે સમાજમાં પ્રકારમાં આવે ત્યારે તે વખતે સમાજમાં ખળભળાટ-કોલાહલ મચી જાય છે; ઉ-હા-પો-હ- થઈ જાય છે. અને ત્યાર પછી પરિવર્તન યુગની શરૂઆત થઈ ગઈ હોય છે સ્વયંભૂ રીતે.



# (૯)

- પરણ્યાની પહેલી રાત

- હનીમુનીયા રાત

- ઉમંગ પોતાના ઘરે પલંગ પર અડખા-પડખા ઘસી રહ્યો છે !

- ઘડિયાળના લોલકના આંદોલનની જેમ એક દીશામાંથી બીજી દિશામાં ઘસડાતી, અથડાતી, કુટાતી જિંદગી !

- ઘડીકભર કોઈ પણ જાતની ધમાલ વગર પોતાની લગ્નવિધિ આટોપાઈ જશે અને તેની કોઈને પણ ખબર પડશે નહિ તે વિચારોમાં આખી રાત કેમ કેમ કરીને પસાર થઈ ગઈ તેની ખબર પણ પડી નહિ.

- 'કેમ બેટા, તબિયત બરાબર રહેતી નથી કે શું ? આજે રાત્રે બરાબર ઉંઘ્યો નથી તેવું જણાય છે.' ઉમંગની ચિંતાતુર મમ્મી ઉર્મિલા તેને પૂછતી હતી.

- 'ના-રે-ના એવું કાંઈ નથી. જરા માથું દુઃખે છે - કહી તેણે બગાસું ખાધું.'

ઘડીક ભર તો ઉમંગન મનમાં થઈ ગયું કે -

'બાપ ને મમ્મીને દિલ ખોલીને બધી વાત કરી દઉં ! મમ્મીને કહું કે-મમ્મી ગઈ કાલે મેં લગ્ન કરી લીધાં છે. તારી વહુ તારા ફળિયામાં જ રહે છે. જા, તારા ઘરે બોલાવી લાવ ! હવે તારે બધું ઘરકામ કરવું નહિ પડે અને તને આરામ મળશે !'

- પણ કોણ જાણે આ હકીકત તે કહી શક્યો નહીં. - તેના

મોંઢા પર દોઢમણનું તાળું મરાઈ ગયું હતું. અકળામણ અનુભવતો, તે કોઈ માણસ ધીરે ધીરે ડૂબી છેક તળીયે પહોંચી રહ્યો હોય ત્યારે અને તે વખતે માણસની જે મનોદશા હોય તેવી પરિસ્થિતિમાં તે મુકાઈ ગયો હતો,

- ન કહેવાય, ન સહેવાય. ન આ પાર (કિનારે) જવાય કે નહીં પેલે કિનારે જવાય ! બસ, વચ્ચે જ લબડતા રહેવાનું.

ઉમંગની મમ્મી તેને પૂછતી હતી :

- 'કેમ બેટા, તબિયત બરાબર રહેતી નથી કે શું ? આજે રાત્રે બરાબર ઉંઘ્યો નથી તેવું જણાય છે. ! '

તે શું જવાબ આપે ? તે નિરુત્તર રહ્યો હતો; તે નીરૂપાય હતો, તે લાચાર હતો, મજબૂર હતો.

- તેના પપ્પા કનક જોષીને હવે આ વર્ષે બેન્કના અધિકારી તરીકે નિવૃત્ત થવાનું હોય તેમના કારોબારમાં પરોવાયેલા રહેતા.

- ક્યારેક તે પણ ઉમંગની તબિયત, વાણી-વર્તન, વ્યવહાર વગેરે બાબતને લક્ષમાં લઈને ઉમંગની મમ્મીની ટકોર કરી કહેતા 'જુઓ ઉમંગની બા, 'નવરંગ સ્ટુડીઓ' ખોલ્યા પછી આપણો દીકરો તદ્દન બદલાઈ ગયો હોય તેમ લાગે છે. તમને નથી લાગતું ? એટલે જે હું કહેતો હતો કે 'ધંધાની લાઈન કરતાં નોકરી સો દરજે સારી ! તમે ન માન્યું અને દીકરે પણ ન માન્યું હવે ધંધાની લ્હાયમાં તે લ્હાયમાં બિચારો નિરાંતે ટાંટિયો વાળીને બેસતો નથી ખાતો નથી કે પીતો પણ શાંતિથી.'

-બેન્ક મેનેજર સાહેબનું આ લાંબુ લચ્ચ લેકચર સાંભળી ઉર્મિલા કપાળે હાથ મૂકીને કહેતા :



'પણ એમાં હું શું કરું -'

- 'તારા બાપનું કપાળ !' કહી ગુસ્સે થઈ ઉમંગના પપ્પા બેન્ક તરફ જવા વિદાય થયા. નિવૃત્ત થયા પહેલાં છેલ્લું વર્ષ ભરપૂર લાગે છે. છેલ્લા વર્ષે અગાઉ જેટજેટલો વર્ષોએ જે ઉમંગ, ઉત્સાહ અને જે તરવરાટથી કામ કર્યું હોય તે તમામે તમામનું ક્યારનુંય બાષ્પીભવન થઈ જાય છે. અને એટલી જ અવળી દિશાઓ ગતિવંત બને છે. નિવૃત્ત થનારો માનવી પોતાની જાતે જ ભાંગી પડવાની તૈયારીમાં હોય છે. તે વખતે તેણે બહારની પ્રવૃત્તિમાં રસ લઈ પૂરતો પ્રાણવાયુ મેળવી ફરીથી કાર્યશીલ બની જવું જોઈએ. આ બાબતમાં ઘરના, કુટુંબના તમામે તમામ સભ્યોએ તન-મન-ધનથી સહકાર આપવો જોઈએ.

- અહીંયા પણ ઉમંગના પપ્પાની બાબતમાં આવું જ બની રહ્યું હતું એ દુઃખદાયક હકીકત હતી કે ઉમંગના પપ્પાએ લાકડીની જેમ ટેકા સમાન કે સહારારૂપ કોઈ પરિબળ નસીબમાં હતું જ નહિ. જોકે છેલ્લા વરસથી ઉમંગનો 'નવરંગ સ્ટુડીયો' ધમધોકાર ચાલતો હતો; ફોટોગ્રાફનું કામ લગ્ન સીઝનમાં પૂર બહાર ચાલતું રહેતું. 'કભીનાક આગ્ફા' વાળાની એજન્સી મળી હતી તેથી વેચાણનું કામકાજ રહેતું અને નવરાશના સમયે ઉમંગ કલ્પનાના ઘોડે ચડી અવનવા મનોરમ્ય, રંગીન ચિત્રો બનાવી દેતો. આવા ચિત્રોમાં હકીકતો, વાસ્તવિકતા એટલી બધી સજ્જડ રીતે જોવા મળતી કે જ રહી જતા. પોતાના મોંમાં આંગળા ઘાલી દેતાં અને વખાણ કરતાં ધરાતા જ નહીં. છેલ્લા એકાદ ટૂંકા ગાળામાં ઉમંગનો 'નવરંગ સ્ટુડીયો' ખ્યાતનામ બની ગયો હતો. અને એના થકી લગભગ ૨૫ થી ૩૦ હજારની કમાણી પણ થઈ હતી.

- તેથી જ ઉમંગના પપ્પા અને મમ્મી બન્નેય ખુશ હતા. ઉપરની મૂડીમાં પોતે નોકરી દરમ્યાન કરેલ બચતની મૂડીનો ઉમેરો કરીને 'બરોડામાં પેલેસ રોડ' પર 'ભાગ્યોદય કો.ઓ.હા.સોસાયટી' માં એક મકાન (ફલેટ) બંગલાની નોંધણી પણ કરાવી દીધી હતી. જેના પેટે રૂા. ૮૦૦૦૦/- એડવાન્સમાં ભરી દીધા અને બાકીના રૂા. ૩૫૦૦૦/- તૈયાર બંગલાનો કબજો મળયેથી ભરવાના હતા. આ બાબતની શાંતિ હતી અને ઉમંગની મમ્મી-પપ્પાએ નિવૃત થયેથી બરોડામાં સેટલ થવાનું નક્કી કરી દીધું હતું.

- તૈયાર થનારા બંગલાનું નામ પણ 'વિશ્રામ' પાડયું હતું. જે બંધબેસતું હતું.

- બિચારા મા-બાપને પોતાનો દિકરો પરણીને પોતાનું અલગ બનાવીને રહે કે પછી પોતાની ભેગો રહે તે વાતની ચિંતા રહેતી ઉમંગ ક્યા કારણસર લગ્ન કરવાનો સાફ ઈન્કાર કરતો હતો તે હકીકત ઉમંગના બા-બાપુજી કે બીજા કોઈને આજદિન ન હતી કે સમજાશે પણ નહિ-ભવિષ્યમાં ક્યારેય પણ.

- આ બાજુ પ્રકૃતિ અને ઉભંગ નિયત કરેલા સ્થળે 'જીવનબાગ' માં અગાઉથી નક્કી કર્યા પ્રમાણે ભેગા થતાં તો ત્યારે અને તે વખતે ઉમંગ કહેતો :

'પ્રકૃતિ, બોલ બીજા શા નવી સમાચાર છે ?'

'બસ, પ્રવૃત્તિમય જીવન છે. નોકરીનો રેંટિયો કાંતીએ છીએ ! અને જે કાંઈ મળે તેમાંથી જીવનગાડું દોડાવીએ છીએ !'

'તુ તો અમથી નોકરી-બોકરી કર્યા કરે છે. તારા પપ્પા તો લાખોપતિ છે. સરસ મજાનો ધંધો છે. અને તારા સિવાય પાછળ



ખાનાર બીજું કોઈ જ નથી. આ બધી લ્હાય શાના માટે ?'

'એ બધી વાત બાપકમાઈની થઈ ! મારે આપકમાઈની જ જરૂર છે. જાતમહેનત જિંદાબાદ! હવે તમારા ઘરે જમવા અને ચા પીવા ક્યારે બોલાવો છો એ વાત કહોને !'

'કેમ અઠવાડિયામાં બેથી ત્રણ વખત તું મારા ઘરે આવીને ચા-પાણી-નાસ્તો વગેરે નથી કરી જતો ?''

'પણ એટલે શું ?'

'એટલે જે કે મારા પપ્પા અને ખાસ કરીને મારી મમ્મી મારી●પાછળ પડી ગયા છે. મને જલ્દી જલ્દીથી વહુ લાવી દેવા દબાણ કરે છે....'

'બહું જ આનંદની વાત. તો તું એમ કરને એક રમકડા જેવી વહુ લાવી લે ને ! એમાં રાહ કોની જુએ છે ? તારા પપ્પા અને મમ્મીની ઈચ્છા તો તારે પૂરી કરવી જ જોઈએ ને ?'

'પણ હું મજબૂર છું.'

'એમાં વળી મજબૂરી શાની ? મને તારા બીજા લગ્નથી કોઈ જ જાતનો હરખશોક થશે નહીં - લગીરેય દુઃખ પણ નહીં થાય, બરાબરને ?' કહેતાં તેનો અવાજ સહેજ ભીનો બન્યો .-

- 'ના, પણ મને મારો માંહ્યલો (અંતર આત્મા) કદી માફ ના કરે ! તું જ હવે મને રસ્તો બતાવ કે મારે હવે શું કરવું ? મને તો હવે અકળામણ-ગુંગળામણ થયા કરે છે ! હું તો આ બધી લપથી થાકી ગયો છું, કંટાળી ગયો છું, હારી ગયો છું- '

- 'મારે તો વળી શો રસ્તો બતાવવાનો હોય ? દરેક માણસે

પોતે પોતાની મંઝીલ નક્કી કરતાં શીખી લેવું જોઈએ !' તે ધીરગંભીર હતી.

- 'તો પછી આપણા બન્નેની જિંદગીનું શું ? આપણા પોતાના ભવિષ્યનું શું ? તે વિચાર કર્યો ?' ઉમંગ ઉવાચ.

- 'હું કોઈ દિવસ ભૂત કે ભવિષ્યનો વિચાર કરી કરીને દુઃખી થવા માંગતો નથી. વર્તમાન સંજોગોને અનુકૂળ બનીને જીવન જીવી લેવું એ જ મારો સિદ્ધાંત છે. સમજી ગયા મિસ્ટર યુ-' કહી પ્રકૃતિ જે ધીરગંભીર હતી તે તમામેતમામ ગંભીરતાને ઘડીકમાં ધૂળની જેમ ખંખેરી નાંખી હસી પડી-

- 'આ કાંઈ હસવાની વાત નથી.'

- 'જો ઉમંગ, આ વાત હસવાની ન હોય તો તું તારે પોક મૂકી મૂકીને રડજે મને તો હવે ભૂખ લાગી છે ! આમ સામે જઈએ !' કહી તેણે ઉમંગને 'આશા રેસ્ટોરન્ટ' તરફ ઢસેડ્યો અને ઉમંગ મહાપરાણે ઢસેડાયો - એની ઈચ્છાએ-અનિચ્છાએ

- 'આશા રેસ્ટોરન્ટ'માં મસાલા ઢોંસા અને મીઠી મીઠી લસ્સી પીધા પછી પેટમાં શાંતિિ વળતાં - એણે ફેમિલિ રૂમમાં ઉમંગને - સ્નેહથી પ્રેમ, લાગણી ભરેલું ચુંબન દઈ દીધું અને ફરી મળવાનો સમય તારીખ નક્કી કરી -

'અચ્છા તો હમ ચલતે હૈ !' પ્રકૃતિએ વિદાય લીધી.

ઉમંગ પણ ધીરગંભીર બનીને 'આશા રેસ્ટોરન્ટ' ની બહાર આવ્યો. પાનના ગલ્લેથી બ્રિસ્ટોલ ખરીદી અને માચીસથી સળગાવીને બ્રિસ્ટોલનાં ધુમાડા કેટલાકને બહાર કાઢી, તો કેટલાકને પેટમાં ઓગાળી દેવાની વ્યર્થ કોશિશ કરતો રહ્યો અને છેવટે કંટાળીને એ પણ પોતાના મમ્મીના-પપ્પાના ઘર તરફ વળ્યો.



# (૧૦)

- ઘર દુનિયાનો છેડો એટલે ઘર !

- પણ રખડતાને વળી ઘર કેવું ?

- ચારે તરફની દિવલો વચ્ચેની અમુક ચોરસ મીટરવાળી અમુક આકાર ધરાવતી જગ્યાને કદાચ કોઈ ઘર માનતું હશે ! કેટલાક ભવ્ય વિશાળ અને આરામદાયક તમામ સુખસગવડો ધરાવતા બંગલાને ઘર માનતા હશે કે ખ્યાલામાં રાચતા હશે.

- સાધુ તો ચલતા ભલા ! પંખીને પણ માળા માટેની એક આગવી અલગ લાગણી હોય છે; મમતા હોય છે.

- ઘરની બહારની દુનિયામાં પણ શ્વાસોશ્વાસ લઈ શકાય છે. હરી શકાય છે; ફરી શકાય છે. એ એક હકીકત છે. ઘરની બહારની દુનિયામાં આઝાદ રહીને હરતો, ફરતો. બિન્દાસ ફકીર જેવો કોઈ આદમી કયારેક બહારના મુક્ત વાતાવરણમાં પણ અકળામણ અનુભવનો જોવા મળે છે; ગુંગળાતો જણાય છે. કારણે તેની આગળ-પાછળ જોનાર કોઈ જ હોતું નથી. તેના હૈયને હૂંફ આપનાર કોઈ જ ન હોવાના કરણે તેને આ વિશાળ દુનિયા સહરાના રણ જેવી લાગે છે, વસ્તીથી ઉભરાતું જગત વેરાન, નિર્જન, ઉજજડ બાગ જેવું લાગે છે. કારણકે આ દુનિયામાં પોતે એકલો જ છે અને પોતાનું કોઈ નથી, એ વસ્તુપરિસ્થિતિ જ તેને ભાગી નાંખે છે,

તોડી નાંખે છે ! નિરૂત્સાહી બનાવી દે છે.

- "ઈસ ભરી દુનિયામેં કોઈ ભી હમારા ન હુઆ !

- ગૈર તો ગૈર હૈ રહે અપનોં કા ભી સહારા ન હુઆ !

- ભગવાન પણ કેવો છે ?

- ઘરવાળાને બેઘર કરી મૂકે છે. ભગવાનની લીલા અપરંપાર છે; અકળ છે.

- આવા બધા જાતજાતના વિચારો કરીને જ્યારે ઉમંગ થાકી જતો કટાળી જતો ત્યારે તે વખતે 'નવરંગ સ્ટુડીઓ' ને તાળું કૂંચી મારીને ફરવા નીકળી પડતો, રખડીને ઘેર આવતો. કોઈ વખત ખૂબ ખૂબ મોડું થઈ જતું... છતાં પણ-ઉમંગની બા થાળી સાચવીને બેસી રહેતી.

- અનિચ્છા હોવા છતાં મમ્મી-પપ્પાનું, બહેનનું માન સાચવવા ઉમંગ મહાપરાણે જમવા બેસતો. પપ્પા-મમ્મી-બહેન ખૂબ ખૂબ ખૂબ ચિંતા કરતા કોણ જાણે ઉમંગને શું થયું હશે ? તેની કોઈને ખબર જ પડતી ન હતી. ખુદ ઉમંગને પોતાને પણ કોઈ જ ખબર કે ગતાગમ પડતી ન હતી. 'રંગરસિયા ગાડાની જેમ ઠસડતો ખેંચાય ત્યાં સુધી ખેંચવો તેનું નામ જિંદગી, જીવન.'

- રખડપટ્ટી કરીકરીને પણ થાક લાગે છે ત્યારે રખડનારાઓ કોઈ બસ સ્ટેન્ડ કે રેલ્વે સ્ટેશનના બાકડાઓ પર કે પછી બાગ બગીચાની હરિયાળી ધરતી પર કે ફૂટપાથની સોડમાં લંબાવી લેતા હોય છે. અથવા પછી નદી-સરોવર કિનારે કે કુદરતની શીતલ છાયામાં ઝાડ નીચે ઘડીક-બેઘડીક અડખુંપડખું લેતા હોય છે. આવા કમભાગીઓનો માથે પોતાનો સુંવાળો હાથ ફેરવીને પોતાની હૂંફાળી



ગોદમં પૂરતો આરામ આપીને તેઓ બધાને તરો-તાજગી દેતી હોય છે.

- કુદરતની ગોદ નિરાળી છે. તેનો બીજો કોઈ જોટો જડે તેમ નથી એ જ રીતે ઉમંગને પ્રકૃતિની પ્રેમભરેલી હૂંફાળી ગોદ ખૂબ ખૂબ પ્રિય હતી; નૈસર્ગિક વાતાવરણ ઉમંગને જીવન જીવવા માટેનો પ્રાણવાયુ પુરો પાડતું હતું.

- 'આવ ભાઈ આવ ! કેમ આ વખતે બહુ દિવસે દેખાયો ?' પ્રકૃતિની મમ્મીએ ઉમંગને દાખલ તાો જોઈ આવકાર્યો.

- પોતાના દિલમાં ખૂબ ખૂબ તોફાન મચી ગયું હોવા છતાં મહાપરાણે મહામુશીબતે, મનને કાબૂમાં રાખીને ઉમંગ ઉપર ઉપરથી હસ્યો અને બોલ્યો : 'માસી, એ તો મારે ધંધાની દોડદોડ રહી એટલે સમય ના મળે એટલે કેમ કરીને અવાય ?'

-એટલામાં બીજા રૂમમાંથી દાખલ થતી પ્રકૃતિને જોઈને કહ્યું :

- 'અને દરરોજના આવતા મહેમાનની જોઈએ તેટલી આગતા-સ્વાગતા ન થાય એટલે હું જાણી જોઈને દરરોજ આવતો નથી.'

- 'ભલે; ભલે ! તારી વાતો પાર જ નહીં આવે અને આજે પ્રકૃતિને રજા છે. રવિવારની રજા છે એટલે તારી જોડે વાતો કર્યા કરશે ! હું તારા માટે ચા-નાસ્તો-પાણી તૈયાર કરું.' કહી અનસુયાબેન અંદર ગયા. અને

- પ્રકૃતિએ ઉમંગની સામે જ પડેલી 'રોયલ' આરામ ખુરશીમાં બેઠક લીધી.

- ઉમંગે ધીમેથી ઈશારો કરીને તેને કહ્યું :

- 'એય, આજે 'જીવનબાગ'માં મળવાનું નક્કી છે ને ?'

પોતાની મમ્મી સાંભળતી તો નથીને ? એ વાતની ખાત્રી કરીને પ્રકૃતિએ કહ્યું : 'એમાં આખો દિવસ પૂછ પૂછ કેમ કરો છો ? ગાંડાની જેમ એક વાત જે નક્કી થાય તે નક્કી જ થાય. મને એમાં ટાયલાવેડા નથી ગમતા. તમે મારા ઘરે કામકાજ સિવાય આવો અને મારા દાદાદાદી પપ્પા ખરું ખોટું મને કહી જાય એ મને મંજુર નથી.'

- 'તો પછી શક્તિ વગરની ભક્તિ કરવી ના જોઈએ.' ઉમંગે સહેજ કડવાશના ભાવ મોં ઉપર લાવીને વળતો જવાબ આપ્યો.

- 'હું કોઈ જોગમાયા કે જોગણ નથી કે મારે ભક્તિ કરવી પડે. તમારે ભક્તિ કરવી હોય તો કરો ! તમ તમારે વગાડયા કરો તંબુરો !' કહી ખીજાઈ ગયેલી એણે પોતાની મમ્મીને મદદ કરવા અંદર ચાલી ગઈ.

- ઉમંગના મનમાં જ્વાળામુખી ફાટી નીકળ્યો 'આ તે કેવા તાયફા વાળી જિંદગી ? એ મારી બાયડી છે કે એ મારો ધણી છે. એને ગમતી બધી જ વાતો મુજબ મારે મુંગા કર્યે જ જવાની ! એ જેમ નાચ નચાવે તે પ્રમાણે નાચ્યા કરવાનું ? મારા મમ્મીની તબિયત બરાબર રહેતી નથી અને પપ્પા પણ રીટાયર થવાના એટલે તે વખતે લગ્ન કરી લીધા જે સ્વીકારી લઈને મારા ઘરે આવે અને ઘરની વહુ બનીને રહેવાને બદલે એક તો સફાઈ ઠોકવામાં ઊંચી નથી આવતી અને પાછી દાદાગીરી કરે છે તે વધારામાં !' ઉમંગ મનમાં ને મનમાં સમસમી ઉઠ્યો.



- ઘડીભર તો તેના મનમાં એમ થઈ આવ્યું : 'આ બધી ભાંજગડો છોડી દઈને પ્રકૃતિના પપ્પા મમ્મી અને મારા પપ્પા મમ્મીને જાહેર વાત કરી દઉં કે મેં અને તમારી દીકરીએ રાજીખુશીથી 'સીવીલ મેરેજ' કરી લીધાં છે. ઉમંગને મનમાં એવું કે ચા નાસ્તો પાણી અહીથી કરી અહીંથી મુઠ્ઠીઓ વાળીને ભાગી જાઉં ! જહન્નમાં જાય આ બધું મારે શું ? મારે શા માટે આ બધી પંચાતમાં પડવું જોઈએ ? જે ઘરમાં મારી બૈરી જ પૂરતી ઈજ્જત ન રાખે અને પોતની ઈજ્જત ઢાંકયા કરે તે ઘરમાં બેઈજ્જત થઈને રહ્યા કરતાં અહીંથી સીધું ભાગી જવું ઉત્તમ છે.'- એમ વિચારે એ જેવો ઊભો થાવા જતો હતો કે તરત જ પ્રકૃતિની મમ્મીએ પ્રવેશ કર્યો : 'અલ્યા તારા માટે ચા નાસ્તો બનાવ્યો અને તું આમ ભાગી જાય છે ? કેમ કાંઈ ઘોડે બોડે ચડવાનું છે કે શું ?' કહી અનસુયાબેન સહેજ મલકાયા.

- મનમાં ને મનમાં તેણે પ્રકૃતિને લાખોમણ ગાળો ચોપડાવીઃ 'ઘોડે તો ક્યારનાય ચડી ચૂકયા અને હવે તો એવા પડ્યા છીએ કે ભોંય ભારે પડી ગઈ ! તારી છોકરીએ મારી જિંદગીની મા પરણી નાખી !'

- છતાં ઉપર ઉપરથી કહ્યું :

- 'નારે માસી, આ તો એક જણાને મારે મળવાનું હતું. આ ટાઈમે. એ વાત યાદ આવી થઈ એટલે કે જરા ઉંચોનીચો થતો હતો. '

- આ વાત તેણે અંદરથી બહાર બેઠકરૂમ તરફ અવતી પોતાની પ્રિયતમાને કહી સંભળાવવા જ કરી હતી.

- 'ભલે હવે આ - ચાપાણી...' કહી અનસુયાબેને વિવેક

કર્યો.

- પ્રકૃતિની સામે આડકતરી રીતે જોઈને - આંખોની ભાષાથી ‘સાંજે સાડા-પાંચ’ વાગે ‘જીવનબાગ’ માં ચોક્કસ મળવું તેવું નક્કી કરી લીધ. તેણે પણ આંખોથી સંમતિ આપી દીધી.

- ચા-નાસ્તો-પાણી કરીને ઉમંગે વિદાય લીધી.

- માનવી ક્યારેક પરિસ્થિતિમાં જુદી જુદી રીતે જીવતો હોય છે. માનવીના મનની પરિસ્થિતિ દરેક જુદા જુદા સંજોગો પ્રમાણે જુદી જુદી હોય છે.

- લાચાર માનવી, કાયર માનવી, ભયભીત માનવી ગુસ્સા હેઠળ કાળઝાળ બનેલો માનવી, ખુશખુશાલ માનવી, ગમગીન માનવી વગેરે વગેરે સંજોગો જ ચિત્ર વિચિત્ર સંજોગો જ માનવીમાં જાતજાતના ભાવોનું નિરૂપણ કરતા હોય છે; નવરંગી સાથિયા પૂરતા હોય છે.

- ઉમંગે પણ પોતાની જિંદગીમાં ઉપર પ્રમાણેના દરેક સ્ટેજ (તબક્કા) પ્રત્યક્ષ નિહાળ્યા હતા; અનુભવ કર્યો હતો.

- ‘એ તો હોય એમ જ ચાલ્યા કરવાનું’ કહી જિંદગીના બોજાનો ઢસરડો કરવાનું હવે ઉમંગના કોઠે પડી ગયું હતુ. અને એનું નામ જ જિંદગીને !



# (૧૧)

નિવૃત્તિ પછી..... હવે વિશ્રામ કરવાનો હતો; આરામ કરવાનો હતો.... પણ કનક જોષીના નસીબમાં આરામ ક્યાંથી હોય ?

- બેન્ક ઓફ બરોડાના એક ઓફિસર તરીકે નિવૃત્તિ મેળવી હોવા છતાં કનકજોષીને હજુ સામાજિક પ્રવૃત્તિઓમાં નિવૃત્તિ લેવાની બાકી હતી. નિવૃત્તિ લીધા પછી સામાજિક પ્રવૃત્તિઓની જાણે શરૂઆત થતી હતી તેમણે જોકે નિવૃત્તિ પહેલાં બરોડા ખાતે પોતાનું આધુનિક ઢબનું મકાન ‘વિશ્રામ’ તૈયાર કરાવી દીધુ હતું. પણ હજુ તો મકાનમાં વિશ્રામ કરવાનો હજુ સમય પાક્યો ન હતો.

- મોટી બેબી, દીકરી ઉર્વશીના હાથ પીળા કરવાની ચિંતા હજી માથે ઉભી હતી. જોકે ઉર્વશીનું હાફમેરેજ લગભગ નક્કી જેવું જ થઈ ગયું હતું. બસ, છોકરો છોકરી એકબીજાને જોઈ લે અને તે લોકો પસંદગીની મહોર મારી દે એટલે શાન્તિ, વડીલોએ એકબીજાએ હળીમળી લીધું હતું અને બધી જ વાતો નાત, જાત, કુટુંબ-કબીલો અને વ્યવહાર બધાની જ વાતો ખુલાસાથી કરી દીધી હતી. .

- કનક જોષીને માથે બીજી ચિંતા દિકરાની, ઉમંગના વેવિશાઈની હતી. દીકરો પોતાના સ્વતંત્ર ધંધામાં વળગી ગયો હતો; પોતાનો રોટલો પોતાના હાથે જ કમાઈ લેતો થયો હતો.

પરંતુ દીકરાના લગ્નનું હજું ઠેકાણું પડતું ન હતું. સાચું પૂછો તો ઉમંગ જ પોતે જાણીબુઝીને લગ્ન કરવાની વાત ટાળતો હતો. કયા કારણે વેવિશાળ  કરવાની વાત ટાળી રહ્યો હતો ? એ હકીકત કનકજોષી અને ઉર્વશીને આજદિન સુધી સમજાઈ ન હતી. એકથી એકયાસી ભણેલી-ગણેલી સુંદર સંસ્કારવાળી દેખાવડી કન્યાઓ દેખાડવામાં અવી હતી પણ તેના ધ્યાનમાં કોઈ જ કન્યા કયા કારણસર આવી નહીં ? કયા કારણોસર તે વેવિશાળની વાતને હવામાં ઉડાડી દેતો હતો તે સમજાતું ન હતું.

- કનકજોષી ઘણી વખત ઉર્વશીને કહેતા :

- 'હવે તારા છોકરાને સમજાવી શકે નહિ ? ગમે તે એક ઠેકાણે પસંદ કરીને લગ્ન કરી લે ! પછી પોતાનું ઘર માંડે એટલે હું રિટાયર્ડ થઈને પછી બિસ્ત્રા પોટલા બાંધીને સીધો વડોદરા ભેગો થઈ જાઉં !'

- 'તેને કહી કહીને મારી જીભના કુચા વળી ગયા ! પણ મારો બેટો કોણ જાણે કોઈ ઠેકાણે હા પાડતો જ નથી. એમાં હું શું કરું ? ઉર્વશીનું તો પાકે પાયે નક્કી કરી દીધું છે હવે છોકરો છોકરી જોઈ લે એટલે વાત સાવ પાકી. પણ આ ઉમંગિયાનું શું ? ' કનકજોષી ગુસ્સામાં મુઠ્ઠીઓ વાળીને કહેતા.

- અંદરથી ઠંડા પાણીનો ગ્લાસ લાવી દઈ ઉર્મિલા 'હશે હવે જે નસીબમાં થવાનું હશે તે થાશે ! આપણે શું કરવાના છે તેમાં ? કહી પોતાના પતિની ગુસ્સાનો ઠંડો પાડી દેતા.'

- ઘણી વખત મોટી બેન ઉર્વશી પણ નાનાભાઈ ઉમંગને કહેતી : 'હવે ભઈલા પસંદ કરી લો અને ઝટ દઈને મારા માટે



ભાભી લાવી દો ! પછી કાનમાં કહેતી : 'કહેતા હો 'તો પ્રકૃતિ એના મમ્મી - પપ્પાને પૂછી જોઉં અને મીયાંબીબી રાજી તો ક્યા કરેગા કાજી -'

- તે વખતે ઉમંગ તરત જ 'ના રે ના. મારા અને પ્રકૃતિના સંબંધો છેક એટલી હદ સુધીના વિકસ્યા નથી કે મીયાંબીબી રાજી ફિર ક્યા કરેગા કાજી ?' બની શકે ઉર્વશીની વાતને ઉડાડી દેતો !

- તે વખતે ઉર્વશી કહેતી : 'તો પછી તમને મનપસંદ હોય તેવી મારા માટે ભાભી લાવી દો !'

- 'જો મોટી બેન'નો નંબર પહેલો પછી મારો વારો !'

- 'હવે મારું તો નક્કી છે જ - પણ તમારું શું ?'

- 'સહુનું થશે તે વહનું થશે !' કહી ઉમંગ છટકી જતો -

# (૧૨)

રસ્તે દોડતી જતી એસ.ટી. બસમાં અચાનક થયેલા અકસ્માત સમયે ફક્ત સંકટ સમયે બહાર નીકળવાની બારી વાટે બધા મુસાફરો મોતના કાળમુખા મોમાંથી છટકી જતા હોય છે. પરંતુ અભાગીયા ઉમંગે પોતે જાણીજોઈને જ આવી કોઈ છટકબારી રાખી ન હતી; પોતાના પગ પર જાણીજોઈને જ કુહાડી મારી એટલે દુઃખ, દર્દ, પીડા જે કાંઈ થાય કે ન થાય તે બધું જ તમામ તેણે મુંગા મોંઢે સહન કરવાનું રહ્યું. આનું નામ જ જિંદગી. એક ઉછીની લીધેલી જિંદગી ! આવી મહાપરાણે ધક્કો મારી મારીને બળજબરીથી બહારથી અંદર લેવા પડતા શ્વાસોશ્વાસની તે ખરેખર કંટાળી ગયો હતો. એક પ્રકારનું દુઃખ હોય તો સહન કરી શકાય. પરંતુ આ તો ચારેય બાજુથી લ્હાય લાગી હોય તો તે ટાણે શું કરવું ? આકાશ ફાટી પડ્યું હોય તો કયે ઠેકાણે થીંગડું દેવા જવું ?

- તે કંટાળ્યો હતો; અકળાયો હતો આ પીડાથી.

- પ્રકૃતિને તો જાણે કોઈ વાતની પડી જ ન હતી.

- પોતાનો બાપ લાખોપતિ સોના-ચાંદીના ઘરેણાંનો લાખ્ખોનો લખલૂંટ વેપાર કરનાર એટલે લાખોપતિની દીકરીને કોઈની શા માટે પડી હોય ?



- તે દિવસે તનમનથી અકળાયેલો ઉમંગ પોતાના મકાનમાં બેઠો હતો. આજે સવારથી જ મન વ્યગ્ર બની ગયેલું હતું. તેથી ‘જીવનબાગ’ ની મુલાકાતે ગયો ન હતો. જાણી જોઈને જ આજે પોતાના ‘નવરંગ સ્ટુડીઓ’ બંધ કરીને ઘરમાં ભરાઈને બેઠો હતો.

- સાલી આ તે કાંઈ જિંદગી છે ? આના કરતાં તો મોત સારું આ બધી વિટંબળાઓથી છટકી તો જવાય છટકબારીને બંધ કરીને જ કોઈ માણસ જાતે જ અંધારિયા ખંડમાંથી બહાર નીકળવા માટે ખોટી મથામણ કરે હવાતિયા મારે તો તે શું કામનું ? આ બધી વાતો હવામાં ગોળીબાર કરવા જેવી હતી. પાણી બહાર કાઢેલી કોઈ માછલી જીવવા માટે તરફડીયા મારે તે રીતે ઉમંગ તરફડિયા મારતો હતો.

- ‘કેમ દીકરા, આજે કાંઈ વહેલો વહેલો ઘરે આવી ગયો?’ ઉમંગની મમ્મીએ પૂછ્યું. ઉમંગ દરરોજ કરતાં•આજે વહેલો ઘરે આવ્યો હતો.

- મમ્મી, આજે શરીર ભારે ભારે લાગે છે. વળી જરા બેચેની જેવું લાગે છે તેથી....’ તેણે કહ્યું.

- ‘ભલે, જરા મસાલાવાળી ચા પી લે એટલે માથું - બાથું દુઃખતું હશે તે મટી જશે !’ કહી -‘ઉર્વશી બેટા ઉર્વશી ! ભાઈ માટે સરસ કડક ચા બનાવજે હેં.’ રસોડા તરફ જતાં તેમણે સુચના કરી.

- ‘એ હા -મમ્મી !’ જવાબ મળ્યો.

- ચા-પાણી કરાવ્યા પછી તે પોતાની રૂમમાં જરા આડોપડખો થયો એટલે મા - અનસૂયા દેવમંદિરે દર્શન કરવા અને ઉર્વશી બજારમાં શાકભાજી વગેરે ખરીદવા બહાર નીકળ્યા. પોતાની રૂમમાં

પલંગ પર પડખાં ઘસીઘસીને અકળાતો ઉમંગ શાંતિ, સંતોષ અને આરામ મેળવવા મથામણ કરતો હતો; ખોટી ખોટી રીતે માથાકૂટ કરતો હતો પણ બધું જ વ્યર્થ.

- ઘણી વખત આપણે બધા જ જાણતા હોઈએ છીએ કે આ બધા પરિશ્રમની ફલશ્રુતિ આપણી તરફેણમાં (ફેવરમાં) નથી આવવાની અને અ બધી જ મજૂરી માથે પડવાની છે. છતાં આપણે જાણી જોઈને જ અશક્યને શક્ય બનાવવા સદાય પ્રયત્નશીલ રહેતા હોઈએ છીએ. રેલ્વે સ્ટેશનથી ગાડી ઉપડી હશે જ તેવી ચોક્કસ ખાત્રી હોવા છતાં કદાચ ગાડી લેટ હોય તો મળી પણ જાય ! એવી ખોટી આશાઓ રાખીને વાટ પર દોડતા વટેમાર્ગુઓ ઘણાં બધાં જોયા છે, જાણ્યા છે અને અનુભવ્યા છે. સ્ટેશન પર પહોંચે અને જાણે કે ગાડી તો બે મિનિટ પહેલાં ઉપડી ચૂકી ! ત્યારે તેમની છાતીએ વજ્રઘાત થાય છે. તે બધા મૂરખ વટેમાર્ગુઓ લમણે હાથ મૂકીને બેસે છે ત્યારે મનમાં ને મનમાં તે બધા તરફ એક બાજુએથી ધૃણા અને બીજી બાજુ એથી ઉંડી સહાનુભૂતિની લાગણીનો અનુભવ થયા કરે છે. ઉમંગની પણ કાંઈક આવી પરિસ્થિતિ હતી. તે વિચાર વંટોળે ચડી ગયો હતો. વાયરાની ગતિની જેમ તેનું મન વિચારે ચડયું હતું. ઉમંગમાં હવે ઉમંગ નહોતો એ જીવન ઝંઝાવતથી હારી ગયો હતો અને હારી ગયેલો-ઘણા ઘા થકી ઘવાયેલો કોઈ યોદ્ધો જાણે રણભૂમિમાં પડ્યો રહે તેવી રીતે પીડાઈ રહેલો ઉમંગ પોતાના પલંગ પર પડ્યો હતો અને બે આંખો પોતાના જમણા હાથ અને ઘૂંટણના ભાગથી દાબીને આંખો મીંચીને પડયો હતો તેટલામાં.

- 'ટ્રીઈનનન...ટ્રીઈનનન...ટ્રીઈનનન' કોઈએ ડોર બેલ દબાવ્યો. 'એ કોણ છે ?' કહી પોતાના તમામે તમામ વિચારોને



ખંખેરી નાંખીને જાળીવાળા રૂમ તરફ આવ્યો.

- 'માસી છે કે ?' બહારથી કોઈ બોલ્યું.

- ઉમંગે તરત જ અવાજ પારખી લીધો; ઓળખી લીધો.

- તે પ્રકૃતિ હતી.... ઉમંગની પ્રકૃતિ.... કે... જેને ઉમંગ વારે ધડીએ હરદમ યાદ કર્યા કરતો હતો.

- 'આવો !'... કહી લોખંડની જાળીનું બારણું ઉમંગે ખોલ્યું: 'કેમ કાંઈ બહુ દિવસે આ તરફ ભૂલા પડ્યા ?' કહી તે અંદર દાખલ થયેલી પોતાની પ્રિયતમા પાછળ પાછળ ચાલ્યો.

- 'એની બધી તમારે શી પંચાત ? તમતમારે મોજ કરો અને ફર્યા કરોને !' કહી હૈયાનો રોષ તેણે ઠાલવ્યો. 'માસી-માસા તથા ઉર્વશી વગેરે ક્યાં ગયા છે ? આજે તમે ઘરમાં એકલાં જ છો કે શું ?' અજુબાજુ ફાંફાં મારતા કોઈ જ દેખાયું નહિ એટલે તેણે પૂછ્યું.

'આ બંદા આજે એકલા જ ઘેર હાજર છે એટલે બહાર બીજી કોઈપણ જગ્યાએ મળશે નહી. કારણકે ઘરના બધાં જ બહાર છે.' કહી ઉમંગે જવાબ આપ્યો.

'તો પછી આપણા જીવનબાગનું શું ?'

જીવનબાગમાં રોજ રોજ, અઠવાડિયે-અઠવાડિયે ચોરીછૂપીથી મળતા રહેવાથી કે મુલાકાતો ગોઠવીને 'રેસ્ટોરન્ટ'માં જઈ ભૂખ સંતોષવાથી મને જીવવાનો કોઈ અર્થ સરે તેમ લાગતું નથી. તેથી જ કહું છું કે પ્રકૃતિ તું નોકરી કરે છે; કમાય છે; પોતાના પગભર છે તેવી જ રીતે મારે પણ ઉપરવાળની મહેરબાનીથી સારો એવો ધંધો છે એટલે હવે આપણે બન્નેએ કોઈની ચિંતા કે પરવા કર્યા વગર એક છત્રછાયા નીચે જીવન જીવવું શરૂ કરી દેવું જોઈએ ! મારી દૃષ્ટિએ

એ જ ખરો જીવનબાગ છે. જીવનનો સાચો દૃષ્ટિકોણ છે એ જ ખરું જીવન છે. હવે બેસો !' કહીને પોતાનું ભાષણ પુરું કરીને ઉમંગ પોતાની પ્રિયતમા માટે પાણી લેવા અંદર કીચન તરફ ફર્યો.

'ભાષણબાજી કરવાની ટેવ જ પડી ગઈ છે. જે જિંદગી સુધી જવની નથી. છે જ એવો સાવ બબુચક-મુર્ખ જેવો ! હેં જીવનબાગમાં કેમ ન આવ્યો ? ક્યાં આ પાડો મારા લલાટે-લમણે માર્યો !' કહી પ્રકૃતિમાં મનમાં બબડી.

- પાણી લઈને ઉમંગ આવ્યો.

- 'પાણી નથી પીવું.' તેણે પાણીનો ગ્લાસ લીધો નહી.

- ઘણી જગ્યાએ અવળીગંગા વહેતી હોય તેમ લાગે છે. પ્રકૃતિનો સ્વભાવ જ કાંઈક વિચિત્ર હતો. જે જ્વાળામુખી જેવી હતી, તે વિસ્ફોટક પદાર્થ જેવી હતી.

- ઉમંગે ગ્લાસ ભરેલો પાણી ઘા કરીને બહાર ઠાલવી દીધું અને પછી ખાલી ગ્લાસ યથાસ્થાને મૂકી આવી બેઠક રૂમમાં આવ્યો. તે પહેલાં પ્રકૃતિ આરામથી રોયલ ચેરમાં બેઠી હતી.

- 'મારા મમ્મી બહાર દેવદર્શને ગયાં છે. ઉર્વશી શાકભાજી લેવા ગઈ છે અને પપ્પા ઓફિસેથી આવતા હશે?' ઉમંગ વાતનો દોર શરૂ કરતાં કહ્યું.

- 'મારે કાંઈ જગતનો ઈતિહાસ ભણવો નથી.' તે હજી તેના અસલ મુડમાં આવી ન હતી.

- 'ભલે ! પણ તારે બધી વાતો ગંભીરતાથી વિચારી લેતાં શીખી લેવું જોઈએ ! દરેક જગ્યાએ બાળકબુદ્ધિ ન ચાલે!'



- 'તમને ખબર છે કે શું ચાલે ને શું ન ચાલે ? જ્યારે મને કાંઈજ ખબર નથી કે શું ચાલે ને શું ન ચાલે એ જ મારે માટે બહુ છે....'

'તો પછી આનો અર્થ એ જે તારા અને મારા વચ્ચે સંબંધોનો કાચો તાંતણો જ બંધાયો છે તે કાચો તાંતણો કદાચ તૂટી જાય તો પછી એ વાતના દોષનો ટોપલો મારા માથે ન ઢોળી દેતી. ઉમંગ બોલ્યો.

'મેં ક્યારેય કોઈને બાંધી રાખ્યા નથી અને કોઈએ પોતાની જાતને પોતાના બંધનમાં છે તેવું માન્ય કરવાનુ પણ કોઈ કારણ નથી. આ તો ફક્ત નૈતિક ફરજનો સવાલ છે.'

'નૈતિક ફરજ તરફ ઈશારો કરનાર જ બધા માણસો મૂળભૂત ફરજોથી અલિપ્ત રહેતા હોય છે. અને પાછા બીજાને શિખામણો દેવાય તેટલી દેતા હોય છે.'

'ભલે જે હોય તે ! મારું ખુબ જ માથું દુઃખે છે અને જો તારા ઘરમાં પરવાનગી મળે તો સરસ મજાની કડક ચા બનાવી લાવું.'

'પોતાના ઘરમાં કોઈ કોઈની પરવાનગી લેવાની જરૂર રહેતી નથી અને હા. જો તું આ ઘરને પારકું ઘર માનતી હશે અને પરવાનગી લેવામાં (ફોર્માલીટી) ઔપચારિકતા જળવાતી હોય તેમ લાગે તો પરવાનગી છે.' ઉમંગ ગંભીર હતો.

- પ્રકૃતિ રસોડામાં સરી ગઈ.

- વારાફરતી મમ્મી, ઉર્વશી, પપ્પા બધા ઘરના સભ્યો વારાફરતી ઘરમાં હાજર થયા.

- બધાને ગરમાગરમ ચા મળી એટલે બધા જ ખુશ હતા.

- ઉમંગ જરૂર કરતાં વધારે ગંભીર જણાતો હતો.

પ્રકૃતિએ કહ્યું : 'અમારી સ્કૂલમાંથી નેપાળ-કાશ્મીર-નૈનીતાલ અને ઉત્તરપ્રદેશના ઐતિહાસિક યાત્રાધામોની ટૂર અને શૈક્ષણિક પષ્પ્રવાસ ૧૫ દિવસ પછી જવાનો છે. શૈક્ષણિક પ્રવાસમાં કેટલીક જીવતી જાગતી તસ્વીરો લેવા સારું ફોટો સ્ટુડીઓવાળાને કોન્ટ્રાકટથી લઈ જવાની વાત નક્કી થઈ છે અને અમારી શાળાના આચાર્ય અને મેનેજીંગ ટ્રસ્ટીઓએ બધી જવાબદારીઓ મારે માથે નાખી દીધી છે. એટલે હું ઉમંગની જો ઈચ્છા હોય તો તેમનું નામ અમારી કમીટીમાં સજેસ્ટ કરું !'

- આ સાંભળીને બેન્ક ઓફ બરોડાના બ્રાન્ચ મેનેજર સાહેબ કનક જોષી ખુશ થઈ ગયા. 'આઈડીયા સારો છે. ઉમંગને ફરવાનુંય મળશે અને ધંધાનો ધંધો પણ થશે ! કેમ ખરી વાતને અનસુયા ?' તેમણે અનસુયાની સામે જોતાં કહ્યું.

- 'બરાબર છે. પણ ઉમંગને ગમે તે ખરું ?' અનસુયા ઉવાચ.

'એમાં શું ગમવાનું ને ના ગમવાનું ?' લક્ષ્મી ચાંલ્લો લઈને આવી છે ત્યારે કાંઈ કપાઈ ધોવા જવાય ? ઉમંગભાઈ જો હા કહે તો હું પણ તેમની સાથોસાથ ફરી આવું પપ્પા...' ઉર્વશી બોલી.

- 'ના રે ના.. તારા માટે આપણે બધારે ૧૫ દા'ડામાં વડોદરા જોવા જવાનું છે.... અને હવે મારે રીટાયરમેન્ટમાં ચાર જ મહિના બાકી છે એટલે મારે તારા લગ્ન અને તારા ભાઈ ઉમંગના લગ્નની જવાબદારીમાં કોઈ પણ હિસાબે મુક્ત થવું જ છે. પણ તમે બન્ને ભાઈબે'ન અમારો તો કાંઈ પણ ખ્યાલ રાખતા નથી. ઉમંગની ઈચ્છા



હશે તો ૧૫ દિવસ ફરવા માટે છુટ્ટો છે પણ તને અમો જવા નહીં દઈએ.

ઉમંગે કહ્યું : 'હું બે દિવસમાં વિચાર કરીને હા કે નાનો જવાબ આપી દઈશ-ફાઈનલ કરી દઈશ !'

'ચાલો માસી, હવે મારે ઘેર જવાનું મોડું થાય છે.' કહી પ્રકૃતિએ- બધાની રજા લીધી.

- બધા જમી-પરવારી રહ્યા પછી રાબેતા મુજબ બજારનો આંટો મારવા નીકળેલા. ઝભ્ભા અને લેંઘાધારી ઉમંગના મુખપ્રદેશ પર ગોવર્ધનરામના પેલા સરસ્વતીચંદ્ર જેવી ધીરગંભીરતા અને ઉદાસીનતાથી આછી છાંટ વર્તાતી હતી.

# (૧૩)

- કોઈક મહત્વનો, અતિ મહત્વનો નિર્ણય કરવાનો જ્યારે સમય આવે ત્યારે આપણું મન ચકડોળે ચડી જાય છે. આ કરું કે ન કરું ? આમ જો નક્કી કરવામાં આવે તો ધન મન તન ધનની સુખશાંતિની બરબાદી થશે અનેક ઘણી વિટંબણાઓ વધી જશે એ નફામાં. આવા ટાણે શું કરવું ? અને શું ન કરવું ? તે બાબતે અકળામણ થતી હોય છે; માનવીનું મન મુંઝાતું હોય છે. દરિયામાં જેમ કોઈ તોફાનો વચ્ચે ફસાયેલી હોડી હાલમ-ડોલમ થયા કરે અને કોઈ જ પળે સ્થિર ન રહી શકે તેવું પણ આપણા માનવીનું મન છે. તેથી જ કહેનારે કહ્યું છે કે જેનું મન મક્કમ, જેનું મન મજબૂત તેનું બધું સલામત. 'મન હોય તો માળવે જવાય.' એ કહેવત અનુભવીઓએ જ પાડી લાગે છે, એ કાંઈ ખોટી નથી અને અવા ટાણે છાતી કઠણ રાખીને રસ્તો કાઢે એ જ ખરા, એ જ ભડવીર ભાયડો.... ખમીરવંત.

- પ્રકૃતિ સાથે ફરવા જવું કે ન જવું ? જાત્રાની જાત્રા થશે ઐતિહાસીક સ્થળોની મુલાકાતનો લાભ મળશે અને ધંધાનો ધંધોય થશે. પ્રકૃતિના આમંત્રણનો સ્વીકાર કરવામાં કાંઈ ખોટ જવાની નથી. એ હકીકત સારી રીતે જાણતો હોવા છતાં ઉમંગને પોતાને કોણ જાણે ક્યા કારણસર આ શૈક્ષણિક પ્રવાસ - ટૂરમાં જવાની ઈચ્છા લગીરેય થતી નથી. ઘડિયાળના લોલકની માફક જવું કે ના જવું ?



જવું કે ના જવું ? તે બાબતનો આજ દિન સુધી નિર્ણય તે લઈ શકતો ન હતો. પરમદિવસ સવારે પ્રકૃતિ પૂછવા આવશે તો શું જવાબ આપવો ? પછી પરમ દિવસની વાત પરમ દિવસે વિચારીને તેણે નવરંગ સ્ટુડીયો બંધ કર્યો - અને કંટાળો આવ્યો હતો ફ્રેશ થવા માટે 'લાવ જરાક લટાર મારી આવું !' વિચારી ફરવા નીકળ્યો.

- ન જવું હતું છતાં પણ જાણે અગોચર, અગમ્ય, આકર્ષણ બળ ઉમંગને 'જીવનબાગ' તરફ ઢસડી ઢસડીને લઈ જતું હતુ તેની ખુદ તેને ખબર પડતી ન હતી.

- બિચારા ઉમંગના દિલની લાગણીને મેં ખૂબ ખૂબ રીતે દુભાવી છે; તેના દિલને મારા કઠોર વ્રજ જેવા શબ્દોના બાણથી બહુ જ ગંભીર રીતે ઘાયલ કરી દીધુ છે. તેના મુખ પ્રદેશ પર કાયમ દુઃખ દર્દ, ચિંતા, પરેશાની, અશાન્તિ અને અસંતોષના ઘેરા વાદળો છુપાયેલા રહે છે. જો કે હવે મારે પણ તારી જાતે આ પાર કે પેલે પાર કાંઈક નક્કી કરી લેવું જોઈએ પણ મુસીબત છે. દાદા-દાદી અને બાપાની બધાય પથ્થર દિલ છે. બધાને મહાજનની આબરૂ ધૂળધાણી થઈ જય અને બધા લોકો - આખો સમાજ મહાજન અને મહાજનની હવેલી તરફ આંગળી ચીંધતું થઈ જાય એ બધી વાતનો બધાયને ડર રહ્યા કરતો.

- પણ આમ કયાં સુધી ડરી-ડરીને ચાલ્યા કરવાનું ? આપણે ક્યાં મોટો ફાંસીને લાયક હોય તેવો ગુનો કરી દીધો છે ? બધાય પોતપોતાનું વિચારતા હોય છે, તેમ મારે પણ મારું પોતાનું વિચારવું જોઈએ ! આ આપણો સમાજ બધાને શું કહેશે ? આપણા બધા માટે શું શું વિચારશે ? તે બધી હકીકતોનો વિચાર કરતા રહીશું તો બસ

આપણા નસીબમાં ફક્ત વિચાર્યા કરવાનું જ આવશે અને એમ કરતાં કરતાં જિંદગીનો અમૂલ્ય વારસો વેડફાઈ જશે ! પોતાની રૂમ (બેડરૂમ)ના સન-માઈકા ભરેલા સાગના પલંગ પર આડી સુતી સુતી પ્રકૃતિ આ બધું વિચારતી હતી.

- પ્રમોદરાય- એ એક એલ્યુમિનિયમની ધાતુ જેવા માણસ. જો કે પહેલાં તો ન માને પણ પછી સમજાવટ અને પતાવટથી જો વાતને આગળ વધારવામાં આવે તો કદાચ સફળતા મળે ખરી ! પણ તેમાં ૧૦૦% ની ગેરન્ટી નહિં. પછી એક ચલચિત્ર પુરું થાય અને બીજું આંખની સામે ખડું થઈ જાય તે રીતે -

- અનસૂયાદેવીની છબી-પ્રકૃતિ પલકો સમક્ષ ખડી થઈ.

- અનસૂયા મારી મા - ખરેખર

- હરજીવનદાસ અને લક્ષ્મીદેવી.

- પ્રકૃતિના દાદા દાદી અને બન્નેય જીવો ખૂબ જ જૂના જમાનાના ઘરડા વૃદ્ધ જીવો કે જેઓ આજ દીન સુધી

- એ લોકો જયારે આ હકીકતથી વાકેફ થાય કે પ્રકૃતિ અને ઉમંગ એ બન્ને લોકો આંતરજ્ઞાતિય લગ્નથી જોડાઈ ચૂકયા છે ત્યારે એ લોકો પર વીજળી ત્રાટકે અને તેમના ઘરડા હૃદયને વજ્રઘાત થાય. એ પણ એક સ્ટીલના જેવી મજબૂત અને નક્કર હકીકત હતી. ક્યાં ઉમંગ જોષી ? ક્યાં એક બ્રાહ્મણનો દીકરો-પંડિતનો દીકરો અને ક્યાં એક સોની મહાજનની દીકરી પ્રકૃતિ !

- 'મિયાં અને મહાદેવનો કોઈ દિ'મેળ પડ્યો હોય તેમ ભાળ્યું છે ? સાંભળ્યું છે ? ના. હરગીજ નહિ.' ક્યાં ચંપો અને ક્યાં કેળ ? પછી બોલો ક્યાં પડે બધાનો મેળ ?



- એ લોકો તો મરી જશે તો પણ ઉમંગ-પ્રકૃતિના સંબંધને કોઈ દિ' સમર્થન આપશે નહિ. તે જ રીતે પોતાના તમામેતમામ કુટુંબીજનો પણ જૂના જમાનાના રાજાઓના અજોડ કિલ્લાઓની જેમ અડીખમ રીતે અડગ હતા, કે જેઓ પ્રકૃતિ અને ઉમંગની જોડીને વધાવી તો શું છે ? પણ કદાચ બન્નેને જીવને જીવ જ વધેરી નાંખતા - મારી નાંખતા કદાચ તેમ ન હતા તેવું બને ત્યારે ઉપરથી એ દુઃખદ બનાવને સારું થયું એક પાપ ગયું વચ્ચેથી, હાશ થઈ અને રોજ-રોજની મોકાણ, માથાકૂટ ગઈ વચ્ચેથી.

- આટલી આટલી હકીકતોની સંપૂર્ણ વાકેફ હોવા છતાં 'પ્રકૃતિએ ઉમંગ સાથે મંદિરમાં લગ્ન કરીને - કોર્ટમાં તેની નોંધ કરાવીને પ્રભુતામાં પગલાં પાડવાનુ એક કમનસીબ પગલં ભર્યું હતું. જે ખરેખર બન્નેય માટે પ્રાણઘાતક બનાવ હતો.'

-સંબંધોની સાંકળ જાણે-અજાણે બંધાઈ ગઈ હતી; જે સંબંધની સાંકળીને 'આ દરવાજો તોડુંગા, તલવાર લે કે મારુંગા ! મુજબ ઝટપટ તોડી શકાય તેમ ન હતું.

- પ્રકૃતિ પરેશાન હતી; હેરાન હતી. એ મનોમન એટલી બધી મૂંઝાતી હતી કે તે પોતાની વેદના ન કોઈને કહી શકતી કે પછી ન જાતે સહી શકે.

- ગઈ કાલે. ઉમંગ જેવો જવાબ આપ્યા તે જવાબો પરથી એ હકીકત સ્પષ્ટપણે વરતાઈ આવતી હતી કે ઉમંગ પોતે પણ આ બધી ઉપાધીઓથી કંટાળ્યો હતા; અકળાયો હતો; ઉબાઈ ગયો હતો.

- બિચારા ઉમંગનો પણ શો વાંક ? તે પણ કોઈપણ જાતના

વાંક-ગુના વગર 'આ જા બેટા ફસાજા ! ની જેમ પોતે જ પોતાની જાળમાં ફસાઈ ગયો હતો ! એટલે આ તો 'સાપે છછુંદર ગળ્યા જેવી બીના બની !' ના સહી શકાય કે-ના કહી શકાય. ક્યાં જવું ? કોને શું કહેવું ? પ્રકૃતિને પોતાને જાતે જ સમજ પડતી ન હતી.

- લગભગ આખો દિવસ તેણે એક જાતની ચિત્રવિચિત્ર વ્યથા અને માનસિક યાતનામાં પોતાના બેડરૂમમાં જ પસાર કર્યો. તેની મમ્મી અનસુયાદેવી પોતાના લાડકવાયી દીકરીની ખબર કાઢવા માટે ત્રણ ચાર વખત આંટા-ફેરા મારી ગઈ હતી. અને મમ્મીએ 'બેટ તબિયત સારી નથી કે શું ? કેમ કાંઈ આજે નંખાઈ ગયેલી લાગે છે?'

- ત્યારે જવાબમાં તેણે 'હા મમ્મી. આજે તાવ જેવું છે. વળી માથું ભારે -ભારે રહ્યા કરે છે. એટલે નોકરીએ જવાની નથી.'

- 'ભલે !' કહી અનસુયાબેન પણ વળી ગયા.

- ત્યારપછી બે-ત્રણ વખત ચા, કોફી, નાસ્તો, જમવાનું વગેરે લઈને અનસુયાએ દીકરીની મુલાકાત લીધી પણ દીકરીને આ બધાથી ન કોઈ વાતનો આનંદ થયો કે ન કોઈ વાતની મઝા આવી એ સાવ મુડલેશ બની ગઈ હતી. ગઈ કાલના પેલા બનાવે તેના હૃદયને ભુક્કા કરી દીધા હતા.

- સાંજના પાંચ-સાડા પાંચ થયા કે તેને રિફ્રેશ થઈ આવવાની ઈચ્છા થઈ આવી. 'લાવ, જરા બહાર લટાર મારી આવું !' વિચારીને તે પોતાના બેડરૂમમાંથી બહાર નીકળી, ડ્રેસીંગરૂમમાં જઈ આછા ગુલાબી રંગની સાડી અને બ્લેક બ્લાઉઝ પહેરી થોડા ઘણા શણગાર કરી કોઈ નવી નવી દુલ્હનની અદાથી બહાર નીકળી અને 'મમ્મી, હું જરા બહાર ફરી આવીં ! કાંઈ શાકભાજી કે સરસામાન લઈ



આવવો છે ?' - જતાં જતાં તેણે કહ્યું.

- 'એ ના બેટા - પણ જરા વહેલી પાછી આવજે હોં. આજે તારા દાદા, બાપુજી, પપ્પા સાથે કોઈ મહેમાન આવવાના છે એટલે તને કહ્યું.

- 'મમ્મી પપ્પા અને દાદા એમના ધંધામાં એટલા બધા તલપાપડ અને મશગુલ રહ્યા છે કે દરરોજના નિયમ પ્રમાણે સાંજે આઠ સાડા આઠ વાગ્યે આવશે ! મમ્મી હું પહેલાં પાછી આવી જઈશ!' કહી તે બહાર નીકળી.

- ન જવું હતું પણ કોણ જાતે કયું અગોચર અગમ્ય આકર્ષણ બળ તેને 'જીવનબાગ' તરફ ઢસડી-ઢસડીને લઈ જતું હતું - તેની ખુદ તેને પણ ખબર પડતી ન હતી.

- જીવનબાગના એક દરવાજેથી ઉમંગ દાખલ તયો હતો. તો દરવાજાની સામી દિશામાંથી સામેના ગેટમાંથી પ્રકૃતિ પ્રવેશ કરતી હતી -'જીવન બાગમાં!'

- ઉમંગ આગળ આગળ ચાલ્યો હતો અને પ્રકૃતિ પાછળ-પાછળ ચાલી. એકાન્તવાળો બાંકડો પસંદ કરીને ઉમંગ બાંકડા પર બેઠક લીધી અને પ્રકૃતિએ પણ જમાવ્યું.

- પ્રકૃતિ અને ઉમંગ !

- બન્ને જણા 'જીવનબાગ' માં બેઠા હતા.

- જાણેઅજાણે બંનેના અંતરપટ વચ્ચે મૌનની દિવાલ ચણાતી જતી હતી. કોણ ક્યારે પહેલું બોલે ? કોણ બોલવાની શરૂઆત કરે ? એ કાંઈ નક્કી થતું ન હતું. તેથી જ બન્ને જણા લગભગ દશ-દશ મિનિટથી મૌન રહ્યા હતા. મૌનની ભાષા પણ અનેરી છે.

મૌન રહી રહીને ન કહેવાનું ઘણું બધું કહી જવાતું હોય છે.

- પ્રકૃતિની પ્રેમાળ આંખો ઉમંગને પ્રેમ અને સ્નેહથી ઘણું બધું સમજાવતી હતી.

- ઉમંગની ઉદ્વેગથી ભરપૂર આંખો ફરિયાદોના ઢગલા લઈને આવી હતી. અને પાર વગરની ફરિયાદ કરી રહી હતી. કોણ કોને સાંભળે ? કોણ કોને ન્યાય આપે ? 'જહાંગીરના ન્યાય' જેવી વાત હતી. મોતના બદલે મોત અને જીવનના બદલે જીવન એટલે જ 'જહાંગીરી ન્યાય.'

- ઉમંગ, પ્રકૃતિ પાસે ન્યાય માંગતો હતો; પોતાનો હક્ક માગી રહ્યો હતો.

- પરણ્યાની પહેલી રાત, સુહાગરાત ભોગવ્યા વગરનો તે સુહાગ હતો. સરોવર કિનારે ઊભેલો માનવી, તરસ્યો માનવી સરોવરના મીઠા પાણી માટે તરફડે તે રીતના તેની સ્થિતિ હતી. ઉમંગની આંખો પ્રકૃતિ પાસે મારું ઘર ક્યાં ? મારી શાન્તિ ક્યાં ? મારો સંસાર કયો ? તમને આટલી બધી આકરી સજા કરવાના શો અધિકાર હતો ? વગેરે લખલૂંટ પ્રશ્નો પૂછી રહી હતી.

- જવાબમાં 'ધીરજના ફળ મીઠાં !' ધીરજ રાખો સહુ સારા વાના થઈ રહેશે. ભગવાન આપણી બધી દુઃખદાયક પરિસ્થિતિથી વાકેફ છે, તે આપણા માટે કોઈ ને કોઈ રસ્તો શોધી આપશે ! ચિન્તા કરવાની કે ખોટી પરેશાની રખવાની કોઈ જરૂર નથી.

- એની આંખો ધીરગંભીરતાથી ઉમંગને ધીરજ ધરવા બાબતે સમજાવતી હતી.



- મિનિટો વહેતી જતી હતી. તે શાંત હતી. ઉમંગ શાંત હતો. 'જીવનબાગ' શાન્ત હતો. ચારે તરફ શાન્તિ પથરાઈ હતી અને એકલતાનું વાતાવરણ અકળાવી નાખે તેવું હતું. કોઈ કશું જ બોલતું ન હતું. બન્ને જણાને ઘણુબધું કહેવું હતું, પણ કહેવાની શરૂઆત કોણ કરે ? એ એક અગત્યનો મુદ્દો હતો.

- છેવટે પ્રકૃતિએ 'એય ! કેમ મુનિવ્રત ધારણ કર્યું છે કે શું ? કે પછી મારી સાથે ન બોલવાનું વચન લીધું છે શુ ?'

- 'બોલવા જેવું શું રાખ્યું છે, તમે ! હવે મારે કાંઈ કહેવાનું કે કાંઈ કરવાનું બાકી રહેતું નથી. 'ન બોલ્યામાં નવ ગુણ !' કકહી તે થોભ્યો.

- 'જરૂર નથી. તેવી વાતો થઈ શકે.' પ્રકૃતિએ કહ્યું.

'જેની તમારા માટે જરૂર નથી તેવી હકીકત મારા માટે જ ખૂબ જ અગત્યની હોય અને મારા માટે કિંમત વગરની વાતો તમારા માટે ખૂબ જ જરૂરી હોય. હકીકત જરૂરી છે કે બીનજરૂરી છે તે નક્કી કરવા માટે ચર્ચા કરવી જરૂરી છે.' કહી ઉમંગે કડવાશ રેડી.

'ભલે ! હવે મને તે કહો કે તમો અમારી સાથે 'ટૂર' માં પધારવાના છો કે કેમ ? મને મારા પ્રિન્સીપાલ સાહેબને આવતી કાલે આ વાતનો જવાબ આપવાનો છે. તમારી ઉપર મુજબની વાતોથી મારો મૂડ મરી ગયો !'

- 'મુડ તો મારો ક્યારનોય મરી ગયો છે ! હે પ્રિયતમા, હવે તો હું મરતાં મરતાં જીવી રહ્યો છું. અને આ જીંદગીથી લગભગ કંટાળી ગયો છું.'

- 'તેમાં હું શું કરુ ?'

- 'કાંઈ નહિ.'

- 'મારા પ્રશ્નનો જવાબ મળ્યો નહિ. તમો આવવાના છો કે નહિ ?'

- 'જુઓ, મને ફરવામાં કે કોઈને ફેરવવામાં ઝાઝો રસ નથી. હા, ધંધાદારી રીતે વિચાર કરતાં મને જરૂર હશે તો હું કાલે સવારે તમારી સ્કુલમાં આવતી કાલે તમામ આચાર્ય સાહેબને સીધો મળી લઈશ ! તમે સાહેબને મારું નામ દઈ એટલું કહેજો કે ઉમંગભાઈ સવરે સ્કૂલમાં મળવા આવશે હવે બીજું કાંઈ ? તેણે કહ્યું.

- 'બીજું તો કાંઈ છે જ નહિ. પણ ઉમંગ એક વાત કહી દઉં તને-કે આજકાલ તારો સ્વભાવ ખૂબ ખૂબ ચીડિયો બનતો જાય છે.'

- 'એમાં હું શું કરું ! એ માટે મારા પ્રાણ અને પ્રકૃતિ બન્નેય સરખા જ જવાબદાર છે. '

- 'ભલે બાપા ! થાક્યા હવે મારાથી હવે તારી વાતોથી પણ કંટાળો આવે છે. મને તો ખૂબ ખૂબ ભૂખ લાગી છે ! તારો શો વિચાર છે ?' તેણે કહ્યું.

- 'તને ભૂખ લાગી હશે તો 'આશા રેસ્ટોરન્ટ'માં જઈ નાસ્તો-પાણી કરી લે ! પણ હવે તો મારી ભૂખ પણ દિવસે દિવસે મરતી જાય છે. મને એ ભૂખનું કોઈ જાતનું દુઃખ પણ રહ્યું નથી.'

- ઉમંગે જવાબ આપ્યો.

- બન્ને જણા ત્યાંથી ઉઠી 'આશા રેસ્ટોરન્ટ'માં ગયા. પ્રકૃતિએ જલેબી, ફાફડા, ચટણીનો નાસ્તો કર્યો, જ્યારે ઉમંગે પણ એક ગ્લાસ



પછી બીજો ગ્લાસ પાણી પી લીધું અને 'રેસ્ટોરન્ટ'નું બીલ ચૂકવી બન્નેય જણા પૂર્વ-પશ્ચિમ એ બે અલગ-અલગ દિશામાં વિખૂટા પડયા.

- ઉમંગ અકળાય એ હકીકત વ્યાજબી હતી.

- જ્યારે પ્રકૃતિ પાસે કોઈ રસ્તો હતો નહિ 'મા-બાપ કુટુંબની આબરૂ-ખાનદાની-ઉમંગ કરતાં તેને વધારે વહાલા હતાં. એવું તો ન હતું, પણ હાલના તબક્કે કાંઈ જ નક્કી કરી શકતી ન હતી.'

❖

- બીજે દિવસે ઉમંગ નક્કી કર્યા પ્રમાણેના સ્થળે પહોંચી ગયો.

- પટાવાળા મારફતે શાળાના આચાર્યશ્રીને મળવા બાબતની ચિઠ્ઠી મોકલી અને ચિઠ્ઠીમાં કામનો પ્રકાર પણ જણાવ્યો.

- પાંચ મિનિટ બહારની હવા ખાલી પછી 'ટ્રીઈનનન - ટ્રીઈનનન' શાળાના આચાર્યના ઓફિસનો બહારનો ડોરબેલ રણકી ઉઠ્યો. વળી પાછો પેલો ચપરાશી અંદર ગયો અને ગણત્રીની જ મિનિટોમાં બહાર આવીને 'જાઓ મોટા સાહેબ બોલાવે છે' એમ કહ્યું.

- 'હું અંદર આવું, સાહેબ ?'

- 'યસ, કમ ઈન.' જવાબ મળ્યો.

- 'ગુડ મોર્નિંગ, સર'- ઉમંગે સાહેબને કહ્યું.

- 'ગુડ મોર્નિંગ. બેસો' કહી ચશ્મા અને ખાદીના ઝભ્ભા પહેરણ તથા ટોપીમાં સજ્જ થયેલા આચાર્ય સાહેબ ખુરશી સામે

અંગળી ચીધી.

- ખુરશીમાં બેસી ગયા પછી - 'સાહેબ, આપણી સ્કૂલમાંથી એક ઐતિહાસિક અને શૈક્ષણિક હેતુ માટે ટૂર જનાર છે, તેવી હકીકત મારી જાણમાં આવી છે.'

- 'બરાબર છે-'

- મારું નામ ઉમંગ જોષી. હું પેઈન્ટીંગનો ધંધો કરું છું અને સાથે સાથે મારો પોતાનો એક સ્ટુડિયો પણ છે કદાચ આપે 'નવરંગ સ્ટુડિયો' નું નામ સાંભળ્યું હશે પણ ખરું....'

- 'હા,બરાબર પેલા પ્રકૃતિબેન આજથી ત્રણ ચાર દિવસ પહેલાં તમારી વાત કાઢેલી અને કહેલું કે તમારા પિતાશ્રી બેન્ક ઓફ બરોડાના ઓફિસર છે અને થોડા સમયમાં નિવૃત્ત પણ થવાના છે.'

- 'બરાબર છે, સાહેબ.' તેણે પોતાનું માથું હલાવ્યું.

- સફેદ લેંઘા-ઝભ્ભામાં સોહામણો લાગતો ઉમંગ આચાર્યશ્રીને તેની વાણી વર્તન અને વ્યવહારોથી આકર્ષી ગયો. તેનું મોઢું, કપાળ મોટી મોટી આંખો અને વાત કરવાની અનોખી આવડતથી આચાર્ય સાહેબ તેની વાતમાં આવી ગયા.

- થોડી વાર બેસીને ઉમંગે આચાર્ય સાહેબ પાસેથો પોતાને ટૂર દરમ્યાન શું શું કરવાનું છે ? ક્યાં કયાં સ્થળોએ કેમેરાની મદદથી કચકડામાં મઢી લેવાના છે અને એક કદીય ન બન્યું હોય તેવું કલરીંગ આલમબ તૈયાર કરવાનું છે, તે હકીકત પૂરેપૂરી સમજદારીથી સમજી લીધી. કેટલીક પેઈન્ટીંગ કરવાની આઈટમો વિષે પણ માહિતી મેળવી લીધી. ઉમંગે પોતાને કઈ કઈ જાતનો પેઈન્ટિંગ સામાન (સરસામાન સામગ્રી તથા ફોટોગ્રાફીના કલરીંગ રોલ તથા મુવી ફિલ્મ તૈયાર


કરવા માટે કલર કેમેરો તથા બીજી જરૂરી ચીજવસ્તુઓ વિષે આચાર્યશ્રીને ખ્યાલ આવ્યો અને પછી આ કામે રૂા. ૫૦૦૦/- અંકે રૂપિયા પાંચ હજાર થશે. તે પ્રમાણે આચાર્યશ્રી સાથે ચોખવટ કરી લીધી અને આપ જો સંમત થશો તો કરાર (લેટર એગ્રીમેન્ટ) તૈયાર કરી આપવા સ્કૂલના કોઈ માણસ સાથે મને મારી સ્ટૂડિઓમાં મોકલી આપજો એટલે હું સહી સિક્કા કરી દઈશ !- ઉમંગે ઉઠતાં ઉઠતાં કહ્યું.

- બે દિવસમાં ઉમંગે 'નવરંગ સ્ટુડિયો' વતી પોતે કામ કરવા અને કામના બદલામાં નક્કી કરેલું મહેનતાણું લેવા ખુશી છે, તે મુજબ સ્કુલના અચાર્ય મારફતે તૈયાર થઈ આવેલા એગ્રીમેન્ટ લેટર પર સહીસિક્કા કરી લીધા આમ ઉમંગને એક નવી જાતનું કામ મળ્યું.

- તેને એક નવા પ્રકારની કામગીરી મળ્યાનો ગર્વ હતો.

- પ્રકૃતિને પોતાના પ્રિયપાત્રને મનગમતું કામ અપાવવાનો આત્મસંતોષ હતો. બન્નેય જણા બેયની દૃષ્ટિકોણ મુજબ ખુશ ખુશ હતા.

- જીવનબાગમાં એક બાંકડા પર બેઠેલા પ્રેમપંખીડાં વાતો કરતા હતા. પ્રકૃતિએ ઉમંગ જે ચૂપચાપ બેઠો હતો તે જોઈને કહ્યું -

- 'એય, બાઘાની જેમ બેસી શું રહ્યો છે ? બોલતો કેમ નથી ?'

- 'બેસી ન રહું તો શું કરું ? કૂદકા મારું - વાંદરાની જેમ ?' જ્યારે બોલીએ છીએ ત્યારે - બોલવાનું બંધ કરવાનો હુકમ થાય છે અને ચૂપ રહીએ છીએ ત્યારે બાઘા જેવા લાગીએ છીએ !' -

જવાબમાં તે બોલ્યો : 'બરાબર છે. હવે તારો શું વિચાર છે ?'

- ''સ્કૂલના ટૂર પ્રવાસની સાથે સાથે હનીમુન કરવાનો'' ઉમંગ તરત બોલી ઉઠ્યો... પણ પછી ખરી હકીકતનો ખ્યાલ આવતા પણ તારા કુટુંબકબીલાને તારું - મારું ગમન-આગમન ગમશે ખરું ?'

- 'જહન્નમાં જાય-ગમન-આગમન ને જહન્નમાં જાય મારો કુટુંબકબીલો અને મારા સગાવહાલાં ! આ ઉઠ, મને કકડીને ભૂખ લાગી છે. ... નહિ તો તને કાચો ને કાચો ખાઈ જઈશ !' કહી પ્રકૃતિએ ઉમંગના હાથ પકડીને જોશથી ખેંચતા કહ્યું : બન્ને જણા ત્યાંથી ઉઠી પેટની લાગેલી લાય ઓલાવવા સામે આવેલી 'આશા રેસ્ટોરન્ટ'માં ગયા. બન્ને જણા ખૂબ ખૂબ ખુશ ખુશ હતા; આનંદિત હતાં.



# (૧૪)

- પી. કે. બ્રધર્સમાં બેઠેલા પ્રમોદરાય અને હરજીવનદાસ બન્ને બાપદીકરો દુકાનમાં બેઠાબેઠા વિચાર કરતા હતા. સોના-ચાંદીના દાગીના તૈયાર કરનાર, બનાવનાર, વેચનાર, ઝર-ઝવેરાતનો લખલૂંટ વેપાર કરનાર વેપારીઓ આજે કોઈક સામાજિક વાતોમાં ગુંથાઈ ગયા હતા.

- 'હેં ભાઈ, તને એવી નથી લાગતું કે હવે આપણે પ્રકૃતિને સારું ઘર જોઈને પરણાવી દેવી જોઈએ !'... હરજીવનદાસ (દાદા) ઉવાચ.

- 'પણ મેં કયાયે ના પાડી છે!' જવાબમાં તે બોલ્યા.

- 'પણ આપણે જે બરોડાનો છોકરો જોયો છે તે છોકરો પોતે એમ.બી.બી.એસ. થયેલ છે; તેના બાપાની પોતાની કાપડની બરોડામાં દુકાન છે. ઘર, વર કુટુંબકબીલો વગેરે સારા છે. છોકરો ભણેલો ગણેલો છે; ડોકટરની પ્રેકટીસ કરે છે. સારું એવું દવાખાનું રાવપુરા વિસ્તારમાં ચાલે છે એટલે હવે આપણે કોઈ પણ જાતનો વિચાર કર્યા વગર - સંબંધ માટે હા પાડીને ઘડિયાં લગ્ન લેવડાવી લેવા જોઈએ ! છોડીનો અવતાર માથે સાપનો ભારો અને છોકરીઓ તો એમને ઘરે જ (સાસરે) સારી.' દાદાએ લાંબુલચ્ચ ભાષણ દઈ

દીધું.

- જવાબમાં પ્રમોદરાય ‘બસ આ દિવાળી પછી આવતા કારતક - માગશર મહિનામાં છોકરીના હાથ પીળા કરી દઈએ ! એટલે ભયો ભયો !’ બોલ્યા.

- ‘પ્રકૃતિ પરમદિવસ સવારે ટૂરમાં જવાની છે. અમદાવાદ, ઉદયપુર-જયપુર-દિલહી-મથુરા-આગ્રા-ઋષિકેશ-હરદ્વાર-અલ્હાબાદ-નૈનીતાલ-સીમલા-વગેરે જગ્યાએ ફરીને પછી પરત આવશે ! આપણને કાંઈ વાંધો ખરો ?’ જ્યારે પ્રમોદરાયે દાદાને પૂછયું ત્યારે -

- ‘નિશાળમાં ઘણી બધી બહેનો તો છે. એમાં એકલી આપણી દીકરી જ શા માટે જાય ? બીજી બહેનોને કેમ મોકલતા નથી ?’ દાદાએ મને-કમને પોતાનો વિરોધ વ્યક્ત કર્યો ત્યારે

- ‘દાદા, એ તો એની હાઈસ્કૂલમાં એક જ તે એકલી હોશિયાર ચબરાક-ચાલાક છે અને વિદ્યાર્થીઓમાં માનીતી જાણીતી છે; પ્રિય છે તેથી જ બધાએ તેની પસંદગી કરી છે.’ બાપે પોતાની દિકરીનો બચાવ કર્યો.

- એ બધી વાત તો ઠીક છે. પણ હવે આપણે દીકરીના હાથ પીળા કરી દેવા જોઈએ !’ દાદા ચર્ચાનો અંત લાવી - આજે ઘણું બધું મોડું થઈ ગયેલું હોઈ દુકાન વધાવવાની તૈયારીમાં પડ્યા.

- પ્રમોદરાયે દુકાનનું શટર તથા દુકાનને લોખંડી ગોદરેજી તાળાં પોતાના વિશ્વાસુ રામકીશનભાઈ મારફતે લગાવી દીધાં જેની ખાત્રી કરી વેપારી બાપ-દીકરો ઘર તરફ વળ્યા.

❖



-‘એય ઉમંગ ક્યાં ખોવાઈ ગયો છે?’ એણે તેનો ખભો હચમચાવ્યો ત્યારે તેને ખરી હકીકતનું ભાન થયું.

- લક્ષ્મણઝુલા ઋષિકેશના કુદરતી વાતાવરણને પોતાની કેનવાસીયા ચાદર પર ચીતરી લેવા માટે તલ-પાપડ બનેલા પેઈન્ટર ઉમંગને સમય- જગા સ્થિતિનું ભાન રહેતું નહિ. આમેય એક પછી એક ઢગલાબંધ ચિત્રો તે દોર્યા જ કરતો દોર્યા જ કરતો. સવાર સાંજ બપોર. બસ, કુદરતી વાતાવરણમાં ખોવાઈ જનાર-ડૂબી જનાર પેઈન્ટરને આજુબાજુનું ભાન રહેતું નહિ. પોતાના ખભે લટકાવેલા ઓટોમેટીક-કલરીંગ કેમેરાની મદદથી તેણે સંખ્યાબંધ ચિત્રો કેમેરાની આંખે ઝીલી લીધા હતા.

- સ્કૂલમાંથી બે ઈતિહાસના શિક્ષકો અને પ્રકૃતિ ઉપરાંત બીજા એક બહેન -સૂર્યાબેન ટૂરમાં સામેલ થયા હતા. ચાળીસેક વિદ્યાર્થીઓ અને બીજા બધા મળી એક બસના પેસેન્જરો થઈ રહ્યા. ઉમંગ સ્કૂલના સ્ટાફની સુચના પ્રમાણે દરેક જોવાલાયક ઐતિહાસીક સ્થળોનું ચિત્રાંકન કરી આવતો અને બધાની ફરમાઈશ મુજબ - આદેશ મુજબ - ફોટા-ગ્રુપ ફોટા તેમજ કુદરતી સીન-સીનેરીના ફોટા તથા મુવીફિલ્મ પણ બનાવતો જતો હતો. ઉમંગ-સમયવર્તી બધાનું બધીજ જાતનું કામ કરી દેતો.

- ઉમંગ એક ભોમીયો બની જતો; આદર્શ ગાઈડ બની જતો.

- તેણે જે બધાને અમદાવાદના -ઝૂલતા મિનારા અને વિખ્યાત સીદી સૈયદની જાળી તથા સાબરમતી આશ્રમ બતાવી પછી ધ્વની અને પ્રકાશ કાર્યક્રમ પર ગાંધીજીના જીવનચરિત્રની દસ્તાવેજી ફિલ્મો બતાવી. સમૂહ પ્રાર્થના કરતા ગાંધી તેમજ બીજા

ઐતિહાસિક ચિત્રો દોરી દીધાં તેમજ બધાનો ગ્રુપ ફોટો પણ પાડી દીધો.

- સુંદર શહેર ઉદયપુર, તેની આબોહવા સુંદર સરોવરનું શહેર ઉદયપુરના તમામ કુદરતી વાતાવરણના ઘણા બધા અદ્‌ભુત દશ્યોને કેનવાસ પર રંગબેરંગી રંગોથી ભરપૂર રીતે આપીને તેણે અદ્‌ભુત સુંદર રૂપ આપી દીધું હતું. સ્કૂલના પ્રવાસીઓએ - ઉદયપુર શહેરની મઝા માણી લીધી ત્યાંથી બધા જયપુર તરફ વળ્યા.

- એક વધારે ઐતિહાસિક શહેરની મુલાકાત-જયપુર એ ગુલાબી નગરી છે. તેનો આમેરનો કિલ્લો-હવામહેલ -મ્યુઝીયમ-ચન્દ્રવિલાસ- પેલેસની મુલાકાત લઈ, સ્કૂલનો યાત્રાસંઘ દિલ્હીના દરવાજે પહોંચ્યો.

પ્રકૃતિને ઉમંગના આવા ચિત્રવિચિત્ર સ્વભાવથી ખૂબ ખૂબ આશ્ચર્ય થતું હતું. ઘણા વખત દિલમાં ઊંડે ઊંડે દરદ પણ થતું પણ શું કરે ?

કુદરતે પ્રેમી પુરુષ-સ્કૂલના પર્યટનની ફોટોગ્રાફી-પેઈન્ટીંગ-તેમજ જરૂર જણાયે માર્ગદર્શન આપ્યા બાદ ઉમંગ પોતાની અનોખી-આગવી દુનિયામાં ગળાડૂબ થઈ જતો; તલ્લીન બની જતો; ગરકાવ બની જતો ત્યારે પોતાની કે આજુબાજુના કોઈની પણ ગતાગમ કે પરવા-ચિંતા રહેતી નહિં અને તેથી જ - ઉમંગની અર્ધાંગના મનોમન અકળાતી હતી; ગુંગળાતી હતી. કોને કહેવુ ? શું કહેવું ? પ્રકૃતિને કાંઈ જ ખબર પડતી નહિ. ‘જલ મેં પ્યાસી મછલી ! ની જેમ તે તરફડતી હતી, વિહવળ બની જતી હતી.

- ઉમંગે એક અનુભવસિદ્ધ ગાઈડની અદાથી કુતુબમિનાર-



ચાંદની ચોક-રાજઘાટ-શંતિઘાટ તેમજ મસ્જિદો અને રાજમહેલ અને મ્યુઝિયમ વગેરે વગેરે ઐતિહાસિક ઈમારતો બનાવી તેમના બધાના ગૃપ ફોટા ખેંચી લઈ, આલ્બમમાં વધારો કર્યો ત્યારે બાદ ઐતિહાસિક બનાવોને કેનવાસીયા કાપડ પર રેખાંકિત કરી દીધા. રાષ્ટ્રપતિ ભવન-ઈન્ડિયાગેટ-વિજય ઘાટ-બિરલા ભુવનને હું બહુ નિહાળી કાફલો હરદ્વાર તરફ ચાલી નિકળ્યો.

- જાતજાતના કામોમાં રચ્યાપચ્યા રહેનાર અને મસ્તરમ એવા ઉમંગને ક્યાંથી ખબર કે પ્રકૃતિ પોતાના પ્રાણપ્રિય પિયુને મળવા-ઉમંગને આલિંગન કરવા માટે તલપાપડ બની રહી હતી; અતિ આતુર બની ગઈ હતી-

‘પિયા મિલન કી આશ !’ ના ઉન્માદમાં ઓતપ્રોત બની ગઈ હતી.

‘આઈ મિલન કી બેલા ! આગ્રા શહેરના જમુનાનદીના કિનારે ઉભેલા તાજમહેલને નિહાળી પ્રકૃતિના દિલમાં કાંઈ ને કાંઈ થઈ ગયું. પ્રેમ જ સહારો બને ત્યારે પ્રેમીકાને એ સહારાને ખૂબ ખૂબ જરૂર પડે છે. ખાસ કરીને પ્રેમીકાને પ્રેમીના સહારાની ખૂબ જ આકાંક્ષા હોય છે. પોતાના પ્રેમીના ઉત્કંઠ પ્રેમ ક્યારે મળે ? તેની કોઈ ચાતક પક્ષીની જેમ રાહ જોતી પ્રકૃતિ...

- “પિયુને પળભરની નવરાશ નહિ ને પ્રેયસી કો લાખો કા સાવન જાયે. આ તો કાંઈ માણસ છે કે ફાનસ કે પછી કોઈ જાનવર? જાનવરનેય થોડીક ગતાગમ પડતી હશે ત્યારે આ ભાઈને તો બસ કામ કામ ને કામ આવી તે કાંઈ કોઈ જીંદગી જીવતું હશે ? મશીન ની માફક બસ ચાલ્યા જ કરવાનું; ચાલ્યા જ કરવાનું. આ માણસથી

તો બસ ભગવાન તોબા ! મારા સામે જોવાની અને પલકારો મારવાનો પણ સમય મળતો નથી.''

- જમુના નદીના ઉભેલા પ્રેમના પ્રતિબિમ્બ સમા તાજમહલના આરસ પહાણિયા પટાંગણમાં પ્રકૃતિ મનોમન વિચારી હતી, જ્યારે ઉમંગ જોષી બધાથી વિખુટો પડીને તાજમહલની બરાબર પાછળના ભાગમાં સરકી જઈ તાજમહલની પાછળની ભવ્યતાને કેનવાસ પર રેખાંકિત કરી રહ્યો હતો. સ્કૂલના બીજા બધા માસ્તરો અને બહેનો તેમજ સ્ટુડન્ટ સ્ટાફ કલાકેકની છૂટી જાહેર કરી હતી એટલે બધા પોતપોતાના મન ફાવતા ઠેકાણે ઘૂમવા નીકળી પડ્યા હતા.

- 'તેરી દશ પેસેકી નોકરી મેરા લાખો કા સાવન જાયે !' એ રીતે પ્રેમ ભાવમાં રસમધુર બનેલી પ્રકૃતિ પોતાના પ્રાણપ્રિય ઉમંગને જેટલી નજીક નીરખી શકાય તે માટે તેની શોધ કરવા નીકળી. શોધતાં શોધતાં અડધો કલાક વહ્યો ગયો અને ફરતી ફરતી પ્રકૃતિ તાજના પાછળના ભાગમાં આવી ગઈ.

- વાદળી સાડી, બ્લેક બ્લાઉઝ, લાંબા લાંબા કાળી નાગણના જેવા વાળના બે ચોટલામાં ગૂંથેલી વેણી, હરણ જેવી ભોળી-ભોળી નિર્દોષ ચબરાક આંખ અને ચાલવામાં પણ ચબરાક એવી પ્રકૃતિને - ટેરીકોટનનો ઝભ્ભો, લેંઘો અને હાથમાં રંગો પૂરવાની પીંછી તથા સામે ડ્રોઈંગબોર્ડ પર લટકાવેલા કેનવાસીયા કાપડને અવનવા રંગોથી તેમજ વિવિધ રંગોથી ચિત્રાંકિત કરતા અને બસ પોતાના જ ખ્યાલમાં ગૂમ એવો પોતાનો પ્રાણ પ્રિય પિયું ! પતિને પાછળથી નીરખી ગઈ. કાળી છાંયા જુલ્ફેદાર વાળ અને પાછળનો કોઈ નદીના પટ જેવો વિશાળ પીઠ પ્રદેશ અને મજબૂત ફોલાદી બે બાહુ અને નીચે



તેવા જ મજબૂત ફલિપ્ત પગ-પંજા-એ બધું જ એટલે કે નખશીખ સુંદર પોતાના પિયુને જોતાં આજે તે કોણ જાણે ધરાતી જ નથી; ધરાતી જ ન હતી. આ તાજમહલાના સાનિધ્યની એક મોટી ખૂબી હતી.

- પ્રિયતમા પોતાના પિયુને નિરખી રહી હતી-અપલક નયને !

- પ્રિયતમ દુનિયાનું ભાન-સાન ભૂલીને રંગોની દુનિયામાં પોતે જ ખોવાઈ ગયો- ગુમ થઈ ગયો છે ત્યારે હવે ભાવાવેશમાં આવી જઈને.

'એય ઉમંગ, ક્યાં ખોવાઈ ગયો છે?' કહી તેણે ઉમંગના ખભા હચમચાવી નાખ્યા ત્યારે ઉમંગને ખરી હકીકતનું ભાન થયું.

- ઉમંગે આ મારા ખભા હચમચાવી મુકનાર કોણ છે ? તેની ખાત્રી કરવા પાછળ ફરીને જોયું તો પ્રકૃતિ ખડખડાટ હસતી હતી.

- 'એય બુધ્ધુ, તને કાંઈ ભાન-બાન છે કે નહિ ? કે પછી ગાડીયાની જેમ કોઈની પાછળ પડી ગઈ છે !' કહી ઉમંગે તેને ચીઢવી. સાથે સથે ઉમંગે આજુબાજુ જોઈને પૂરેપૂરી ખાત્રી કરી લીધી કે પ્રકૃતિની આ વિચક્ષણ કાર્યવાહી કોઈ આવતા - જતા કે નિશાળનો સ્કૂલનો સ્ટાફ-સ્ટુડન્ટ તો જોઈ નથી ગયો ને ? ઉમંગને દુનિયાદારીનો ખૂબ ખૂબ ભય લાગતો હતો.

- ઉમંગ દુનિયાની તમોએ તમામ વસ્તુ પરિસ્થિતિને જાણી સમજીને તેને અનુરૂપ આચરણ કરનાર એક બુદ્ધિશાળી જીવ હતો; જ્યારે પ્રકૃતિ એટલે પ્રકૃતિ. આકાશ, પર્વત, નદી, વૃક્ષ-વનરાઈ વગેરે વગેરે જેમ પોતાનામાં જ મસ્ત રહીને જીવવું એમ માનતા હોયે તો પછી પ્રકૃતિ તો આ બધાની રાણી કહેવાય !' તેને કોની

પડી હોય ?

- દુનિયા જાય ભાડમાં ! જે થવાનું હોય તે થાય ! વિચારી પ્રકૃતિ ઉમંગને ચોંટી પડી. ઉમંગના બન્ને ગાલો પર, કપાળે-ઉમંગના ગુલાબી-ગુલાબી હોઠો પર ચુંબનોની વર્ષા કરતી રહી. એ ઉમંગની ગોદમાં છુપાઈ જવા, લપાઈ જવા ઉમંગમય બની જવા ઈચ્છતી હતી. જ્યારે ઉમંગ એક લજામણીના છોડની જેમ પોતાની કાયા સંકોચીને તે કોઈ અસ્પૃશ્ય ન હોય તે રીતે એના પડછયાથી પણ દૂર દૂર રહેવા મહાપરાણે મથામણ કરતો હતો.

- આજે તાજમહાલના સાનિધ્યમાં પ્રકૃતિને નશો ચડયો હતો.

- તે ઉમંગને વારંવાર ચૂમતી હતી; ભેટતી હતી.

- 'અરે પ્રકૃતિ ! આમ પાગલ ન બન ! આગળ-પાછળ ચારે બાજુ આવતા જતા લોકો તથા આપણા સ્ટુડન્ટ-સ્ટાફનો વિચાર તો કર!' ઉમંગ તેને સમજાવતો હતો; ઠપકારતો હતો.

- તાજની મુલાકાત લેવા આવનારાઓ ઘણા બધા પ્રકૃતિ અને ઉમંગને જોઈ રહ્યા. એક પરદેશી 'દંપતિએ' તો વળી વન મિનિટ પ્લીઝ કરીને ઉમંગને પ્રેમલિંગન દેતી પ્રકૃતીના પ્રણયમસ્ત મિજાજને કચકડામાં મઢી દીધો અને 'થેંકયું' કહી 'યોર ફૂલ એડ્રેસ પ્લીઝ' કહી પરદેશી યુવકે ઉમંગ સામે બોલપેન અને ડાયરી ધરી દીધી. ઉમંગે વળી આ નવી લપ કયાં જાગી ? વિચારી ઝડપથી પેલા ભાઈશ્રીને પોતાનું પુરેપુરું નામ-સરનામું પોતાની ડાયરીમાં લખી દીધું.

- 'થેંકયુ-વેરી મચ ! આઈ વીલ સેન્ડ વન કોપી ફોર યુ બોથ - ફોર યોરર્સ સ્વીટ રીમેમ્બર્સ' કરી પેલું પરદેશી યુગલ ચાલતું થયું.

ઉમંગના કપાળપ્રદેશ પર પરસેવાના બુંદ જામ્યા હતા; જ્યારે



પ્રકૃતિ ખડખડાટ હસતી હતી- રોકટોક વગર.

- 'સસ-બસ; હવે પ્રકૃતિ મારે ઝાઝું પ્રેમપ્રદર્શન કરવું નથી ચાલો હવે !' તે ખિજાયો.

'ક્યાં જાશુ ?' તે બોલી.

- 'જહન્નમાં પણ અહીયા તો નહિ જ પધારો !'

- પ્રકૃતિ - ઉમંગ તાજમહાલને ભય સામાન ગણી આગળ વધ્યા. દૂર દૂર રેડિયો ટ્રાન્ઝીસ્ટરવાળાના ધામે 'યે રાસ્તે હૈ પ્યાર કે ચલના સંભાલ-સંભાલ કે!' ગીત સંભળાતું હતું. ઉમંગ અજને બરોબર ખિજાયો હતો; તે હસતી હતી.

- સ્કૂલના સ્ટુડન્ટ તથા બીજો સ્ટાફ બપોરના જમવાના ટાણે ભેગો થયો. સારું થયું કે પ્રકૃતિની પ્રણયલીલીન કોઈને ખબર ન પડી... નહીં તો એ લોકો કાગનો વાઘ કરી દે, તે વાતની ના નહિ.

- આગ્રા શહેરને ગુડ-બાય કરી સ્કૂલ સ્ટાફ ટુરીસ્ટ બસ હવે હરદ્વાર તરફની દિશામાં દોડતી હતી. ત્યાંથી ઋષીકેશ પહોંચ્યા ત્યારે બધાયને કુદરતની અનોખી ગોદમાં દરેક ખોવાઈ ગયા છે એવું લાગ્યું.

- ચારે તરફ વાતાવરણ- મનોરમ્ય વાતાવરણ મંદ મંદ વહેતો મસ્ત સમીર-કલરવ કરતા પંખીઓ-ઝાડી-કલકલ વહેતા ઝરણા પર્વતની છાય-બધા બસમાંથી ઉતરી લક્ષ્મણ ઝૂલા પર પગ રસ્તે ગયા. જ્યારે પ્રકૃતિ અને ઉમંગ બધાયના કહેવાથી તેમજ હોડીરસ્તે વધારે સમય લાગે કે પછી પગરસ્તે ? તેમજ જળયાત્રાનો સ્વનુભવ કેવો હોય ? અને વળતી વખતે જળયાત્રા કરવી ? કે પછી પગરસ્તે

પાછા ફરવું તે અંગેનો પોતાનો અભિપ્રાય આપવા - બંનેએ ગંગામૈયાની ગોદમાં - નાવડીના સહારે-મા-ગંગાની હૂંફાળી છાતી પર સરકવું શરૂ કર્યું ત્યારે -

- ગંગા નદી સડસડાટ કરતી વહેતી જતી હતી. તે વહેણને ચીરીને ઉમંગ-પ્રકૃતિ તથા બીજા સહયાત્રીઓ લઈ જતી હોડી સામે કિનારે જતી હતી. ગંગાનો વિશાળ પટ-કિનારો માનું હૃદય વિશાળ જ હોઈ દરિય દિલ હોય -

- હોડી નદીના વહેણને ચીરતી આગળ વધતી હતી. મંદ મંદ હવા વહેતી હતી. સહયાત્રીઓ પૈકી એકાદ બે જણના છૌયાછોકરાં રડતાં હતાં, તે સિવાય બધું વાતાવરણ શાંત હતું.

- ઉમંગ શાંત હતો, પ્રકૃતિ શાંત હતી. થોડીવાર મૌન પછી.

'તું ઘણી વખત તું નાના છોકરાં કરતાં પણ વધારે તોફાન કરે છે, જે મને નથી ગમતું.' ઉમંગે ગંભીર થઈ કહ્યું.

'મેં તો એવું શું તોફાન કર્યું છે કે તમે કોઈ મોટો ધરતીકંપ થઈ ગયો હોય તેમ કાગનો વાઘ કરી રહ્યા છો !' પ્રકૃતિ ઉવાચ.

'ના પણ જે વાત કરો - વ્યવહારની વાત કરતાં કેમ નથી ?' તે હવે ખિજાણી-

'વ્યવહારમાં તો એ હકીકત છે કે તેં અને મેં લગ્ન કરી દીધા છે અને આપણા લગ્ન ચોરીછૂપના - ગાંધર્વ લગ્ન હોઈ અને તે લગ્ન રજીસ્ટર્ડ થયા છતાં તું તે હકીકતને તારાં મા-બાપ અને કુટુંબ કબીલા કે બધા તમારા સમાજ આગળ કહેતાં કરતાં ગભરાય છે અને તેથી જ હું એક પતિ કે જે આજદિન સુધી લગ્ન થયું હોવા છતાં સુહાગરાત માણી શક્યો નથી કે મારી જોડે એક છત્ર-છાયા નીચે



રહી શક્યો નથી તે બધાની હાજરી હોય તો ઠીક પણ તે તમામની ગેરહાજરીમાં કોઈક અજાણ્યા પ્રદેશે તું તારી પ્રણયલીલાનું તેમજ તારી અક્કલનું એમ બન્નેય રીતે ખુલ્લં ખુલ્લાં પ્રદર્શન કરી રહી છે, જે મને ગમતું નથી; મંજુર પણ નથી. મારી હાલત તો લગ્ને લગ્ને કુંવારા જેવી છે. ના ના હવે તુંજ બોલ કે હવે હું શું કરું ? હું જીવી કે મરું ?'

'તમારે કાંઈ પણ કરવાની જરૂર નથી. હવેથી જે કાંઈપણ કરવાનું હશે તે હું જાતે જ કરીશ ?' તમારે કાંઈ પણ કહેવાની કે કરવાની જરૂર રહેશે નહીં. તમને તાજ-મહાલના સાંનિધ્યમાં તંગ કર્યા તે બદલ આઈ એમ વેરી સોરી ! હું મારા ખરા હૃદયથી માફી માગું છું. ખાત્રી આપું છું કે મારા તરફથી તમને કોઈ જ જાતની કનડગત કે પરેશાની ભવિષ્યમાં થશે નહિ.' બોલતાં બોલતાં તેની આંખો ભરાઈ આવી, આંખોમાંથી ઝળહળિયાં ઉભરાઈ આવ્યા !' પણ ઉમંગ આ દૃશ્ય જોયું ન જોયું કરી પોતાની આંખો બીજી દિશા તરફ ઘૂમાવી દીધી.

- ડગુમગુ થતી ક્યારેક ઉપર નીચે આરોહ-અવરોહ લેતી નાવ નદી કિનારે સામે પહોંચી ગઈ હતી. પણ પ્રકૃતિનો કિનારો સામેથી જ અદૃશ્ય બની ગયો હતો. હવે તે માનસિક રીતે મનોમન પડી ભાંગી હતી. તેના મનમાં એક જાણે-અજાણે અજંપો પેદા થઈ ગયો હતો.

'સિસ્ટર, ઓ સિસ્ટર ! નાવમાં જળયાત્રા કરીશું તો ઠીક રહેશે કે પછી પગરસ્તે ?' જ્યારે સ્ટાફના કોઈ સભ્યે પૂછ્યુ ત્યારે

'મને તો જળયાત્રા અનકૂળ ન આવી. તેમ છતાં ઉમંગનો

મત લઈ જુઓ; કારણકે એમને હૈયે આવી દુનિયાની ચિંતા - ફિકર છે દુનિયાની બધી જ દુનિયાદારી એમને એકલાને જ વળગી છે.' કહી તેનો જાણે-અજાણે પોતાનો રોષ ઠાલવ્યો.

- 'ચાલો, આપણે બધા બે-ત્રણ હોડીમાં સમાઈ જઈશું !' પંદર-પંદર મળી ચાલીસ પિસ્તાળીસ માટે ત્રણ નાવડીઓ પૂરતી છે.' કહી લાંબી લપ્પન છપ્પન કર્યા વગર ઉમંગે પોતાનો મત આપ્યો. ત્યારે બાકીનાએ આવકાર આપ્યો. બધાએ વધાવી લીધો.

- નક્કી કર્યા મુજબ જળરસ્તે પાછા વળ્યા. પરંતુ આવીને નક્કી કરેલ ઉતારે બધાએ જવાનું હતું. બપોરે જમી પરવારીને કલાકેક આરામ લઈને લક્ષ્મણ ઝુલા- લક્ષ્મણ મંદિર કાલીકમલીવાલા આશ્રમ વગેરે જોવાનો ક્રમ હતો. બધા થાકેલા હોઈ નાવું-ધોવું અને બીજી બધા કામમાં પડ્યા ત્યારે વિષાદથી ભરપૂર પ્રકૃતિમાં ખોવાઈ ગયેલો અને આશા-નિરાશા વચ્ચે ધરમધક્કા ખાઈ રહેલ ઉમંગે ઠંડા પાણીથી હાથ મોં ધોઈ રેસ્ટ હાઉસની વિશાળ લોન પર પોતાનો પેઈન્ટીંગ સમાન, કેનવાસ બોર્ડ, પેઈન્ટીંગ સ્ટેન્ડ તથા તમામ કલર્સ અને પીંછીઓ વગેરે પાથરી દઈ નિસર્ગના સૌંદર્યનું પાન કરતો તેની જીવંત આકૃતિને કેનવાસ બોર્ડ પર ઉતારી રહ્યો હતો.

- સામે પહાડી પ્રદેશ છે. તેમાં વનરાજી છે, પણ તે બહુ લીલો નથી. નાનકડા હાથીના બચ્ચા જેવો પહાડ-ધૂણી ધખાવીને બેઠેલા જોગી જેવો લાગે છે. બપોરના ૧૨-૧ના સુમારે આ બધી કુદરત-કુદરતનું બધું જ વાતાવરણ -એક દર્દમય વાતાવરણ હતું. ભર બપોરીયે પ્રકૃતિ તપતી હતી. બળતી હતી; શુષ્ક-વુષ્ક હતી. ને નારાજ હતી. ઉમંગે તેના દુઃખ દર્દ અને બપોરના બળબળતા બળાપાને



કેનવાસ બોર્ડ પર રેખાંકિત કરી દીધાં ! તેમાં અવનવા હુબહુ રંગો ભરી દઈને 'એન્ગ્યુઈસ ઓફ ધી નેચર' ને એટલું બધુ જીવંત સ્વરૂપ આપી દીધું કે ભલભલા જોતાં જ રહી જાય ! કોઈની બુદ્ધિય કાંઈ કામ ન કરે !

આજના ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં દુનિયાની સર્વોચ્ચ ચિત્ર-સ્પર્ધા ડાન્સ યોજાઈ રહી છે અને ફેકલ્ટી ઓફ ફાઈન આર્ટસ એન્ડ કલ્પચર એકટીવીટીઝ ઓરગેનાઈઝેશન કે જેની મુખ્ય કચેરી ફ્રાન્સ દેશના પેરિસ મુકામે હતી તેના મુખ્ય કાર્યાલયના સરનામા દુનિયાના જાણીતા આર્ટીસ્ટો પોતાના કલાકારીગરીના નમૂના પંદર દિવસમાં પોતાના ખર્ચે અને જોખમે પહોંચતા કરે અને પ્રથમ નંબરને પેરિસમાં જવા આવવાનું.

- બીજા-ત્રીજા માટેનું તમામ ખર્ચ તથા દરેકને અનુક્રમે ૧ લાખ રૂપિયા પંચોતેર હજાર તથા ૫૧ હજાર રૂપિયાના રોકડ ઈનામ સાથે ઉત્તમ કલાકૃતિના નમૂનાની યાદમાં ગોલ્ડ મેડલ આપવાની જાહેરાત વર્લ્ડ ફેકલ્ટી ઓફ ફાઈન આર્ટસ એન્ડ કલ્પચર એકટીવીટીઝ ઓરગેનાઈઝેશન' નામની સંસ્થાએ કરી હતી.

- ઉમંગ જ્યારે પોતાના પેઈન્ટીગના કેનવાસ બોર્ડ પરની કાર્યવાહીમાં મશગુલ હતો એક રેખા-એક બીજી રેખા-એક આડી રેખા-એક ઉભી રેખા અને ધણીબધી રેખા-ઘણાબધા ચિત્રો-ઘણાબધા ચિત્રોની પાછળ ચિત્ર-વિચિત્ર કથની લખાયેલી હોય છે. ઘણાબધા લોકો-ઘણીબધી વાતોને અને પોતાના જીવનમાં થયેલા જાતજાતના અનુભવોને આસાનીથી ઘણી જ આસાનીથી ભૂલી જતા હોય છે. એ બધી વાતોને વિચારી દેવાનુ એમને કોઠે પડી ગયું હોય છે.

- જ્યારે એક બાજુ પ્રકૃતિ અને  બીજી બાજુ ઉમંગ એ બન્ને આજની થયેલી જાણે-અજાણે ચડસાચડસી અને તેના કારણે ઉભો થયેલો ખટરાગ, અંતરઆત્માને લાગેલું દુઃખ અને ખોટી ખોટી ચર્ચા વિચારણા તેમજ ચડસા-ચડસીના કારણે બન્નેના દિલને જે રીતે આઘાત પહોંચ્યો તે તથા દિલની દુભાયેલી લાગણીઓ એ બધી વાતો બન્નેય જણા સરખી રીતે જ ભૂલી શકતા ન હતા; વિચારી શકતા ન હતા. જે તેઓ બન્નેની માનસિક નબળાઈ ગણો તો માનસિક નબળાઈ કે પછી એક માનસિક બિમારી ગણો તો તે ખામી આ બન્નેમાં હતી.

- બપોર પછી ત્રણ-સાડા ત્રણ ચારનો સુમાર થયો. આજે 'એન્ગ્યુઈસ ઓફ ધી નેચર'નુ કેનવાસ પેઈન્ટીંગ ચિત્ર દોરીને જાણે ધાડ ન મારી દીધી હોય તેવો ભાવ ઉમંગના હૈયે થતો હતો ! વળી આ જ ચિત્રને તેણે 'વર્લ્ડ ફેકલ્ટી ઓફ ફાઈન આર્ટસ એન્ડ કલ્પર ઓરગેનાઈઝેશન' ની હરીફાઈ માટે નક્કી કરી દીધું હતું. આજે ઉમંગ ખુશ હતો; ધીર હતો; ગંભીર હતો; નારાજ હતો ને પરેશાન હતો. તે અકળાયેલો મહતો. તેણે ઠંડા પાણીથી હાથ મોં ધોઈને બસસ કામ-કામ ને કામ જ કર્યું. નાસ્તો-પાણી, ઉંઘ-આરામ, શાંતિ ને વગેરે વગેરેને ભૂલી જ ગયો હતો. તેન નસીબમાં આ બધું ક્યાંથી હોય ! તે એક કમનસીબ હતો; મહાકમનસીબ.

'હવે આ બધા પાટીયા ઊંચા મૂકી દો... ! નહિ તો અ ાબધા પાટીયાં-પેઈન્ટીંગ્ઝ અને કલા-ચિત્રકલાને હું બાળીને ભસ્મ કરી દઈશ; સળગાવી દઈશ; બાળી નાખીશ; ફૂંકી નાખીશ !' કહી બોલતી બોલતી પ્રકૃતિ હાથમાં કોફીના પ્યાલા તથા ખરી બિસ્કીટથી ભરેલી ડીસ સાથેની ટ્રે લઈને ઉમંગ તરફ આવતી હતી. હજુય તેનો પૂણ્યપ્રકોપ શાંત પડ્યો ન હતો. એ જ્વાળામુખીની માફક અંદરથી



જલતી હતી; બળુ બળુ થતી હતી.

'એય પ્રકૃતિ, તું મારા કેનવાસના પાટીયા ડબ્બા-ડબલી ઓની જ્યારે ૐ (ઓમ્) સ્વાહા ! કરી ફૂંકી મારે; બાળી દે પેલા ઔરંગાઝેબની માફક ત્યારે તે વખતે મને પણ જીવતો જલાવી દેવાનું -બાળીને ભસ્મ કરી દેવાનું ન ભૂલતી, હોં, કારણકે કલાકાર અને કલા બન્નેય સાથે જ જીવતા હોય છે; સાથે જ જીવંત રહેશે અને સાથે જ મરશે એ એક દુન્યવી-સનાતન નિયમ છે.' ઉમંગ જવાબમાં લાંબુચોડું ભાષણ સંભળાવી દીધું.

- 'એ બધી વાતો છોડો ! હવે અને આ કોફી-નાસ્તો કરી તૈયાર થઈ જાઓ ! સ્ટાફ-સ્ટુડન્ટસ વગેરે તૈયાર થઈ ચારા-સાડા ચારે બહાર નીકળશે તમારી જોડે ચર્ચા કરવા રહીશ તો મારા છ જન્મારા જતાં રહેતાં પણ પાર નહિ આવે ! તમારી વાતોનો.....!' પ્રકૃતિ હજી પણ નારાજ હતી તેવું તેની વાતચીત પરથી  લાગતું હતુ.

'બસ હું કોફી જ લઈશ ! થેંકયુ-તેમ આટલી અંગત લગણી રાખી તમે મારા માટે કોફી તૈયાર કરી લઈ આવ્યા તે માટે થેંકયું !' કહી ઉમંગ કોફી ભરેલો ગ્લાઈ લઈ લીધો. પછી તે ધીમે ધીમે કોફી પીવા લાગ્યો. કોલ્ડ કોફી પીવાનો પણ આનંદ અનેરો હોય છે.

પ્રકૃતિ કોફી પી રહેલા ઉમંગને ભાવપૂર્ણ નજરે જોઈ રહી 'થેંકયુ' શબ્દે જાણે તેના હૈયા પર મૂકેલા લાખ-લાખ મણનો બોજો હળવો કરી દીધો હતો. તેનું હૈયું હળવું ફૂલ બની ગયું હતું; બોજારહિત ચિંતાઓ વિટંબણા વગરનું હૈયું ! તેના હોઠ પર હાસ્ય ઉપસી આવ્યું અને તેના ગાલે ખંજન પડ્યા.

- પ્રકૃતિ એક પરી જેવી લાગતી હતી. સુંદર વસ્ત્રો-શ્વેત સાડી શ્વેત મોગરની વેણી અને બ્લેક બ્લાઉઝમાં શોભમાન આજે તે ખૂબ ખૂબ ખુશ હતી.

- મોટી, મોટી-માંજરી, માંજરી હરણ જેવી આંખો અને કમનીય કાયા-ગોરો ગોરો ચંદ્ર શો વર્ણ અને સપ્રમાણ ઊંચાઈ તેમ જ મીઠો મધુર ઘંટડી જેવો અવાજ, ભગવાને તેને શું ન આપ્યું ? તેણે ખોબલે-ખોબલે ભરીને પારાવાર રૂપ અને અલૈકિક, દૈહિક સૌદર્યની અણમોલ ભેટ આપી હતી, કાળા નાગણ જેવા લાંબા-લાંબા વાળ, પછી મુખારવિંદ, પછી પાતળી પતાળી ગરદન-છાતીનો ઉન્નત પ્રદેશ, ઊંચા નીચા થતાં પયોધરોનું અસ્તિત્વ ધરાવતો રમન પ્રદેશ ત્યાંથી નાભી પછી પાતળી પાતળી કેડ અને કેડોને અડીને આવેલી કમર તથા જાંઘનો પ્રદેશ - સરખો આકાર-સિંહ સરખો-પીઠ પ્રદેશ અને તેની નીચેનો ભાગ તથા પગની પાની અને પછી ગુલાબી ગુલખી નખ અને પગના તળિયા, આમ આજે પોતાની પ્રાણપ્રિય પ્રકૃતિને પગથી તે છેક માથા સુધી અને માથાથી તે પગ સુધી એમ બન્નેય રીતે વારંવાર અપલક નયને ઉમંગ જોઈ રહ્યો. તેના રૂપ સૌદર્યને માણી રહ્યો.

- 'એય બાઘાની માફક આંખો ફાડીને શું જોઈ રહ્યો છે ? ચાલો. મોડું થાય છે !' કહેતાં જ્યારે તેણે છણકો કર્યો ત્યારે ઉમંગ વાસ્તવિકતાની નકકર ભૂમિ પર પટકાયો -

'કાંઈ નહિ એ તો તને - તમારામાં આજે કાંઈ નવીનતાના દર્શન થાય છે. આજે-આજે તમારામાં, તમારી વાતચીતમાં, તમારા અંગમરોડમાં તાજગી છે. લે તું પણ થોડી કોફી પી ! - મઝા



આવશે !' કહી ઉમંગે કોફીનો એંઠો જુઠ્ઠો ગ્લાસ તેના હાથમાં પધરાવ્યો-

પ્રકૃતિએ હાથમાં પકડી રાખેલી ટ્રે બાજુ પર મૂકેલા સેંથીમાં સિંદુર પુરવાના રંગના ડબ્બા ડબ્બીથી ભરપુર એવા ફોલ્ડીંગ ટેબલ પર મૂકયો પછી ઉમંગ કોફીનો ધરી રાખેલો કોફીનો ગ્લાસ જલ્દી લઈ લીધો- 'તમારે હાથે ઝેર મળશે તો પણ પી લઈશ! અને પછી લોકો પણ જાણશે કે 'ઝેર તો પીધાં છે જાણી-જાણી' કહી ખડખડાટ હસતી કલબલાટ કરતી કોયલનો કલરવ કરતી તે કોફી પીવા માંડી જે ઉમંગ જોઈ રહ્યો.

- 'ચાલો, હવે તૈયાર થઈ જાઓ ! આ બધું ઊંચુ મેલી ને ! કહી પ્રકૃતિએ પ્રાણપ્રિય એવા પિયુ ઉમંગને આદેશ કર્યો.

- સામેથી શિક્ષક સ્ટાફવૃન્દ તેમજ સ્ટુડન્ટસનું ટોળું આવતું દેખાયું એટલે કોફીનો પ્યાલો પૂરો કરી નાસ્તાની ટ્રે સાથે પ્રકૃતિ પાછી ફરી.

- આજે ખૂબ-ખૂબ ખુશમાં હતી, તે ખૂબ મૂડમાં જણાતી હતી અને ત્યાંથી આવી પહોંચેલો કાફલો (શિક્ષકવૃન્દ તથા સ્ટુડન્ટસ વગેરે) ઉમંગને મધમાખીઓની જેમ ઘેરી વળ્યો.

# (૧૪)

- 'દુનિયામેં એસા કહાં સબકા નસીબ હૈ! કોઈ કોઈ આપને પિયા કે ગરીબ હૈ ! -દુનિયામેં - દૂર હી રહતે હૈં ઊંચે કિનારે ઉનકો ન કોઈ માઝાપર લગાયે-(૨) સાથ હૈ જો માઝા તો કિનારા ભી કરીબ હૈ.... દુનિયામેં એસા....

- ઉદાસ પ્રકૃતિ આજે ખૂબ ખૂબ બેચેન હતી.

- ઘણી વખતે એવા જોગસંજોગો ઉપસ્થિત થતા હોય છે ત્યારે અને તે વખતે આ પાર કે પેલે પાર જવું ? તેનો કોઈ જાતનો નિર્ણય કરી શકતો નથી. તે વખતે આપણું મન બેચેન બની જાય છે.કોઈ વાતાવરણમાં ખૂબ ખૂબ ગાઢ રીતે ધુમ્મસ જામી ગયું હતું તે વખતે આરપાર, ઝાડ-પાન, નદી-દરીયો, જીવ-જનાવર વગેરે કાંઈ જ નથી દેખાતું. આવા વખતે આપણા મનમાં મૂંઝવણ થતી હોય છે.

- આવી જ લાગણી એના મનમાં આજે ઉદ્ભવી રહી હતી.

- તેના અંતરમાં આશા-નિરાશાનું ધુમ્મસ જામ્યું હતું.

- તે મનોમન વિચરતી હતી કે-

- સમાજનું બંધન જેવું વિચિત્ર છે ? પોતાના કુટુંબ-કબીલાનું નામ-નાક-આબરૂને ખાતર તે એક ડગલું આગળ વધી શકતી ન હતી, કે પછી એક ડગલું પાછળ હઠી શકતી ન હતી'



- એક બાજુ તેના દિલમાં માટે અખૂટ પ્રેમનો દરિયો ઘૂઘવતો હતો, ઉમંગ માટે તના મનમાં ખૂબ ખૂબ લાગણી માયા હતી, તે ઉમંગને તન-મનથી ચાહતી હતી; પ્રેમ કરતી હતી. જ્યારે બીજી બાજુ તેના મા-બાપ, દાદી-દાદા, બધા તેના માર્ગમાં આડી દિવાલ બનીને અડીખમ રીતે ખડા થઈ ગયા; તેના માર્ગમાં પર્વત બનીને અવરોધતા હત.

-હવે શું કરવું ? ક્યાં જવું ? કંઈ તરફ વળવું ? એ બાબતનો કાંઈ જ નિર્ણય ન કરી શકવાથી ધીર-ગંભીર બનીને રેસ્ટહાઉસના કમ્પાઉન્ડમાં આરામ ખુરશીમાં તે બેઠી હતી. ઉદાસ બનીને પથ્થરની મૂર્તિ માફક વિચારમગ્ન હતી.

- ઉમંગ પોતાના કેમેરા તથા પેઈન્ટીંગનો સામાન લઈને શિક્ષકવૃન્દ તથા સ્ટુડન્ટસ સાથે ફરવા નીકળી ગયો હતો- ઐતિહાસિક, કુદરતી સૌદર્યથી ભરપૂર એવા મનોરમ્ય સ્થળોની મુલાકાતે જ્યારે પ્રકૃતિ પોતાની તબિયત બરાબર નથી; પેટમાં દુઃખે છે તેવું બહાનું કાઢીને તે બધાની સાથે ફરવા ગઈ ન હતી.

- કેવી છે આ દુનિયા ? કેવી છે આ જિંદગી ? બસ, કાંઈ જ કોઈ વાતનું નક્કી નથી. માણસનો જન્મ ક્યારે થશે ? માણસને મૃત્યુ ક્યારે ભરખી જશે ! તેની કોઈ જ નિશ્ચિતતા નહિ. તો પછી આ મારું - આ તમારું અને આ હું અને પેલા તમે ! એ બધો ભેદભાવ શા માટે ? કોના માટે ?

"દૂર હી રહતે હૈં ઊંચે કિનારે,
ઉનકો ન કોઈ માઝી પાર લગાયે.

- દૂર દૂર કોઈ રેડિયો ટ્રાન્ઝિસ્ટર લઈને જતા રાહગીરના રેડિયો પરથી ગીત સંભળાતું હતું અને મોટો અવાજ હતો, એટલે વાતાવરણમાં પડઘાતો હતો.

- પ્રકૃતિ શાંત હતી, ઉદાસ હતી, બેચેની હતી. તેના મનમાં આજુ ડૂમો ભરાયો હતો. તે પોતાના મનની વાત- બધી જ હકીકત ખુલ્લંખુલ્લાં કહી દેવા માગતી હતી. આજે મોકળા મને તેને બધી જ વાતનો ખુલાસો કરી દેવો હતો. તેનું મન આજે એકાન્ત ઝંખતું હતું. એકાન્તમાં કોઈ જગ્યાએ જઈ તેના તનમનને સુખશાંતિ મળે તે રીતે તે ક્યાંક લપાઈ જવા માગતી હતી; છુપાઈ જવા માગતી હતી.

- ઉમંગને એકાન્ત કે એકલવાયાપણું ગમતું ન હતું. તે સદાય ટુરીસ્ટ પ્રવાસમાં અને પછી વખતે દુકાને હોય તો તેના ઘરાકો વચ્ચે કે બીઝનેસમેન વચ્ચે અટવાયેલો રહેતો હતો. તે તેમનામાં ગળાડૂબ રહેતો. પછી બિચારી પ્રકૃતિ કોની આગળ હૈરાવરાળ ઠાલવે ? કોની આગળ પોતાના ભારે હૈયાનો બોજો હળવો કરે ? ખરેખર, આ એક કેવી જાતનું ચક્કર હતું જે સમજાતું ન હતું !

- આનું નામ જ અવળચંડાઈ-પ્રારબ્ધની. કુદરતી લીલા કે કિસ્મતના ખેલ નિરાળા હોય છે; અગમ્ય હોય છે. તેને કોઈ સમજી શકતું નથી અને સમજી શકશે પણ નહીં.

- ઉદાસ-ઉદાસ ખોવાયેલી પ્રકૃતિ ! કોણ જાણે તેના મનમાં આજે ક્યા પ્રકારનો - શાનો અજંપો તેના મનને ઘેરી વળ્યો હતો ? તેનું રહસ્ય ખુદ પોતે જ સમજી શકતી ન હતી. અ બધી વિટમ્બણાઓ અને મુસીબતથી તે જાણે થાકી ગઈ હતી; હારી ગઈ અને તે સુખનું શરણ શોધતી હતી ! તેનું હૈયું માનસિક શાંતિ અને સંતોષ બન્ને



ઝંખી રહ્યા હતા. પણ તે પણ તેના નસીબમાં ક્યાંથી ?

- રેસ્ટહાઉસની ઘાસવાળી લોન પર આરામથી બેઠેલી પ્રકૃતિને આજે આરામ ન હતો; સુખ શાંતિ અને હૈયે હળવાશ ન હતી. તેનું  મન અગમ્ય પ્રકારના આવેગોથી ભરેલું હતું.

- તે હળવેથી ઉભી થઈ અને ભાડે રાખેલા પોતાના રૂમમાં ગઈ અને ત્યાંથી પોતાની બેગમાંથી લીટીવાળા કાગળ-પેન લઈને આવી હવે તે ટીપોય પર કાગળ મુકીને ઝપાટાબંધ લખતી હતી. તે કોઈને ઉદ્દેશીને શું લખી રહી હતી ? તેની વાત તો તે જાણે અને પરમાત્મા જાણે.

- એક પત્ર ત્રણથી ચાર પાનાં ભરેલો પૂરો કર્યો તેણે એને પરબિડિયામાં બંધ કરીને ઠેકાણે મૂકી દીધો.

- તેવી જ રીતે બીજો પત્ર ત્રણથી ચાર પાનાં ભરેલો લખીને પરબિડીયામાં બંધ કરીને પોતાના પર્સમાં મૂકી દીધો.

- અડધા કલાકમાં આ બધો કાર્યક્રમ પતાવીને તે ફરી પાછી રૂમમાં ગઈ. પોતાના બિસ્ત્રા-પોટલા તૈયાર કરીને તે કમ્પાઉન્ડમાં આવી. રેસ્ટહાઉસનો વોચમેન રામસિંહ આંટા મારતો હતો. તેને બૂમ પાડીને બોલાવ્યો. તે પાસે આવ્યો એટલે

- 'રામબાબુ એક ટેક્ષી બુલા લાઓ ! હમે કહીં બહાર જાના હૈ !' તેણે રામસિંહને હિન્દીમાં કહ્યું 'જી મેમસાબ !' કહી ભૈયો બહાર ગયો અને ગણત્રીની મિનિટોમાં જ ટેક્ષી લઈ આવ્યો.

- 'હમારા સારા સામાન ટેક્ષી મેં રખવા દો!' તેણે ટેક્ષીવાળા અને રામસિંહ બન્નેની સામે જોતાં કહ્યું.

- સામાન ગોઠવાઈ ગયો એટલે રામસિંહ ભૈયાના હાથમાં રૂા. ૫૦/- ની નોટ આપી દીધી અને એક કવર આપતાં કહ્યું.

- 'રામસિંહ ભૈયા એ છોટા સા લિફાફા ઉમંગભાઈકો દે દેના !'

- 'જૈસી આપકી ઈચ્છા !' રામસિંહ ઉવાચ-

- રામસિંહે પેલું કવર લઈને પોતાના કોટના ખિસ્સામાં મૂકી દીધું. એટલે

- 'ચાલે હમેં રેલ્વેસ્ટેશન કી ઓર લે ચલો!' પ્રકૃતિએ કહ્યું એટલે ટેક્ષી ચાલુ થઈ એને...... ઘરરરર અવાજ કરીને આરામગૃહ રેસ્ટહાઉસને 'આખરી સલામ' કરીને ઉપડી ગઈ. બધાને શિક્ષક-શિક્ષક, વિદ્યાર્થીવૃન્દોને સહવસીઓને તથા ઉમંગને અખરી સલામ કરીને ટેક્ષી રેલ્વે સ્ટેશનની દિશામાં ઓગળી ગઈ - બરફની જેમ.



# (૧૬)

- 'ઘણી વખત તમને એવું નથી લાગતું કે આપણે બસ જીવવા ખાતર જ જીવીએ છીએ.

- જીવનનો જ્યારે ઢસરડો ખેંચવો પડે છે ત્યારે જીવન જીવવાનો નૈસર્ગિક આનંદ આપણા બધા વચ્ચેથી કોણ જ્યારે ક્યારે કઈ રીતે લુપ્ત થઈ જતો હોય છે ? તેની મને, તમને કે કોઈને જાણ થતી નથી; ખબર નથી પડતી. માનવી પોતાનું જીવન યાંત્રિક રીતે જીવ્યે જાય તો પછી આપણે માનવીને પૈસા પેદા કરવાનું મશીન કેમ કહી ન શકીએ ?

- સાધુ-મહાત્મા વૈરાગીઓને સંસારની બધી મોહમાયા વળગેલી હોતી નથી એવું સાંભળ્યું છે. પણ હકીકતમાં તેઓ જ સાચા સુખની શોધમાં નીકળી પડેલા વટેમાર્ગુઓ છે તેઓ બધાએ પોતાની જરૂરિયાતના સાધનો ઘટાડી દીધા છે; ઓછા કરી દીધા છે વળી જીવનને પોતાની અનુકૂળતા મુજબ જીવવાનો આરંભ કરી દીધો છે. તેનું ખરું નામ જ તપ-તપ કરવું એટલે પોતાની જાતની પરીક્ષા કરવી એને પ્રભુના સાનિધ્યની દિશામાં આત્માનું પ્રયાણ કરવું !

- સ્ટેશન તરફ જઈ રહેલી પ્રકૃતિ, ભાડાની ટેક્ષીમાં બેઠી બેઠી રસ્તા પર ઉઘાડે પગે, સફેદ વસ્ત્રો ધારણ કરી હાથમાં કમંડળ

અને બીજા હાથમાં ગુમછો ધારણ કરી પદયાત્રા કરી રહેલી જૈન સાધ્વીઓને જોઈને ‘સાધુતામાં પ્રભુતા જ સમાયેલી છે’ તેવું વિચારી રહી હતી.

- ‘બહનજી, સ્ટેશન આ ગયા !’ ટેક્ષીવાળાએ તેને જાણે ઉંઘમાંથી ઉઠાડી દીધી.

- ટેક્ષીવાળાને ભાડાના પૈસા ચૂકવી પછી ગઈ કાલે સાંજે પોતાના બાપુજીને પત્ર રેલ્વેસ્ટેશનની બારી નં. ૧૧ તરફ વળી ત્યાં તે કઈ તરફ જવા માગતી હતી ? તે તો એ જાણે ! આપણે નક્કી કરવનું હોય તો આપતે તેને હવા ખાવાના સ્થળે મોકલી દેત અથવા કોઈ મનોરમ્ય, મનગમતા પ્રદેશની મુલાકાતે મોકલી દેત, જ્યાં લહેજતદાર વાતાવરણમાંય નોંખી લહેજત નવી તાજગી મળી રહેત અને તેનુ ભારે ભારે હૈયું હળવું ફૂલ, બોજારહિત બની જાત ! પણ તે વાત મારા તમારા કે બીજા કોઈના હાથમાં રહી ન હતી; કારણકે તે કોઈની મિલ્કત નથી. તે સ્વતંત્ર છે અને તેને કોઈની ગુલામી ગમતી નથી.

- તેણે-રેલ્વે-ટિકીટ ખરીદી હવે પગથિયાં ચઢીને રેલ્વે પ્લેટફોર્મની ગીર્દીમાં અદશ્ય બનતી હતી.

- ગુડ-બાય, ટાટા ! પ્રકૃતિ કિસ્મતમાં હશે તો આ નવલકથાના બીજા કોઈ પાનિયા પર આપણી સુખદ કે દુઃખદ મુલાકાત થશે. એ મુલાકાત થશે કે કેમ ? એ તો ઉપરવાળો ભગવાન જાણે ‘યે બસ તકદીર કા ખેલ હૈ?’ બાબા કિસ્મતકા ખેલ હૈ !’ એ ફકીર બોલતો હતો.

- બુટપોલીસવાળો છોકરો દોડા દોડ કરતા લાલ ડગલા પહેરેલા



કુલીઓ, રોકડીવાળાઓ, હોટલ બોયઝની, ચાય-ગરમ, ગરમ ભજીયા ગરમ-ગરમ, સાબ ગરમા ગરમ જલેબી હૈ; લાઉં કયા ? વાતાવરણમાં ગરમી આવી ગઈ હતી ત્યારે -

- બધાયને ‘રેસ્ટ હાઉસ’ તરફ વિદાય કરીને હાથમાં એક પારસલ પકડી રાખીને ઉમંગ રેલ્વેમેલ સર્વિસે-ઓફિસના કમ્પાઉન્ડ પર કલાર્ક સાથે અંગ્રેજીમાં લાંબુ લાંબુ ભાષણ ફાડયે જતો હતો. તે પોતે પોતાના આર્ટિકલ આજે જ ‘સેક્રેટરી-ટુ વર્લ્ડ ઓફ ફાઈન આર્ટસ એન્ડ કલ્પચર એકટીવીટીઝ ઓરગેનાઈઝેશન’ (ફ્રાન્સ) ને ટપાલ વિમાન માર્ગે મોકલવા ઈચ્છતો હતો અને તે વખતને તેને માહિતી જોઈતી હતી. જયારે બબુચક, બુધ્ધુ, મેટ્રિકીયા તેની માહિતી ન હોવા છતાં ઊંધુ, આડું-અવળું સમજાવીને ઉમંગને આર.એમ.એસ.ની ઓફિસમાંથી વિદાય કરવા માગતો હતો. જેના કારણે બન્ને વચ્ચે જામી પડી અને વાતાવરણમાં ખૂબ ખૂબ ગરમી આવી ગઈ. છેવટે આર.એમ.એસ.ના વરિષ્ટ અધિકારીને બહાર આવવું પડ્યું. તેમણે સરકારના નીતિ-નિયમો પ્રમાણે હીસાબગણી લીધો અને ઉમંગનું પારસલ સ્વીકારી લઈ આખી પહોંચ આપી દીધી એટલે મામલો થાળે પડ્યો.

- કારકૂનને લાખ-લાખ મણની ચોપડાવતો તે રેસ્ટ હાઉસ તરફ ભાગ્યો. આજે ખૂબ ખૂબ મોડું થયું હતું અને ખોટી જીભાજોડી માથાકૂટમાં લગભગ કલાક-દોઢ કલાક જેવો સમય જતો રહ્યો તેની ખબર પણ ના પડી. વળી ભૂખ પણ ખૂબ લગી હતી. તે રેલ્વે સ્ટેશનની બહાર આવીને -

- ‘એય ટેક્ષી, ગર્વ. રેસ્ટ હાઉસ તરફ લે બે !’ ટેક્ષી ડ્રાયવરને

તેણે આદેશ કર્યો.

- પાકું સરનામું મળતાં ટેક્ષી ડ્રાયવરે 'જી સાહેબ !' કહી ટેક્ષી ચાલુ કરી અને ટેક્ષી રેસ્ટ હાઉસની દિશામાં હંકારી મૂકી. થોડી વારમાં-

- 'સાબ રેસ્ટ હાઉસ આ ગયા !' ટેક્ષી ડ્રાયવર ઉવાચ.

- 'ઠીક હૈ !' કહી ઉમંગ નીચે ઉતર્યો અને ખિસ્સામાંથી પાકીટ કાઢીને રૂપિયા ગણી રહ્યો ત્યારે -

- 'સાબ યહાંસે દો ઘંટે પહલે એક બહનજી હમારી ટેક્ષીમેં રેલ્વે સ્ટેશનકી ઓર ગઈ થી. વો બેચારી ટેક્ષીમેં અપને ગલેકા દુપટ્ટા ભૂલ ગઈ હૈ ! - વો કહી તલાસ કરનેકો આયે તો ઉનકો મેરે ઓરસે દે દેના ઓર સલામ કહ દેના ! કહના કે ઉનકા ભાઈ ઉન્હીકી ખોઈ હુઈ ચીજ વાપસ દે ગયા હૈ ! વો બેચારી ખુદહી ખોઈ-ખોઈ દિખાઈ દેતી થી !' કહીને ટેક્ષીવાળા સરદારજી ટેક્ષી ડ્રાયવરે ગુલાબી લાલ રંગનો મલમલી દુપટ્ટો ઉમંગને આપ્યો.

ઉમંગના હૈયામાં તરત જ ફાળ પડી ! અરે કદાચ આ દુપટ્ટા પ્રકૃતિનો જ નહીં હોય ? ન કરે નારાયણ તે ? તો પછી હું એના બા-બાપુજીને શો જવાબ આપી શકીશ ?

- 'ઠીક હૈ ભૈયા !' કહી તેણે મીટર પ્રમાણેનું ભાડુ ચૂકવી કહ્યું; હાથમાં દુપટ્ટો લઈ તેને છાતી સરસો ચોંપી અધીરા જીવે રેસ્ટ હાઉસ તરફ દોડતો જવા લાગ્યો.....



# (૧૭)

- બહાવરો બેચેન બનેલો ઉમંગ !

- એક સુસવાટા મારતો પવન 'સમીર-રેસ્ટ હાઉસ'માં નાનકડું તોફાન મચી ગયું. બધા જ અવાક્ બની ગયા. ખાવાનાં ઠેકાણે ખાનું રહ્યું; પીવાના ઠેકાણે પીવાનું.

- શિક્ષક ભાઈઓ બહેનો અને વિદ્યાર્થી રાહ પ્રવાસીઓ મોઢાં ઉપર એક જ વાત હતી ! પ્રકૃતિબેન ક્યાં ! ક્યાં ગયા ? ઉમંગ પોતે પણ ગડમથલમાં ગૂંચવાતો હતો; અકળાયો હતો, અટવાયો હતો. તે બેચેન બનીને આંટાફેરા મારતો હતો હવે શું કરવું અને શું ન કરવું ? તે વાતની કાંઈ સમજણ પડતી ન હતી; ગતાગમ પડતી ન હતી.

- બધાયના મોંઢા પર મૂંઝવણ અને અકળામણનો ધૂમ્મસ છવાઈ ગયો હતો; બધા સૂંઝાઈ રહ્યા હતા.

- તે રેસ્ટહાઉસમાં આંટા મારતો રહ્યો છેવટે તેણે પોતાના સ્ટાફ પૈકીના એક શિક્ષકમિત્રને પોસ્ટ-તાર ઓફિસ તરફ તાકિદે રવાના કર્યા. પ્રકૃતિના ઘરે પ્રમોદભાઈને ત્યાં 'પ્રકૃતિ' ગૂમ થઈ છે તે કોઈને કાંઈપણ કહ્યા વગર ચાલી નીકળી છે. શોધખોળ ચાલુ છે, ચિંતા કરશો નહિ. કદાચ ઘરે આવી હોય તો તારથી સમાચાર મોકલશો !' તેવો તાર-ટેલિગ્રામ પણ કરી દેવા સુચના આપી અને

બે-ત્રણ જણને શહેરમાં તપાસ કરવા કોરલી દીધા.

- તે રેસ્ટહાઉસની લોબીમાં આંટાફેરા મારતો રહ્યો.

- બીજો બધો સ્ટાફ રૂમમાં ટોળે મળીને અવનવા તર્ક-વીતર્ક વિચારતો-કલ્પનાઓના ઘોડા દબાવતો-ચર્ચા કરતો એક રૂમમાં ટોળે વીંટળાઈને બેઠો હતો. બધાયના મોંઢા પર પ્રકૃતિને શું થઈ ગયું ? કાંઈ ખોટું લાગ્યું કે શું ? તેમણે આમ કેમ કર્યું ? વગેરેની ચર્ચા કરી રહ્યા હતા.

- જિંદગીનું બીજું નામ ચર્ચા. જન્મની ચર્ચા-ઘોષણા-આહાર વિહાર રહેઠાણ વિગેરે વિગેરેની ચર્ચા; ભણતર-ગણતરની ચર્ચા; વિવાહ-લગ્નની ચર્ચા; ગૃહસ્થાશ્રમની ચર્ચા. છેવટે મરવાની ચર્ચા અને મરનારની પાછળ થતા લખલૂટ ખર્ચાની ચર્ચા, મરણ પછી પણ મરનારની પત્નિ કે પતિ એટલે કે વિધવા વિધૂરની સમાજમાં જે જે ચર્ચાઓ થતી હોય છે તે બધી ચર્ચાનો અંત હોતો નથી. આ બધી ચર્ચા-લોકચર્ચાનો અંત જ્યારે આવશે ત્યારે આપણો સમાજ, આણી દુનિયાનું પૂર્ણવિરામ વળી ગયું હશે. મતલબ કે સર્વાનાશ થયો હશે. ચાલો, આપણે પણ આપણી ચર્ચાનો અંત લાવીએ.

- ઉમંગ લોબીમાં અકળામણ અનુભવી રહ્યો હતો; વ્યગ્ર બનીને આંટાફેરા મારી રહ્યો હતો. તેનું મન અનેક પ્રકારની શંકા - કુશંકાઓના વાદળોથી ઘેરાયેલ ઘનઘોર આકાશની જેમ ઘેરાઈ ગયું હતું. મન-મગજ કાબૂ બહાર જતું રહે અને પછી પ્રકૃતિ કોઈ ગાડી (ટ્રેનની નીચે કૂદી પોતે આપઘાત કરે ! તો પોતે તેના બા-બાપુજી તથા બધા ઘરવાળાને શો જવાબ આપશે ? પોતે કયું મોં લઈને એવું કહેવા જશે કે તે અમારી જોડી પાછી નથી આવી. તે ક્યાંક જતી


રહી છે !આ બધું કેમ કરીને તે કહી શકશે ?

- આવેગોથી ભરપૂર બની ગયેલું. દુઃખના ભારથી તળબોળ બની ગયેલું તેનું મન ખૂબ ખૂબ વજ્રઘાત અનુભવી રહ્યું. હૈયામાં થતાં આંદોલનો અને સ્પંદનોનો કોઈ તાગ કાઢી શકતું નથી; માણી શકતું નથી. આવી જીંદગીથી શો લાભ ? મારે આ પ્રકારની જીંદગી શા માટે, કોના માટે જીવવી ? કદાચ જીવવી પડે તો જીવીને પણ શો અર્થ ? મારા પોતાનું શું ? હવે મારો કોઈ સ્નેહી કે સાથી રહ્યો નથી. જેની સાથે હું સ્નેહગાંઠથી-પ્રેમબંધનથી જોડાયો હતો; બંધાયો હતો. તે પ્રકૃતિ જ મને તાળી આપીને જાણે મારી સાથે સંતાકૂકડીની રમત ન રમી હોય ? તે રીતે કોણ જાણે કઈ દુનિયામાં ફરવા નીકળી પડી છે કે પછી આ દુનિયાની બધી ખોટી મોહ-માયા-લોભ-લાલસા-ભોગ-વાસના-વૈરાગ્ય આપણાં જૈન સાધુ-સાધ્વીની માફક દેશાટન કરવા નીકળી ગઈ ? તે બધું તો ભગવાન જાણે ! અવા બધા ખૂબ ખૂબ વિચારો આવતા-વિચારોને વાગોળતો-વાગોળતો રેસ્ટ હાઉસની લોબીમાં આંટાફેરા દેતો રહ્યો... હવે પોતે શું કરશે ? તેની પોતાને કશી ગતાગમ પડતી ન હતી.

- આંટાફેરા મારી રહેલા એના પગ થાક્યા એટલે લોબીના કોર્નરમાં પડેલી આરામ ખુરશીમાં જઈને ધબ દઈને તે બેઠો-તે થાકી ગયેલો હતો; કંટાળી ગયેલો હતો આ બધી ધમાલથી, આવી બધી વિટંબણાઓથી.

- એટલામાં રેસ્ટ હાઉસનો ચોકીદાર રામસિંહ ભૈયો રેસ્ટહાઉસના કમ્પાઉન્ડમાં દાખલ થયો-દેખાયો અને તે તરત જ ઉમંગ તરફ વળ્યો-

- 'ભાઈસા'બ મુઝે માફ કરના ! મૈં દો-તીન ઘંટોસે બહાર ગયા થા. ઈસ લીયે એ ચિઠ્ઠી વો બહનજી આપકે નામ પર છોડ ગઈ થી વો આપકો દેના ભુલ ગયા થા ! લીજીએ સા'બ !' કહી ભૈયાએ બંધ કવર ઉમંગને આપ્યું.

- કવર પર 'ઉમંગને-' એવું લખાણ વાંચીને કવર પર લખાણ કોનું હતું ? તે લખાણ ઉમંગ તરત જ ઓળખી ગયો; જાણી ગયો; પીછાની ગયો. તે મરોડદાર લખાણ પ્રકૃતિનું હતું.

- તેણે તરત જ કવર પેલા ભૈયાના હાથમાંથી લઈ લીધું અને 'શુક્રિયા ભૈયાજી !' કહી બધોય સ્ટાફ વિદ્યાર્થીવૃન્દ જે રૂમમાં ટોળે વીંટળાઈ બેઠો હતો તેનાથી અલગ બીજા રૂમમાં જઈ કવર ફોડી કવરની અંદબ લાંબા લીટીવાળા કાગળ પર ચિતરેલી તમામ હકીકત વાંચવા માંડ્યો : તેનું મનન કરવા માંડ્યો -

- ઉમંગ ! મને ખોવાઈ જવાનું મન થયું છે. કોણ જાણે મને કયા કારણસર, કોના ગુના માટે, દુનિયા તરફ વૈરાગ્ય ઉત્પન્ન થયો છે. થઈ રહ્યો છે ! તેની મને પોતાને ખબર પડતી નથી. દુનિયામાં હસ્તી ધારણ કરનાર, દરેક ચીજ-વસ્તુ, પછી ભલે તે સજીવ હોય કે નિર્જીવ હોય તે. બધી જ વસ્તુઓ ખોવાઈ જવા માટે સર્જાવેલી છે.મોજાં મોટાં-મોટાં ખોવાઈ ઘસાઈ-ઘસાઈને રેતીનું રૂપ ધરાણ કરે છે. પણ રેતીનાં કણ ક્યારે કયા સમયે દરિયાની લહેરોમાં - પવનના વંટોળમાં કે પછી ધૂળની ડમરીમાં ખોવાઈ જાય છે પ્રભુ જાણે !

- ઉમંગ, મને પણ મીરાંબાઈની માફક-

- ગોવિન્દો પ્રાણ અમારો રે મન જગ લાગ્યો રે ખારો રે !

- પ્રભુરાય બની જવાનું અને પછી બ્રહ્માંડમાં ખોવાઈ જવનું



મન થયું છે....

- હું તારી પાસે એટલી જ આશા રાખું છું કે તુ મારી હયાતી બાદ મારા નિરાધાર-માબાપની આપણા ઈતિહાસમાં અમર બની ગયેલા શ્રવણની જેમ મા-બાપની તારા મા-બાપ અને મારા મા-બાપની સેવા કરીશ અને આંધળાની લાડી બની રહીશ ! બીજી એક પ્રાર્થના છે કે તુ તારો અને મારો ભૂતકાળ વિસરી જઈને નવેસરની 'ભૂલ્યા ત્યાંથી નવેસરથી ગણી' ના હિસાબે ફરીથી તારો નવો માળો (આશિયાનો) બનાવી લેશે અને પછી તારી ઘરવાળીને જીવન સંગીનીને.... તારી અર્ધાંગિની ને તન-મન-ધનથી સુખી સમૃદ્ધ કરજે !

- ઉમંગ, હું કોણ ? હું પ્રકૃતિ !...

- પ્રભુ જે સર્વ રૂપે - સર્વવ્યાપી છે તેમ હું પણ આકાશ, પાતાળ, પાણી, પર્વત, વાયુમંડળ વગેરેમાં પ્રકૃતિ રૂપે વ્યાપી રહી. રાત્રે ટમટમતા તારાઓની આંખોની તથા ચન્દ્રની ચમકતી ચાંદની દ્વારા તેમજ દિવસે સૂરજના તેજ કિરણો તારી સુખી દુનિયાને મારા પોતાના ઉમંગના સુખી સંસારને મન ભરી ભરીને નીરખ્યા કરીશ !

- તું મને વાયદો કરી આપ કે મારા ગયા બાદ તારી હસ્તી પછી તું તારી નવી નવી દુનિયા વસાવી લેશે ! મારી નવી નિરાળી દુનિયામાં ખોવાઈ જશે ! રસતરબોળ - બની જશે ! ગળાડૂબ બની જઈને મને મારી યાદને ભૂલી જશે !

- મને પૂરીપૂરી ખાત્રી છે કે તું મને માફ કરીશ અને દરિયા દિલ રાખીને વીતેલી બધી વતો ભૂલી જઈશ !

- હું જાતે જ દુનિયાની ભીડમાં ખોવાઈ જવા નીકળી ગઈ છું, જેથી નાહક દોડાદોડ કરીને બધે ભટકવાથી તેમજ મારી શોધખોળ કરવામાં, સમય અને પૈસાની બરબાદી કરવામાં તને અને તારા મારા કુટુંબીજનોને કોઈ જ ફાયદો થવાનો નથી. તું મારા દુઃખી મા બાપની દેખભાળ કરતો રહેજે અને તેમની પાછળ નજર રાખજે; કારણકે દુનિયામાં તેમનું કોઈ રહ્યું નથી. તેમના પર મારા વિખુટા પડ્યાનો વજ્રઘાત થશે ત્યારે બિચારા તેઓ પડી ભાગશે ! તેઓ નિરાધાર અને નિષ્પ્રાણ બની જશે ત્યારે તે વખતે જવાબદારી વધી જશે અને તારે જ બધી જવાબદારી સંભાળી લેવાની રહેશે.

- ભવિષ્ય કદાચ આપણને રસ્તે આવતાં જતાં ભેળાં કરે તો પણ શું ? આપણે બન્ને એક જ રસ્તાનાં મુસાફરો ક્યાં હતાં ? તારી મંઝીલ અને મારો માર્ગ બન્ને અલગ બની ગયા છે. આજથી જેથી હવ બસ ‘અલવિદા’ કહી અલગ થઈ જવાનું મન થઈ રહ્યું છે.

બસ ત્યારે અલવિદા !

- તારી ખોવાઈ ગયેલ પ્રકૃતિ.

પત્ર પૂરો કર્યા બાદ ઉમંગ બહાવરો બની ગયો; શૂન્યમનસ્ક બની ગયો બેચેન બની ગયો. શું કરવું ? શું ન કરવું ? તેની તેને ખબર પડી નહી. તે નિશ્ચેતન બનીને આરામખુરશીમાં પડ્યો રહ્યો.

- બાજુવાળી રૂમમાંથી જ્યારે બધાં બહાર આવ્યા અને શહેરમાં પ્રકૃતિની તપાસ કરવા ગયેલા બીજા ભાઈઓ અને તાર ઓફિસે તાર કરવા ગયેલ બીજા એક ભાઈ પરત આવ્યા અને બધાએ લગભગ બેભાન બનેલા ઉમંગને ઢંઢોળી જગાડ્યો ત્યારે બેધ્યાન બેભાન બની ગયેલા ઉમંગને ઢંઢોળી જગાડ્યો ત્યરે ઉમંગ વાસ્તવિકતાની ધરતી



ઉપર આવ્યો...

- પછી પાછાં બધાં રેસ્ટ હાઉસની રૂમમાં ભરાઈ ગયાં, અડધો કલાકે-કલાક ચાલી વિચારણાઓ કરવામાં આવી. પણ ઉમંગને કશો જ રસ હતો નહિ. તે ‘હા’ કહેવા ખાતર ‘હા’ કહેતો અને ‘ના’ કહેવા ખાતર ‘ના’ કહેતો.

- બધાય કંટાળ્યા અને સૂવાની તૈયારી કરવા લાગ્યા ત્યારે ઉમંગે જાહેર કર્યું કે -

- પોતે હવે તાત્કાલિક રાજપીપળા જવા ઈચ્છે છે. હવે કોઈ ઐતિહાસીક સ્થળની મુલાકાત લેવાની બાકી નથી તેમજ ફોટોગ્રાફી કે કેનવાસીંગ પેઈન્ટીંગની કામગીરી પણ બાકી નથી. બધા સંમત હશો તો તે કાલે સવારે વહેલી ટ્રેન પડીને રાજપીપળા પાછો જવા ઈચ્છે છે અને સામાન (પેઈન્ટીંગ અને ફોટોગ્રાફી) ટુરીસ્ટ બસ સાથે રહે તો તેને વાંધો નથી. રસ્તામાં આવતા બે-ત્રણ સ્થળેની મુલાકાત લઈ શિક્ષક ભાઈઓ-બહેનો વૃન્દ તેમજ વિદ્યાર્થીઓ વિદ્યાર્થીઓનું ગૃપ પરત રાજપીપળા પાછા આવે એવી ગોઠવણ થાય તેવું તે ઈચ્છે છે.

- ઉમંગની જાહેરાતને બધાએ શાંતિથી સાંભળી અને બધાએ પોતાની સંમતિ આપી દીધી.

- આપ વહેલી ટ્રેનમાં ઉગતા પરોઢિએ ઉમંગ રાજપીપળા જવા રવાના થઈ ગયો.

# (૧૮)

- રાજપીપળામાં વળી રંગ કેવો ? રંગત કેવી ? રોશની કેવી ?

- પ્રકૃતિ હતી તો રાજપીપળામાં રંગ રહેતો; રંગત રહેતી અને રોશની ઝળકતી રહેતી.

- તે હવે નથી રહી... ઉમંગ પોતે એકલો, અટૂલો રાજપીપળા તરફ ભાગી રહ્યો છે ! રાજપીપળા જેમ જેમ નજીક આવતું જાય છે તેમ તેમ મનની બેચેની, મુંઝવણ, અકળામણ, એક જાતની દ્વિધા વગેરે વગેરે વધતાં જાય છે. પ્રકૃતિના બા-બાપુજી દાદા-દાદી તથા તેના કુટુંબીજનોને શું મોં બતાવીશ ? હું ક્યા મોંઢે એમ કહી શકે તેણે આપણો સાથ-સંગાથ છોડી દીધો છે અને તે દુનિયાની ભીડ-ભાડ, ગીર્દી-ધમાલમાં ઓગળી ગઈ છે; અદૃશ્ય થઈ ગઈ છે -કોઈ બરફની શીલાની જેમ.

- વિચારોની શૃંખલા એક પછી એક બદલાતા જતા ચિત્રોની જેમ આગળ ને આગળ વધ્યા કરે છે. સાથે સાથે વડોદરા જંકશનથી બસ સ્ટેન્ડ પર આવીને જ તરત જ ઉમંગ રાજપીપળાવાળી બસમાં ચઢી બેઠો.

- તે જેમ બને તેમ જલ્દીથી બનતી ત્વરાએ રાજપીપળા પહોંચી જવા ઈચ્છતો હતો. કદાચ ન કરે નારાયણને પ્રકૃતિ પરમાત્માને વળી સદ્બુદ્ધિ આપી હોય તો તેનાથી દુનિયામાં ફરવા, રખડવા



નીકળી પડવાના બદલે તે પોતાના ઘર ભેગી થઈ ગઈ હોય તો તેની કલ્પના ઉમંગમાં અવનવો ઉત્સાહ પ્રેરી રહી હતી. પણ કદાચ તે તેના ઘરે નહીં હોય તો પછી શું કરીશ ? બધા પૂછશે એટલે શો જવાબ આપીશ ? એવી કલ્પના માત્રથી ઉમંગના અંગે અંગમાં ધ્રુજારી વ્યાપી જતી હતી.

- પ્રકૃતિના ઘરે તાર-ટેલિગ્રામ કરીને સહુને ચિંતા ઉપજાવે તેવા સમાચાર તો ક્યારનાય મોકલાવી દીધા હતા... પણ હવે પોતે પાછો રૂબરૂમાં જઈ તેઓ તમામના દુઃખમાં વધારો કરવા જઈ રહ્યો છે ! કેવું કેવું થઈ રહ્યું છે ? કેવા કેવા કડવા ઝેર જેવા વિચારો આવી રહ્યા છે ! વિચારો દોડી રહ્યા છે; ઉમંગના મનોપ્રદેશમાં સાથે સાથે વડોદરા રાજપીપળા એક્ષપ્રેસ બસ પણ દોડી રહી છે - રાજપીપળા તરફ.

- ચિંતા-પાર વગરની ચિંતા. સ્ત્રીઓને ચિંતા એક સમયે જ સતાવતી હોય છે; જ્યારે પુરૂષની બીજી પત્નીનું નામ ચિંતા છે. પુરુષ વાત કરે હરે, ફરે અથવા બીજી કોઈ પણ જાતની પ્રવૃતિ કરે ત્યારે તે સમયે તેના ચિત્તમાં એટલી ચિંતા હરદમ સતાવતી હોય છે; પજવ્યા કરતી હોય છે.

- પુરુષની આયુષ્યદોરીના બૈરીના આયુષ્યદોરી કરતાં ટૂંકી હોય છે; કારણકે પુરુષને કામની ચિંતા-પૈસાની ચિંતા, છોકરાં-પત્નીની ચિંતા, ઘરની-કુટુંબની-સમાજની ચિંતા વગેરે અનેક પ્રકારની ચિંતાઓ જળોની માફક ચોંટેલી હોય છે; વળગેલી હોય છે, જેનાથી કોઈપણ દુનિયાનો પુરુષ અળગો રહી શકતો નથી; અલિપ્ત થઈ શકતો નથી.

ઉમંગના લમણે પણ આવી કેટલીય ચિંતાઓનો ભાર લખાયેલો હતો. આવી બધી મગજમારી હોવા છતાં તે બધુંય મનમાં રાખીને ધીર-ગંભીર સાગરની જેમ જતી એસ.ટી. બસની બારીમાંથી આજુબાજુની પ્રકૃતિનું દોડતાં જતા વૃક્ષો, ખેતરો, ગરગાળા વગેરેનું નિરીક્ષણ કરી રહ્યો હતો.

- દુનિયાને કોઈની કોઈ જાતની પરવા હોતી નથી. બધાય પોતાના મસ્તીમાં જીવી રહ્યા હોય છે. જ્યારે ઉમંગ જેવા અમુક જ વર્ગના અમુક ટકાવાળા લોકો-પારકાની ચિંતા-ફિકર કર્યા કરતા હોય છે. પારકાની ફિકર જાણે પોતાની પરેશાની જાણીને, સમજીને તે બધો ભાર પોતાના પર જ આવી પડ્યો હોય તે રીતે વર્તન કરતા હોય છે. - રાજપીપળા તરફ જેમ જેમ એસ.ટી. બસ આગળ વધી રહી હતી તેમ તેમ તે અકળાતો જતો હતો; મૂંઝાઈ મરતો હતો. આ બધી મુસીબતોનો પોટલાં મારે શાથી ? ક્યા કારણોસર ? એના કરતાં ભગવાન મોત આપે તો શું ખોટું ? કાયમ માથે આ ચિંતાઓથી, પરેશાનીથી એવું એવું તે કલ્પી રહ્યો મનમાં ને મનમા.

- રાજપીપળા બસસ્ટેન્ડ આવ્યું એટલે થાકેલી એસ.ટી. બસ થાક ખાય, શ્વાસ ખાવા એસ.ટી. ડેપોના કોઈ ખૂણામાં જઈ ઉભી રહી. રહી બધાય મુસાફરોની સાથે બસની બહાર ઢસડાયો ઉમંગ પોતાના બિસ્ત્રા-પોટલાં (સફારી બેગ અને માત્ર વોટરબેગ સાથે જ તેણે ભરવી રાખી હતી) સાથે લઈને.

- બસ સ્ટેન્ડ બહાર જઈ તેણે તરત જ હાથના ઈશારે એક રીક્ષાવાળાને બોલાવ્યો અને 'હવેલીવાળી પોળ' તરફ રીક્ષા લઈ લેવાની સુચના કરી, પોતે રીક્ષામાં ગોઠવાયો.



ધરરરર........ ધર કરતાં રીક્ષા ચાલુ થઈ; ગતિમાં આવી અને હવેલીવાળી પોળ તરફ દોડવા લાગી.

- રીક્ષા રાજપીપળાની ઝવેરી બાગ વચ્ચેથી દોડતી હતી. પ્રકૃતિના બાપુની વિખ્યાત દુકાન- પી. કે. બ્રધર્સ આજે બંધ હતી. બારથી અઢાર અઢાર કલાક ખુલ્લી રહેનારી દુકાને આજે કોઈ રિસામણે ચઢેલી યૌવના પોતાની આંખો મીંચીને ટૂંટિયુ વાળીને બેસી રહે તે પ્રમાણે દુકાનના તોતિંગ શટર્સ બંધ હતા અને પોતાની પ્રવૃત્તિઓ પર નિયંત્રણ જાણે અજાણે લાવી દીધું હતું ! બંધ રહેલી પી. કે. બ્રધર્સ પ્રમોદરાયની દુકાન જોઈને જ ઉમંગના હાંજા ગગડી ગયાં !' તે સ્તબ્ધ બની ગયો. રીક્ષા બજારમાંથી દોડી રહી હતી. 'નવરંગ સ્ટુડીયો' ને ધૂળ લાગી હતી. એક મહિનાથી વાસી રહેલો 'નવરંગ સ્ટુડીયો' જાણે નવ રંગ આકાશમાં ભસ્મીભૂત બની ગયા હોય તેમ લાગતું હતું. પળભરમાં 'નવરંગ સ્ટુડીયો' ને વટાવી રીક્ષા હવે આગળ વધતી હતી અને બાકીની મિનિટોમાં જ 'હવેલી પોળ' આવી ગઈ.

- હવેલીવાળી પોળમાં સૌપ્રથમ પોતાનું મકાન આવેલું હતું. તેણે જોયું તો મકાનના દરવાજા બંધ હતા; સાંકળ બંધ હતી અને તાળાં લટકતાં હતાં. 'મમ્મી-બહેન અને ડેડી, કયાં ગયા હશે?' તે વિચારતો હતો. પોતાના ઘરની ડુપ્લીકેટ ચાવીઓ પોતાની પાસે હતી એ સારી વાત હતી.... નહીં તો તેણે બહાર તપસ્યા કરવી પડત !

- પોતાને ઘરે ગોદરેજી તાળું લટકતું જોયું એટલે પપ્પા-મમ્મી-ઉર્વશી (ઉમંગની બહેન) બધાય ફરવા ગયા હશે ! પણ ક્યાં આ

વાતનો કોઈ જવાબ ન મળતાં ઉમંગે પોતાની ચાવીઓ (ડુપ્લીકેટ) થી ઘર ખોલ્યું અને પોતાના ઘરે જાણે ઘણા વરસે આવતો ન હોય તેવો તેના મકાનમાં ભાસ થયો. ઘરના વાતાવરણ પરથી એવું લાગ્યું કે કદાચ એકાદ-બે-દિવસ પહેલાં ઉમંગના પપ્પા-મમ્મી-ઉર્વશી બધાય વડોદરા બંધાઈ ગયેલા વિશ્રામની મુલાકાતે ગયા હશે ! વળી વડોદરામાં જ ઉમંગની મોટી બેન ઉર્વશીના સંબંધની વાત પણ નક્કી કરવાની હતી - ગમે તે હોય ઘરમાં કોઈ ન હતું એટલે બિસ્ત્રા-પોટલાં ઠેકાણે મૂકી તે પોતે સીધો બાથરૂમમાં પેસી ગયો.

- અડધા કલાકમાં સ્નાનવિધિ પતાવ્યા પછી ફ્રેશ થઈ ઝભ્ભો લેંઘો ચઢાવી, જ્યારે પ્રકૃતિના પપ્પા પ્રમોદરાયના ઘર તરફ જવા રવાના થતો ત્યારે ઉમંગ મનોમન કૃષ્ણ-કનૈયાને વારંવાર નમસ્કાર કરી યાદ કરી-પગે લાગીને વિનંતી કરતો હતો કે ભગવાન પ્રકૃતિ તેના મમ્મી-પપ્પાના ઘરે સાજીસમી જોવા મળજો, જેથી મારા માથેથી લાખોમણ ચિંતા ઓછી થઈ જાય અને હું છૂટકારાનો-રાહતો શ્વાસ લઉં !

- પણ ભલા ભગવાનને આ વાત જાણે કબૂલ મંજુર જ ન હતી. ભગવાનની લીલાને કોણ પામી શક્યું છે ? એ તો એ જ જાણે !

- પ્રકૃતિના ઘરના પટાંગણમાં પ્રવેશતાં જ ઉમંગન ટાંટિયા થરથર કંપવા લાગ્યા. હવેલી જેવું વિશાળ ઘર આજે ભેંકાર સુનકાર લાગી રહ્યું હતું. જે મકાનમાં જે રૂમમાં પ્રકૃતિના દાદા કે દાદી નહિ. રસોડા (કીચન) ને અડીને બીજા રૂમમાં કે જે રૂમ ખાસ કરીને પ્રમોદરાયનો રૂમ હતો. તે રૂમમાં 'પી. કે. બ્રધર્સ એન્ડ કું.' ન દફતરી કાગળો રહેતા. વળી તે રૂમમાં રાખેલા ટેલીફોન હરદમ



રણક્યા કરે તે રૂમમાંથી થોડો થોડો અવાજ સંભળાતો હતો.

- ઘરના બધા માણસો ક્યાં જતા રહ્યા ? વિચાર કરતો ઉમંગ પેલી ટેલિફોનવાળી રૂમ તરફ આગળ વધ્યો. વિચારોમાં અસ્થિરતા હોય પણ કોઈ દારૂડિયો લથડિયાં ખાતો ચાલે તેમ તે ચાલતો ચાલતો ધીમે ધીમે જેવો તે રૂમમાં દાખલ થયો કે - રૂમમાં ગોઠવેલ આધુનિક સોફાસેટ અને ગાદીઓવાળી ખુરશીઓ પરથી પ્રકૃતિના દાદા-દાદી, મમ્મી તથા બીજા બધા એકદમ ઉભા થઈ ગયા. અને તેના દાદા તો માથું જ કૂટવા લાગ્યા; 'બોલ બેટા ઉમંગ મારી દીકરી પ્રકૃતિને અને તારા પપ્પા-મમ્મી ઉર્વશી બધાને તું ક્યાં મૂકી આવ્યો ? આપણા બધાની વચ્ચેથી તેં એમને કેમ કાઢી મૂક્યા ? હે ભગવાન, આ બધું શું થવા બેઠું છે ? ભગવાન હું તો લૂંટાઈ ગયો !' બોલતાં હરજીવનદાસ બેહોશ જેવા બની ગયા. જોડે જોડે એની મમ્મી ઉર્મિલાબેન મોટે મોટેથી ઘાંટો પાડીને રડતા હતા; હૈયાફાટ રૂદન કરી રહ્યા હતા. ઉમંગ તો લગભગ ડઘાઈ જ ગયો !

- દાદી લક્ષ્મીગૌરી, દાદા અને પ્રકૃતિની મમ્મી ઉર્મિલાની સારવારમાં પડ્યા અને તે દરમ્યાન તેમને શાંત કર્યા. બીજા એક ભાઈ હળવેકથી ઉમંગનો ખભો પકડીને શાંતિથી તેને બાજુના ઓરડામાં લઈ ગયા. એક ભાઈ પાણી લાવ્યા અને પાણી ઉમંગને આપ્યું. સારું વાતાવરણ, શાંત-ધીરગંભીર વાતાવરણ થયું. એટલે બેભાત બની ગયેલા હરજીવનદાસે હિંમત કરીને કહ્યું કે :

- ઉમંગભાઈ, જે દિવસે પ્રકૃતિ એકાએક ગૂમ થઈ ગઈ છે, કોઈને કાંઈ પણ કહ્યા વગર જતી રહી છે તેવો તાર અમોને રાત્રે મળ્યો તે જ રાત્રે તમારા મમ્મી-પપ્પા અને બેન ઉર્વશી બધા બે

દિવસ પહેલાં વડોદરા ગયા હતા - તે ટેક્ષી દ્વારા પાછા આવતાં રસ્તામાં એકસીડન્ટ થતાં તેઓ ત્રણેય ખૂબ ગંભીર હાલતમાં વડોદરમાં ડફરીન હોસ્પિટલમં દાખલ કરેલા છે. ત્રણેય ખૂબ સીરીયસ છે - તેવા સમાચાર અમોને મળ્યા એટલે ગાડી લઈને પ્રકૃતિના પપ્પા ગયા છે. અને બીજા કોઈ જ સમાચાર નથી. ભગવાન બધાને-પ્રકૃતિને અને તારી મમ્મીને તારા પપ્પાને અને ફૂલ જેવી ઉર્વશીને બચાવી લે ! હે ભલા ભગવાન આવો મોટો અનર્થ ના કરીશ !

- ઉમંગના લમણા પર આ બીજો વજ્રઘાત થયો ! જાણે પોતે આ સમાચાર સાંભળીને ભાન-શાન ગુમાવી રહ્યો છે તેવું લાગતાં તે ધબ લઈને નીચે બેસી પડ્યો !

- તરત જ ટેક્ષી કરીને ઉમંગ તથા પ્રકૃતિના કોઈ દૂરના સંબંધી કે જે તેની સાથે હતા તે વડોદરા તરફ જવાબ રવાના થયા.

- વડોદરા 'ડફરીન હોસ્પિટલ'માં જેવો ઉમંગ પહોંચ્યો અને ઈમરજન્સી વોર્ડમાં દાખલ થયો કે બહાર તરફ આવી રહેલા પ્રમોદરાયે મોટેથી ખૂબ જ જોરજોરથી રડવા માંડ્યું. 'ખેલ ખલાસ થઈ ગયો ! ભાઈ, તરા મમ્મી-પપ્પા અને તારી બેન અને તારા કુટુંબીજનો હવે આ તબાહીના દુનિયામાં નથી રહ્યા ! બેટા, તું તો લૂંટાઈ ગયો ! તારી જિંદગીની તલાસીનો કોઈ પાર નથી, બેટા ! - મારી પ્રકૃતિની વાત તો બાજુ પર... પણ મારો ઉમંગ પણ નિરાધાર બની ગયો !'

- પોતાના પપ્પા-મમ્મી અને પોતાની બહેન હવે આ દુનિયામાં નથી રહ્યા. તેમણે તેમની માયા હવે સંકેલી લીધી છે; તેઓની આ વાત ઉમંગનું હૈયું એ માનવા તૈયાર ન હતું. જે રૂમમાં ડેડ બોડીઝ (શબ) રાખ્યાં હતાં તે તમામ પરથી ચાદરો મૃત્યુકફનો ઉઠાવી લઈને



ઉમંગ નાના બાળકની જેમ હૈયાફાટ રોવા માંડ્યો.

- 'પપ્પા, તમે કેમ બોલતા નથી ?'

- મમ્મી, તું મને છોડીને ક્યાં જતી રહી એન મોટી બેન હવે હું એકલો-અટૂલો રખડતો કોને સહારે જીવીશ ? તમે બધા જ એકી સાથે મને અટૂલો રખડતો મૂકીને ક્યાં જતા રહ્યા ? હું નિરાધાર બની ગયો ! ઘર વિનાનો બની ગયો ! મમ્મી એક વખત મને 'બેટા' કહીને બોલાવતો ખરી ! પપ્પા, મારી નોકરીની - મારા ધંધાની ચિંતા હવે કોણ કરશે ? મોટીબેન, તમારા વગર મને કોણ સલાહ સૂચન - સમજણ પાડશે ?

- ઉમંગ લવરી પર ચડી ગયો. મન પર દુઃખનો ભાર વધી જતાં તેણે ભાન-શાન ગુમાવી દીધું અને તે પછડાયો.

- દુઃખ, દર્દ અને સંતાપ એ એક એવી ચીજ છે, જે આવે છે ત્યારે એકી સાથે જ આવે છે. મોટું ધાડું લઈને !

- સારું હતું કે પ્રમોદરાય હાજર હતા. તે પ્રમાણે બધો જ મામલો સંભાળી લીધો. ત્રણે જણના મૃતદેહોને વડોદરામાં અગ્નિસંસ્કારની તમામ વિધિ તપાવી દીધા પછી હજર રહેલા ઉમંગના બધા સગાસંબંધીઓને વિદાય કર્યા. એ બધામાં બે-ત્રણ દિવસો વહી ગયા, તેની કોઈને ખબર પડી નહી. ઉમંગ તો આ બધા ઓચિંતા અણધાર્યા બનાવોની શૃંખલાથી ઉમંગ બાઘા જેવો બની ગયો હતો; શૂન્યમય બની ગયો, કોઈ કાંઈક પૂછે ત્યારે પોતે શો જવાબ આપી રહ્યો છે ? 'હા' કહેવી કે 'ના' પાડવી તેની પણ તેને ખબર પડતી ન હતી.

- ચોથે દિવસે 'વિશ્રામ' ને નિવૃત્ત બેંક ઓફિસર તરફથી વારસામાં મળેલા 'વિશ્રામ'ના દરવાજાને તાળું મારી બંધ કરીને તેની ચાવીઓનું ઝૂમખું પ્રમોદરાયે જયારે ઉમંગના હાથમાં મૂક્યું ત્યારે -

- 'બાપુજી !' ઘણી વખતે ઉમંગ પ્રકૃતિના પપ્પાને બાપુજી પણ કહેતો) મારે હવે આ બધું શું કરવાનું છે ? દુનિયામાં મારું કોણ છે ? કહેતાં કહેતાં તેની આંખમાંથી બોર બોર જેવાં આંસુડાં દડવા માંડ્યા ત્યારે પ્રમોદરાય પણ ગળગળા થઈ ગયા. પણ પછી તેમણે હિંમત એકઠી કરીને 'બેટા, હજુ હું બેઠો છું ! તું હવેથી મારો દીકરો ! તને અમારાથી અમે કોઈ 'દિ' અળગો નહિ કરીએ !

- પ્રકૃતિના દાદા-દાદી તથા મમ્મી અને બીજા બધા ઉમંગના ઘર પર એકાએક આવેલી આફતથી મોતના સમાચાર જાણી તમામ વડોદરા દોડી આવ્યા હતા. બધાની આંખોમાં ઝળહળિયાં ભરાઈ આવ્યા પણ શું થાય ? પ્રારબ્ધ આગળ બધાય પાંગળા હતાં ?

- બધાએ પોતપોતાના કાળજાં કઠણ કરીને કારમા ઘાને જીરવી લીધો. ઉમંગને એકલો મૂકવો હિતાવહ ન જણાતાં પોતાની કારમાં પોતાના સગાસંબંધી સહિત ઉમંગને પ્રમોદરાય રાજપીપળા લઈ આવ્યા.

- ઉમંગને પોતાની હજી સુધી ખબર પડતી હતી. ગતાગમ પડતી ન હતી કે આ જિંદગી પોતે કઈ રીતે જીવશે ? એક વહેળામાં પાણીના વહેણમાં જેમ ઘાસનું કોઈ તણખલું કોઈ જાતની દિશા વગર, મંઝીલ વગર - દિશાશૂન્ય બનીને તણખલું તણાયા કરે તેવી પરિસ્થિતિ બની થઈ હતી.



# (૧૯)

- અચાનક આવી પડેલ આપત્તિથી માનવી બાઘા જેવો રઘવાયો બની જાય છે. ઉમંગની પણ આવી જ સ્થિતિ હતી. જિંદગીએ તેને કેવા વિચિત્ર વળાંક પર લાવીને મુકી દીધો હતો કે જ્યાં તેનું કોઈ ન હતું. તેમ છતાં ઘણાં બધાં હતાં. પોતે એકલોઅટૂલો મસ્ત ફકીર જેવો બની ગયો હોવા છતાં તેની પાછળ ચિંતા ફિકર કરવા માટેની લતાર લાગી જતી હતી.

- પ્રમોદરાય-પ્રકૃતિના પપ્પા-મમ્મી ઉર્મિલા-તેના દાદા હરજીવનદાસ તેમજ દાદી લક્ષ્મીગૌરી બધા જ ઉમંગની ખૂબ ખૂબ કાળજી રાખતા-જતન કરતાં... પણ હવે ઉમંગને પોતાની જિંદગી જ રસકસ, માયા, મોહ, બંધન વગરની લાગતી હતી. શું જોડે આવવાનું છે ? જોડે શું આવ્યું છે ? અને આપણી સાથે શું આવશે ?

- જમવા-ચા પાણીની તમામ વ્યવસ્થા પ્રમોદરાયના તરફથી રોજ-બ-રોજ થતી રહેતી પણ ઉમંગને પોતાને એમ લાગ્યા કરતું કે પોતે નાહકનો આ બધાને ભારરૂપ થઈ પડ્યો છે; પોતાના કારણે જ બધા હેરાન થઈ રહ્યા છે. એ કારણે જ તેણે પોતાના ઘરમાં જ ઊંઘવા-ઓઢવા-પાથરવાનો કાર્યક્રમ રાખ્યો હતો. બે થી ત્રણ વખત ઉમંગે પ્રમોદરાયના પ્રકૃતિના ડેડી તથા મમ્મી-દાદા-દાદીને 'તમે લોકો મારા માટે નાહક શું કરવા હેરાનપરેશાન થઈ રહ્યા છો ?' મારી મેળે મારી જાતે કૂટી લઈશ ! હવે રજા આપો !' કહ્યું

ત્યારે ઉપરથી પ્રકૃતિના પપ્પા પ્રમોદરાયે ઉપરથી ઉઘડો લઈ નાખીને કહ્યું કે :

- 'તું તો હજી સુધી અમને બધાને પારકો જ માને છે, એમ ને ? ખબરદાર ! હવે પછી આવી વત કરી છે તો ! એના કરતાં, આમ શૂન્યમનસ્ક થઈને બેસી રહેવા કરતાં બેઠા કરતાં, બજાર ભલું !' રોજ-બરોજ 'નવરંગ સ્ટુડીઓ' ઉઘાડીને બેસતો હોય તો પણ તારા મનનો ભર ઓછો થાય, સમજ્યો.'

- બધા વડીલવર્ગની સલાહ મુજબ ઉમંગે પોતાનો 'નવરંગ સ્ટુડીઓ' રાબેતા મુજબ ખોલવનું શરૂ કરી દીધું. જેમ તેમ કરીને પોતાનું દિલ અને દિમાગ ધંધા તરફ વાળવાનો પ્રયત્ન કરતો રહ્યો. પણ બધું ધૂળમાં.

- એક દિવસની ટપાલમાં એક રજી. પોસ્ટ એડીથી કવર (પાર્સલ) મળ્યું. 'નવરંગ સ્ટુડીયો' ના નામ-સરનામુંવાળું અને ફરીથી ઉમંગના દિલમાં વીતેલા દિવસોની વાત યાદ આવી ગઈ. આગ્રા ખાતે તાજમહેલના સાનિધ્યમાં ખેંચેલ ફોટાની કે જે ફોટો પ્રકૃતિના મિલનની લાસ્ટ-છેલ્લી અને આખરી નિશાની હતી તે 'વીથ યુ બેસ્ટ લક - ટુ ધ ન્યુ કપલ' ની શુભેચ્છાઓ સહિતનો પરદેશી યુગલ તરફથી મળેલ ફોટની ભેટ મળતાં તેના હૈયામાં ફરીથી વેદનાના તાર ઝળહળી ઉઠ્યા અને તે બેચેન બની ગયો.

- બધા ટુરિસ્ટ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ અને સ્કુલનો સ્ટાફ કે જ્યાં પ્રકૃતિ નોકરી કરતી હતી. ભણાવતી હતી તે બધા તમામ વારાફરતી ઉમંગની ખબર અંતર પૂછી ગયા. પ્રકૃતિ ક્યાં હશે ? તેનું શું થયું હશે ? તેની ચર્ચા છોડીને બળતામાં ઘી હોમવાની પ્રવૃતિ કરતાં હતાં - તેનાથી ખરેખર ઉમંગના હૈયામાં હોળી સળગતી હતી,


ખૂબ ખૂબ વેદના થયા કરતી હતી. તેનો અનુભવ તો ફક્ત ઉમંગ જ જાણે ! ઘાયલની ગત ઘાયલ જાણે ઓર ન જાણે કોઈ ! હરી મૈં તો પ્રેમ દિવાની મેરા દરદ ન જાણે કોઈ ! દૂર દૂર મીરાંબાઈ રચિત ભજન પોતાના મધુર કંઠમાં 'જ્યોતિકારોય' ગાઈ રહી હતી....

- ઉમંગનું ધંધામાં દિલ હતું જ નહિ. તે દુનિયામાં ફક્ત જીવવા ખાતર જીવી રહ્યો હતો. કેટલીક વખત સ્ટુડિયોના લેમ્પ તેમજ બીજા વીજળીના સાધનોની સ્વીચ ઓફ કરવાનું તે ભૂલી જતો હતો. તેથી જ એક મદદનીશની જરૂર પ્રમાણે મદદનીશ રાખી લેવા ઘણા બધો સલાહ આપી હતી.

- જેમેતમ કરીને દિવસ પસર કરીને 'નવરંગ સ્ટુડીયો' ને તાળું મારીને -રખડવા-ફરવા નીકળી પડેલો-ઉમંગ જ્યારે-ફરીફરીને થાકીને પ્રકૃતિની શોધમાં રખડતાં રખડતાં જ્યારે તે થાકતો ત્યારે હવેલીવળી પોળમાં પાછો જતો પ્રમોદરાય તેની રાહ જોતાં બેસી રહેતા. પ્રકૃતિની મમ્મી પણ રાહ જોતાં ત્યારે તે વખતે 'મારી શું કામ રાહ જોઈ ? શા માટે તમે તસ્દી લીધી ?' વિગેરે કહી પોતાની હરકતોથી બધા કેટલા બધા હેરાન થાય છે ? તેઓ ક્ષોભ અનુભવી - જમી પરવારીને ઉમંગ પોતાના ઘરે જઈ નિદ્રાંધિન થતો-

- આજે જ્યારે તે મોડામાં મોડો ઘેર પહોંચ્યો ત્યારે-દુકાળમાં અધિક માસ-એમ એવા સમાચાર મળ્યા કે - 'શોટ સરકીટના કારણે 'નવરંગ સ્ટુડિયો' માં આગ લાગી છે. - નવરંગ સ્ટુડિયો ભડકે-ભડકે બળી રહ્યો છે ! જમવાની વાત જમવાને ઠેકાણે રહી અને બધાય એટલે કે ઉમંગ, પ્રમોદરાય, હરજીવનદાસ બધાય બધાય તરફ દોડયા. મ્યુનિ. તરફથી બમ્બા આવી ગયા.... પરંતુ બધાય મોડા પડ્યા.

- 'નવરંગ સ્ટુડિયો' બળીને ખાખ થઈ ગયો ? બધુંય ક્ષણમાં ભળી ગયું ! આ ત્રીજો વજ્રાઘાત પહોંચ્યો ! ઉમંગના હૈયામાંથી હવે ઉમંગકે પ્રેરણા જાણે મરી પરવારી ! લગભગ ૫૦ થી ૬૦ હજારનું નુકશાન થઈ ગયું હતું અને તે સાવ પડી ભાગ્યો-બધીય રીતે.

- જે દિવસે તેનો 'નવરંગ સ્ટુડિયો' બળીને ખાખ થઈ ગયો. તે દિવસ પછી રાત્રે મોડી રાત સુધી તેને ઊંઘ ન આવી. રાતના ૧-૩૦ વાગ્યા ઉઠીને તેણે એક લાંબી ચિઠ્ઠી પ્રમોદરાયને લખી લીધી તેમાં બધી જ વિગત લખી નાખી અને પોતાના ઘરમાંથી જીવન-જરૂરી ચીજવસ્તુઓ લઈ, થોડો ચિત્રકામ-કેનવાસ પેપર-સ્ટેન્ડ વગરે સરસામાન એક કેમેરો અને પેલી પરદેશી યુગલ તરફથી ભેટ મળેલ તસ્વીરને ઝોળામાં ભરાવી-ચાવીઓ તથા ચિઠ્ઠી પ્રમોદરાયની હવેલીના ગોખલામાં સુરક્ષિત રીતે કે જે રૂમમાં ખાસ કરીને પ્રમોદરાય પોતે આવજાવ કરતા હતા તે રૂમમાં બહારના ગોખલામાં સુરક્ષિત રીતે મૂકી, છેલ્લો પત્ર જે પ્રમોદરાયને ઉદ્દેશીને લખેલ તે પણ મૂકી તે રાજપીપળા શહેરને કાયમ માટે અલવવિદિા કરી અંધકારમાં ઓગળી ગયો.

- અલવિદા રાજપીપળા શહેરને !

- રાજપીપળા શહેરને અલવિદા કરીને તે કોઈ અજાણ્યા શહેરમાં રહેવા માટેની તૈયારી કરીને જતો હતો -

- પ્રકૃતિને સલામ !

- પ્રકૃતિના પપ્પા-મમ્મી-દાદા-દાદી તથા બધાય સ્નેહીજનોને સલામ- રાજપીપળા શહેરને સલામ કરીને ઉમંગ જતો હતો - અલવિદા - અલવિદા !



# (૨૦)

"દુનિયામેં આયે હૈ જીના હી પડેગા;
જીવન હૈ અગર જહર તો જીના હી પડેગા !"

- દુનિયામાં દુનિયા ખાતર માણસોને દેખાડો કરવા ખાતર જીવવું એ પણ જિંદગીનું એક આગવું અનોખું રૂપ છે; કળા છે; માધુર્ય છે. માણસના અંતરમાં ભલે અપરંપાર વેદના ભરી હોય. અંતરમાં આતંકવાદ ભલે ઉગ્ર ઝનુનથી બળવો કરવા થનગની રહ્યો હોય તેમ છતાં તે ભારેલા અગ્નિને મહાપરાણે અથવા યેન કેન પ્રકારે કાબૂ હેઠળ લઈ, પોતાનું જીવન મસ્તીમાં જીવ્યા કરવાનું એ એક અજબ પ્રકારની સિદ્ધિ છે; કામયાબી છે.

- એ કામયાબીની એટલી જ કરૂણતા છે કે એવી કામયાબીને હાંસલ કરનારો, સિદ્ધિઓની વિજયપુષ્પમાળા પહેરી પોતે સુખી છે તેવો ઢોંગ કરીને જીવનાર તેવો મનુષ્ય ખરેખર આંતરિક રીતે સુખી નથી હોતો.

- એક બાજુ પ્રકૃતિ પોતાની જાતને પૂછી રહી હશે કે શું પોતે સુખી છે ! પોતાને તમામ રીતે સંતોષ છે ? કે પછી બસ ખાલી ખાલી જીવતી લાશની જેમ હલનચલન કરીને પોતે જીવી રહી છે ! એક વ્યર્થ જીવન પ્રાણ વિનાની પ્રકૃતિ કેવી નીરસ રેતીના અફાટ

રણ જેવી લાગે છે ગ્રીષ્મ ઋતુમાં બળુ બળુ થઈ રહેલો ખડક પ્રદેશ, ગિરિમાળા, પર્વતોની શૃંખલાઓ અને રેતીન અફાટ રણપ્રદેશો વિગેરે દુનિયાની વેરવિખેર થઈ ગયેલ પ્રકૃતિને જાણે ખોળામાં ભરી લેવા માગતી હતી પોતાની મુઠ્ઠીમાં સઘળી દુનિયાને સમાવી લેવાની ઈચ્છા કરવી એ ખરેખર પાગલપન હતું.

- પ્રકૃતિને કોણ કેવી રીતે સલાહ આપે કે પ્રકૃતિ તું કાંઈ કરી રહી છે, તે બધી તમામ કાર્યવાહી યોગ્ય નથી. તાર મનમાં જુ કાંઈ વિચારો ઉભરી રહ્યા છે અને તે વિચારોને અમલમાં મૂકવા માટે તારા મનમાં જે રીતની તૈયારીઓ થઈ રહી છે. તે તમામ હકીકતો યોગ્ય નથી; બરાબર નથી. તારે તેના માટે પાછળથી ખૂબ-ખૂબ પસ્તાવું પડશે. દુનિયાને છોડીને, દુનિયાનો સાથ, સંગાથ, સહકાર તથા દુનિયાના તમામ રીતરિવાજોને આખરી સલામ કરી દઈ, જે માનવી બીજી દુનિયામાં દાખલ થવાં ફાંફાં મારે છે તે ખરેખર વલખાં મારવાના છે. એકજાતની ખોટી ઘેલછા છે; મૃગતૃષ્ણા છે. એક દુનિયાને જે માણસ ન્યાય આપી શકતો નથી તે માણસ બીજી અજાણી અણદેખી, નિરાકાર દુનિયાને કેવી રીતે ન્યાય આપી શકે ? ખરેખર એ દુનિયા છે કે કેમ ? એ દુનિયામાં સુખ, શાંતિ, સંતોષ, આનંદ મળી શકવાની કોઈ ગેરંટી કે 'બાંયધરી' કોઈ આપી શકે તેમ છે ખરું ?

- પ્રકૃતિ તું તારી જાતને અન્યાય કરી રહી છે. શું તને આ દુનિયાના તમામ ભૌતિક સુખો, ભોગવિલાસ ભોગવવાનો અધિકાર નથી. પ્રભુએ તને માનવદેહનું દાન-વરદાન કર્યું છે. પછી શા માટે તારે તારી જાતને અન્યાય કરી રહી છે ? તારી સાથે તું ઉમંગને પણ



અન્યાય કરીને પતનની એક ઉંડી ખાઈમાં ધકેલી રહી છે. આ દુનિયામાં જન્મેલ માનવી ફક્ત પોતાની જાતનો જ વિચાર કરીને જીવ્યા કરે તે શક્ય નથી - યોગ્ય નથી કે બરાબર નથી.

- સાંજે બરાબર છ વાગ્યે 'આણંદથી-ભૂજ' તરફ જવા ઉપડેલ બસ વહેલી સવારે પાંચેક વાગ્યાના સુમારે ક્યારે કઈ ઘડીએ ભૂજના બસસ્ટેન્ડ મધ્યે જઈને થોભી તેની ઉપરોક્ત વિચારોમાં ગળાડૂબ થઈ ગયેલ પ્રકૃતિને ગતાગમ પડી નહિ.

- માયા ઝવેરી !

- ભૂજમાં એક પ્રતિષ્ઠિત વેપારીની સાથે ધામધૂમથી લગ્ન કરી કાયમ માટે સ્થાયી થઈ જનારી - પ્રકૃતિની એક માત્ર જીગરજાન દોસ્ત - સહેલી હતી. માયા ઝવેરીને મળવા તે જતી હતી. તેને માથે લગભગ દસ વર્ષ કરતાં પણ વધારે સમયનં વા'ણા વહી ગયાં હતાં. ઉમંગને છોડીને તે માયાને જતી હતી. તેને યાદ આવ્યું :

'એઈ ઉમંગ ! ચાલ મારી સાથે તને રેવડી આપું !'

'ના રે ના. તું તારે એકલી એકલી ખાજે ! હોં મારે કાંઈ નથી ખાવી હોં !' ઉમંગ ઉવાચ.

'સીધી રીતે ચાલને ! ઉમંગીયા ! નહિ તો પછી તારું બોચું ઝાલી લઈ જઈશ હોં !' કહેતી તે દાદાગીરી ઠોકતી હતી.

'એક વખત કહ્યું કે મરે તારી જોડે નથી આવવું - અને તારી રેવડી નથી ખાવી પછી ખોટી મગજમારી કેમ કરે છે ?' ચાલ, ભાગ અહીંથી !' ઉમંગ ચિઢાયો.

'જોયો મોટો મગજમારીવાળો ! ગધેડો, પાડો !'

'ઉમંગડી જા ! તારી જોડે નહિ બોલું -આ-આ-લે-ખા તને રેવડી આપું !' કહી ધીક્કો તેણે ઉમંગને (ટિક્કો) અંગૂઠો બતાવ્યો અને માયાનો હાથ પકડ્યો ! 'ચલ, મંયા ! આપણે રેવડી ખાઈએ ! ઉમંગડીને ટીક્કો ! લે-ખા-રેવડી !' કહેતા ઉમંગને ચીઢવતાં-પ્રકૃતિને માયાનો હાથ ઝાલી તેની સાથે ચાલવા માંડ્યું.

- ત્યાર પછી માયા ઝવેરી બીજા ચાર - પાંચ વર્ષ સાથે રહીને ભણી ખરી, પણ પછી અધુરો અભ્યાસ છોડીને ઘર સમાજ ઘરકામ અને અન્ય કામમાં પરોવાઈ ગઈ. ઉંમર થતાં માયા ઝવેરી નિખિલ સાથે લગ્ન કરીને ભૂજમાં સ્થાયી બની ગઈ. લગ્ન વખતે જાનની વિદાય ટાણે માયા ઝવેરી પ્રકૃતિના ખભે માથું મૂકીને રડી હતી - જાણે એક નાની બહેન મોટી બહેનથી અલગ પડી રહી ન હોય ! બન્ને જાણાં ખૂબ ખૂબ રોયાં હતાં એ વખતે ત્યારે ભૂજનું નામ સરનામું એડ્રેસ પ્રકૃતિના હાથમાં મૂકીને પોતાના ઘરે આવવાનું માયાએ એની પાસેથી વચન લીધું હતું.

- અને પ્રકૃતિએ અગત્સ્ય મુનિના વાયદાની જેમ વચન પણ આપી દીધું હતું, પણ એ વચનનું આજદિ'ન સુધી પાલન થયું ન હતું તે દિ'ની ઘડી અને આજ દશ થી પંદર વર્ષના વણાં વહી ગયા પછી ફરીથી પ્રકૃતિને આજે માયા યદ અવી હતી. એક માયાને છોડીને બીજી માયાનો હાથ ઝાલવા તૈયાર થઈ હતી.

- માયાના ઘેર પહેલી વખત જાઉં છું અને ખબર નથી કે માયાના ઘરે કેટલા ભાણિયા હોય ? કાંઈક તો થઈ જવું જોઈએ ? કાંઈક તો થઈ જવું જોઈએ ! વિચારી બસમાંથી પોતાન સરસામાન સાથે પ્રકૃતિ નીચે ઉતરીને છોકરાં માટે સફરજન, ચીકુ, ફ્રુટસ તથા



બિસ્કીટના પાંચ પેકેટ લઈને પોતાની બાસ્કેટમાં ભરી દીધા અને તે બસસ્ટેન્ડના દરવાજે પહોંચી.

- દરવાજે રીક્ષાવાળો ઘરાકની શોધમાં તૈયાર જ ઊભો હતો.

- પ્રકૃતિએ રીક્ષાવાળાને નામ સરનામું કહ્યું એટલે રીક્ષાવાળાએ કીક મારી રીક્ષા ચાલુ કરી પોતાના સરસામાને સાથે રીક્ષામાં ગોઠવાઈ અને ધરરર કરી રીક્ષા પોતાની મંઝીલ તરફ દોડી.

- એક માયાને છોડીને પ્રકૃતિ બીજી માયને મળવા જતી હતી. માયાની ગોદમાં નાનાકડા બાળકની જેમ રમવા જતી હતી તેની સલાહ-શીખામણ લેવા જતી હતી. તે શું કહેશે ? તે શો રસ્તો બતાવશે ? તેણે સૂચવેલ રસ્તો મંગળ હશે ? કલ્યાણકારી હશે ? કે પછી પોતે પોતાના મનની ધારેલી વાતો અમલ કરશે ? તેની એક જાતની ઉલઝનમાં વિચારમગ્ન ખોવાયેલી તે દ્વિધામાં પડી હતી - કે - પછી -

"દુનિયામેં આયે હૈ જીના હી પડેગા;
જીવન હૈ અગર જહર તો જીના હી પડેગા !"

- એ પોતાના વિચારોમાં ખોવાઈ ગઈ હતી; ગળાડૂબ બની ગઈ હતી; તલ્લીન હતી તે વખતે.

- 'બહેનજી ઘર આ ગયા !' રીક્ષાવાળાએ કહ્યું એટલે ભાડું ચૂકવી દીધું. પછી સરસામાન ઉતારી લઈ સામે દેખાતી 'નવજીવન' બંગલાના લોખંડી દરવાજા તરફ અગળ વધી. દરવાજા પર સમે ચેતવણી આપતી સુચના લખવામાં હતી કે :

'કુતરાથી સાવધ રહો !'

# (૨૧)

- 'જીના યહાં; મરના યહાં. ઉસકે સિવા જાના કહાં ? જી ચાહે જબ હમકો આવાજ દો ! હમ યે વહીં હમ હે - જહાં જીના યહાં મરના યહાં ઉસકે સિવા જાના કહાં ?'

એ શહેરને - એ શહેરની તમામ યાદગીરીને આખરી સલામ - અલવિદા કરીને એ વાતને આજે લગભગ બે વર્ષ વીતી ગયા હતા.

- સુખી ઘરનું પંખી-સરોવરની કિનારે રહેનારું કલરવ કરતું રહેતું પંખી, મૃગતૃષ્ણાના કારણે ઝાંઝવાના જળની (મૃગજળ) પાછળ દોડતા હરણની જેમ રેતીના અફાટ રણમાં આવીને ફસડાઈ પડ્યું હોય તેવા હાલહવાલ-હાલત અને સંજોગો જે ગણો તે ઉમંગ માટે સર્જાયા હતા જેનાથી તે લગભગ થાકી ગયો હતો; હિંમત હારી ગયો હતો; પોતાની જીંદગી પ્રત્યે લગભગ બેદરકાર બની ગયો હતો....

- જ્યારે જ્યારે તે કંટાળી જતો, પોતાની જીંદગીમાં સર્જાયેલ સંજોગોમાં સામે લડતાં લડતાં હિંમત હારી જતો ત્યારે તેને પ્રકૃતિ યાદ આવી જતી. તેની હૂંફાળી ગોદમાં નિરાંતનો દમ લેવા તે શહેર બહાર આવેલી ત્રિવેણી નદીના સંગમવાળી જગા પર ફરવા મુક્તપણે શ્વાસ લેવા-દુભાયેલા દિલનો બોજો હળવો કરવા જતો રહેતો અને



નદી કિનરે રેતીની પથારી પર લંબાવી જઈ સાંજના ટાણે આકાશમાં પથરાયેલી નવરંગી સંધ્યાના નવરંગમાં પોતાની જાતને ઓગળી દેવા-ઓતપ્રોત કરી દેવા ખોટી ખોટી મથામણ કરતો રહેતો.

- આકાશમાં ચમકતા તારા ચંદ્રની ચાંદનીથી દૂધિયું બનેલું વાતાવરણ મંદ મંદ સ્મિત કરો વહેતો સમીર અને નદીના પાણી પર જઈને આવતી લહેરાતી ઠંડી ઠંડી લહેરો વગેરે તેને ખૂબ જ પ્રિય હતાં.... પણ પછી દુનિયાનો છેડો ઘર એક ૧૦' X ૧૦' ઓરડી યાદ આવતી. કદાચ ઉમા રાહ જોતી હશે; તેણે ટીફીને બનાવીને રાખ્યું હશે અને એના કારણે ઉમાના ઘરના-ફળિયાના બધા તેની ને મારી તરફની વહેમની દૃષ્ટિએ જોતા થઈ જાય એવો ખ્યાલ આવતાં મહાપરાણે ઉમંગ કપડાં પર ચોંટેલા રેતીના કણોને ખંખેરી નાંખી ભૂલી ગયેલી ભૂતાવળને ભૂલવા મથામણ કરી ઘર તરફ જતો. આ તો આપણા ઉમંગબાબુનો નિત્યક્રમ હતો.

- ઘરે પહોંચતો ત્યારે - જેવો તે પોતાના રૂમનું બારણું ખોલે અને તેની ખખળતી સાંકળની અવાજ પછીની પાંચ મિનિટમાં જ ઉમાન ઘરેથી કોઈને કોઈ સભ્ય ટીફીન લઈને હાજર થઈ જતું. ઘણી વખત ઉમાના બાપા હોય કે ઉમાની મા હોય, પછી નાનકડો ભાઈ કે પછી કોઈ ન હોય તો પછી ઉમા જાતે હોય ! વહેલા-મોડા આવવાની હેબીટથી ટેવાઈ ગયેલા ઉમા અને ઉમાના ઘરના બધા કુટુંબીઓ નિયમીત રીતે કોઈપણ જાતની દાદ-ફરિયાદ વગર કર્યા કરતાં જેના માટે ઉમંગ બધાનો ઘણો ઘણો આભારી હતો..

- ઘણી વખત દોહ્યલું વિટમ્બણાઓ તથા અન્ય યાતનાઓથી ભરપૂર બની ગયેલું જીવન વ્યક્તિ માટે - કુટુંબ માટે-સમાજ માટે-

ત્રાસદાયક બની જતું હોય છે. કોઈ વખત કોઈ પણ જાતનો આધાર ન રહેતા નિરાધર બની ગયેલો માનવ ખરેખર પોતે શું કરી રહ્યો છે ? શું કરવાનો છે ? શું કરી શકશે ? તે બાબતનો વિચાર સુદ્ધાં પણ કરી શકતો નથી. નિશાન વગરનું તીર અને સઢ તથા સુકાની વગરની હોડી જેમ ભરદરિયે તોફાનો વચ્ચે સપડાઈ જતાં બે લગામ બની. અનિશ્ચંતાથી મોજાંઓ વચ્ચે ઝોલાં ખાતી હોય છે તેવાજ પ્રકારની ઉમંગની જિંદગીની દશા હતી ! સગાંવહાલાં માતાપિતા ભાઈબહેન કે કોઈ પ્રિયપાત્ર નથી તેવો ઉમંગ બસ કોઈ જાતના ઉમંગ ઉલ્લાસ સ્ફૂર્તિ વગેરે નહીં રહેતા નરમ-ઘેંસ, ઢીલો પોદરા જેવો બેસહાય બની ગયો હતો !

- છેક મોડા મોડા દશ વાગે સોનેરી તડકો તેની પથારી પર બારી મારફતે પથરાયો અને જ્યારે કોઈ બહારથી તેના રૂમનો દરવાનો જોરજોરથી ખખડાવી રહ્યું હતું તે સાંભળીને તેણે આંખો ખોલી.

- 'મારે ઘેર વળી કોણ ? મારા ઘરનો દરવાનો કોણ ખખડાવી રહ્યું છે ?' આંખો ચોળતાં ચોળતાં તે બબડ્યો.

- દરવાજા (બારણાં) પાસે જઈને સ્ટોપર ખોલીને તેણે બારણું ખોલી જોયાં તો - હાથમાં પેપર (દૈનિકપત્રો) નો વીટો વાળીને પાર્વતી (ઉમા) ઉભી હતી. તેના મુખપ્રદેશ પર પાર વગરની ખુશાલી છવાઈ હતી ! તે અજે ખૂબ ખૂબ પુરાની હતી. તે કોઈ ખીલેલા ગુલાબી ગુલાબના ફૂલ જેવી લાગતી હતી.

'ઉમંગભાઈ, ચાલો પેંડા ખવડાયો !' ઉમાએ કહ્યું.

'પેંડા શાના પેંડા ! મારે ઘેર કંઈ નવાજુની થઈ નથી.' ઉમંગ આ ઓચિંતી લપથી લગભગ અવાચક અને વિચારશૂન્ય બની ગયો



હતો.

'તમને ક્યાંથી ખબર પડે ? ઉંઘણશીને કયાંથી ખબર હોય કશી પણ વાતની ?' પેંડા મારે જોઈએ ! આના....' કહી ઉમાએ ઉમંગના હાથમાં પેપર પધરાવી દીધું વહેલી વહેલી આવતું જતું કોઈ જોઈ નથી રહ્યું ને ? તેની પાકી ખાત્રી કરીને જ્યાંથી જે રીતે આવી હતી તે અચાનક-અદ્રશય થઈ ગઈ; ભાગી ગઈ તે

- કોઈ નચિંત બનીને. મસ્તીથી ફકીરની અદાથી જીવન જીવે છે; જ્યારે કોઈને પોતાની-પોતાના સગાંવહાલાં વડીલબંધુ અને આખી દુનિયાની ચિંતા હોય છે ! કાજી દુબલે ક્યું ? સારે ગાંવકી ફિકર ! આવી વિચિત્ર એવી દુનિયમાં પ્રકૃતિ, ઉમંગ, પ્રમોદરાય, પાર્વતી (ઉમા) અલગ અલગ પોતપોતાની રીતે જીવી રહ્યા હતા.

અ વારાફરતી જેટલાં સગાંવહાલા ઓળખીતા પારખીતા ભાઈબંધુ મિત્રો, સ્નેહીજનો ઉમંગને જ્યાં જ્યાં ભેગા થતા ત્યારે તેને 'વર્લ્ડ ફેકલ્ટી ઓફ ફાઈન આર્ટસ કલ્ચર એકટીવીટીઝ'- ઓર્ગેનાઈઝેશન તરફથી તેણે મોકલેલા આર્ટીકલની કદર થતાં રૂા. પાંચ લાખ - ૫૦૦૦૦૦ નું રોકડ ઈનામ પ્રમાણપત્ર તથા હેડઓફિસ પેરીસ ખાતેની વીમાની ભાડા સાથે મફત મુલાકાત કંપનીના ખર્ચ આપવાના ભાડા સાથે -

- જ્યારે નસીબ આડેનું પાંદડું આઘું ખસી જાય છે ત્યારે તેની વાત જ કાંઈ ઓર બની જતી હોય છે. એક ઓર્ડિનરી આર્ટિસ્ટ જાણે-અજાણે-આંતરરાષ્ટ્રીય-ખ્યાતનામ વ્યક્તિ બની ચૂકયો હતો ! તે રવિન્દ્રનાથ ટાગોર અને બીજાં જાણીતા કલાકારોની

હરોળમાં આવી ઊભો હતો ! નસીબની વાત છે. ભાઈ ન્યારી ! ખુદા દેતા હો તો છપ્પર ફાડકે દેતા હૈ.

એક ઓર્ડિનરી આર્ટિસ્ટ મામુલી કલાકાર - ફોટોગ્રાફર પેઈન્ટર જેની દુનિયા લગભગ લૂંટાઈ ગઈ છે; બરબાદ થઈ ચૂકી છે; તેનો 'નવરંગ સ્ટુડીયો' રંગવિહીન બનીને લગભગ મૃતપ્રાય બની ચૂક્યો તેવો એક મામુલી કલાકાર- દુઃખી જીવ કે જે મહાપરાણે જીવી રહ્યો હતો તેના પર નસીબ મહેરબાન થઈ ગયું આફરીન બની ગયું ! નસીબ આડેનું પાંદડુ અડધુ ખસી ગયું અને તે ન્યાલ બની ગયો ! અબાદ બની ગયો ! સફળતાના વિચારોની ટોચ પર પહોંચી ગયો.



# (૨૨)

ભૂજ શહેરમાં પોતાની સહેલી, પ્રિય સહેલીના ઘરે મહેમાનગતિ માણી રહેલ પ્રકૃતિએ જ્યારે બી.બી.સી. રેડિયો લંડનથી સવારના ૬-૨૦ વાગે પ્રસારિત થઈ રહેલા વિચારોમાં સાંભળ્યું કે -

'એક વીમાની (એર-ઈન્ડીયા) અકસ્માતમાં ૧૨૦ મુસાફરોના અકુદરતી રીતે મૃત્યુ થયા છે અને તેમાં ભારતના જાણીતા બનેલા આર્ટીસ્ટ ફોટોગ્રાફર, વર્લ્ડ હીરો-પોતાનું બહુમાન (પેરીસમાં) કરવાના પ્રસંગે જતા હતા જે ઉમંગ જોષી પણ ભગવાનના દરબારમાં પહોંચી ગયા છે - દુનિયાનો એક ચમકતો મિનારો અચાનક ખરી પડ્યો છે !'

- ત્યારે તે લગભગ બેભાન બની ગઈ ! માયા તો ખૂખ ખૂબ ગભરાઈ ગઈ. અચાનક આમ પ્રકૃતિને શું થયું ? ઓચિંતી તબિયત શાથી બગડી ગઈ ? તેની ખબર ના પડી - એ બિચારી રઘવાઈ બની. તેણે પોતાના ઘરવાળાને પોતાના કુટુંબીને બધાને વાત કરીને ડૉકટરને બોલાવ્યા.

- ડૉકટરે આવીને પ્રકૃતિને તપાસીને જાહેર કહી દીધું કે - પ્રકૃતિમાં હવે કંઈ રહ્યું નથી. 'શી ઈઝ નો મોર.'

- હવે આ દુનિયામાં પ્રકૃતિ કે ઉમંગ કોઈ રહ્યાં નથી. બંનેનું અસ્તિત્વ મટી ગયું છે ‘મિટ્ટીસે આયે હૈં, મિટ્ટીમેં મિલ જાયેંગે !’ ના નિયમ મુજબ બંનેના પાર્થિવ દેહ માટી, પવન, પાણી, તેજ અને તત્વમાં એમ પંચમહાભૂતમાં ભળી ગયાં છે ! તેમની દુનિયાનો નાશ થઈ ચૂક્યો છે; દુનિયા ઉજડી ગઈ છે !

- પ્રકૃતિના પપ્પા મમ્મી, પ્રમોદરાય અને તેની મમ્મી - દાદા દાદી તથા તેના સગાં સંબંધીઓ વગેરે તેને યાદ કરી કરીને રડી રહ્યા છે. ઉહાપોહ મચાવી રહ્યા છે ! જ્યારે ઉમંગને સાંભળીને યાદ કરનાર તે પારુ પાર્વતી પોતાના દિલમાં યાદ કરી કરીને ઉમંગને સંભાળી સંભાળીને આંસુ સરી રહી છે. તેના દિલમાં પણ ભરેલો અગ્નિ ભભૂકી રહ્યો છે.

- ઉમંગ આ દુનિયામાં નથી.... પણ ઉહાપોહ પાર્વતીના દિલમાં સમંદરના મોજાં - બનીને ગરજી રહ્યો છે. મેઘગર્જના કરી રહ્યો છે.

❖ ❖ ❖ ❖ ❖